सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૩ | ૧૦ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ: | ૦૩ | ૧૦ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ: | ૨૧ | ૧૨ | ૨૦૨૪ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૨ | ૧૮ |

## નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ

**:: નમુના – અ ::**

| ખેડા જિલ્લાના મહેરબાન અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રી, મુ.કપડવંજ. | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧/૧૨/૨૦૨૪ |
| એન.ડી.પી.એસ. કેસ નં. | ૦૩/૨૦૨૨ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | એન. ડી. પી. એસ. એકટની કલમ–૮(સી), ૧૫(સી), ૨૯ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | એન.સી.બી./એ.ઝેડ.યુ./સીઆર–૦૮/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | એન.સી.બી. ઝોનલ યુનીટ અમદાવાદ |
| ફરીયાદી | સરકારશ્રી/અતુલ શ્રીઅભેસિંહ યાદવ |
| ફરીયાદી તરફે | વિ.સ્પે.પી.પી.શ્રી એમ. આર. પટેલ |
| આરોપીઓ | ૧) દીપક શાંતિલાલ મોદી, ઉ.વ.આ. ૨૮, રહે. ૪૭૫–બી–૧, બ્રહમચારીનુ ડહેલું, અસારવા, મુ.પો.તા. જિ. અમદાવાદ, ગુજરાત.<br>૨) શદામાસ ઝાકીરહુસેન ઈસ્માઈલભાઈ,ઉ.વ.આ. ૫૦, રહે. ૨૨, હાજીસત્તારસની ચાલી, અસારવા, મુ.પો.તા. જિ. અમદાવાદ. ગુજરાત. |

| | |
|---|---|
| આરોપીઓ તરફે | આરોપી નં. (૧) તરફે વિ.વ.શ્રી એમ. એચ. શેખ<br>આરોપી નં. (૨) તરફે વિ.વ.શ્રી એચ. એમ. જોષી |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૦૮/૦૪/૨૦૨૨ |
| ફરીયાદ/ચાર્જશીટની તારીખ : | ૦૮/૦૪/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૦૨/૦૧/૨૦૨૩ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૨૫/૦૧/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | – |
| જજમેન્ટની તારીખ : | ૨૧/૧૨/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો : | ૨૧/૧૨/૨૦૨૪ |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી/ નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમયગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દીપક શાંતિલાલ મોદી | ૦૯/૦૪/૨૦૨૨ | - | એન. ડી. પી. એસ. એકટની કલમ– ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૨ વર્ષ, ૦૮ માસ, ૧૨ દીવસ |
| ૨ | શદામાસ ઝાકીરહુસેન ઈસ્માઈલભાઈ | ૦૯/૦૪/૨૦૨૨ | - | | | | ૦૨ વર્ષ, ૦૮ માસ, ૧૨ દીવસ |

## :: નમુનો ક ::

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયલયના સાક્ષીઓની યાદી

## અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧) | દિગ્વીજય ભદ્રસિંહ પરમારની જુબાની | પંચસાહેદ |
| ૨) | ઈન્ટેલીજન્સ ઓફીસર રાજકુમારસિંહ સુખવીરસિંહ સિંગની જુબાની | રેઈડ કરનાર ઓફીસર |
| ૩) | સબઈન્સ્પેકટર અતુલ શ્રીઅભેસિંહ યાદવની જુબાની | ફરીયાદી/તપાસ કરનાર અમલદાર |

| | | |
|---|---|---|
| ૪) | એન.સી.બી. શૈલેન્દ્રકુમાર વિજયકુમાર મિશ્રાની જુબાની | ઝોનલ ડાયરેકટર |
| ૫) | વિનોદકુમાર બલવીરસિંહ જયંતની જુબાની | કેમીકલ એકઝામીનર |

**બ) બચાવના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ક) કોર્ટના સાક્ષી :**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :**

**અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | સીઝર મેમો |
| ૨ | ૨૩ | જપ્તી પંચનામું |
| ૩ | ૨૪ | વાહન નં. જી.જે.૧૩.એટી.૦૦૨૯નુ આર.સી.કાર્ડ |
| ૪ | ૨૫ | વાહન નં. જી.જે.૧૩.એટી.૦૦૨૯નુ પી.યુ.સી.કાર્ડ |
| ૫ | ૨૬ | વાહન નં. જી.જે.૧૩.એટી.૦૦૨૯ની વીમા પોલીસી |
| ૬ | ૨૭ | વાહન નં. જી.જે.૧૩.એટી.૦૦૨૯ની મોટરયાન ટેક્ષ રીસીપ્ટ નં. ૩૫ |
| ૭ | ૩૨ | એન.ડી.પી.એસ.એકટ હેઠળ કાર્યવાહી કરવા લેખીતમા આદેશ |
| ૮ | ૩૩ | સીઝ કરેલ મુદ્દામાલ ગોડાઉનમા રાખેલ તે ગોડાઉનની રસીદ |
| ૯ | ૩૪ | એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૭ મુજબનો રીપોર્ટ |
| ૧૦ | ૩૫ | એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૨(એ) મુજબની કાર્યવાહી કરવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કઠલાલને આપેલ રીપોર્ટ |
| ૧૧ | ૩૬ | એન.ડી.પી.એસ.એકટની કલમ– ૫૨(એ) મુજબની પ્રોસીડીગ્સના દસ્તાવેજો |
| ૧૨ | ૩૭ | એન.ડી.પી.એસ.એકટની કલમ– ૫૨(એ) મુજબની પ્રોસીડીગ્સ વખતે લીધેલા ફોટોગ્રાફ કુલ ૮ પાન |
| ૧૩ | ૩૮ | સીઝ કરેલ મુદ્દામાલને ડીસ્પોઝ કરવા માટેનો લેખીત હુકમ |
| ૧૪ | ૩૯ | કેમીકલ એક્ષામીશ્નરને લખેલ પત્ર |
| ૧૫ | ૪૫ | ગુનાની તપાસ કરવા માટે ઝોનલ ડાયરેકટરે કરેલ હુકમ |

| | | |
|---|---|---|
| ૧૬ થી ૧૮ | ૪૬ થી ૪૮ | એન.ડી.પી.એસ.એકટની કલમ– ૬૭ મુજબ સ્વૈચ્છીક નીવેદન આપવા માટેની નોટીસ |
| ૧૯ | ૪૯ | દીપક મોદીનુ નિવેદન |
| ૨૦ | ૫૦ | દીપક મોદીનો એરેસ્ટ મેમો તથા એરેસ્ટ વખતે લીધેલ ચીજવસ્તુઓની નોંધની યાદી |
| ૨૧ | ૫૧ | સદામસ જાકીરહુસેનનુ નિવેદન |
| ૨૨ | ૫૨ | સદામસ જાકીરહુસેનનો એરેસ્ટ મેમો તથા એરેસ્ટ વખતે લીધેલ ચીજવસ્તુઓની નોંધની યાદી |
| ૨૩ | ૫૩ | મોહંમદ સુફીયાનનુ નિવેદન |
| ૨૪ | ૫૪ | એન.ડી.પી.એસ.એકટની કલમ– ૫૭ મુજબનો રીપોર્ટ |
| ૨૫ | ૫૫ | દીપક મોદી તથા સદામસ જાકીરહુસેનના મેડીકલ રીપોર્ટ તથા પેપર્સ |
| ૨૬ | ૫૬ | આરોપીઓના રીમાન્ડ મેળવવા માટેની અરજી |
| ૨૭ | ૫૭ | નામદાર કઠલાલ કોર્ટ તરફથી આપેલ રીમાન્ડ વોરંટ |
| ૨૮ | ૫૮ | દીપક મોદીના રીમાન્ડ દરમ્યાન મેળવેલ નિવેદનો તથા વ્હોટસઅપ ચેટ અને ફોટા |
| ૨૯ | ૫૯ | સદામસ જાકીરહુસેનનુ નિવેદન |
| ૩૦ | ૬૦ | બંને આરોપીઓને હોસ્પી.માં મેડીકલ કરાવ્યા બાદ કઠલાલ કોર્ટમા રીમાન્ડ પુર્ણ થતા રજુ કરેલાની યાદી |
| ૩૧ | ૬૧ | કઠલાલ કોર્ટ તરફથી કેદમા પાછા મોકલ્યા અંગેનુ વોરંટ |
| ૩૨ | ૬૨ | બંને આરોપીઓના ગુનાહીત ઈતિહાસ સંબંધી આરોપીઓના રહેઠાાણ વિસ્તારના પો.સ્ટે.નુ ઈન્ટીમેશન |
| ૩૩ | ૬૩ | વાહન માલીક રફીકભાઈ વ્હોરાને આપેલ નોટીસ |
| ૩૪ | ૬૪ | વાહન માલીક રફીકભાઈ વ્હોરાનુ નિવેદન |
| ૩૫ | ૬૫ | અશોક ટ્રાવેલ્સના માલીક કમ મેનેજરને આપેલ નોટીસ |
| ૩૬ | ૬૬ | ગોપાલ ગુર્જરને આપેલ નોટીસ |
| ૩૭ | ૬૭ | પુનારામ બિશ્નોઈને આપેલ નોટીસ |
| ૩૮ | ૭૦ | વોડાફોન કંપનીને લખેલ પત્ર |
| ૩૯ | ૭૧ | વોડાફોન કંપનીનો પત્ર તથા તેની સાથે રજુ ૬૫(બી)નુ સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૪૦ | ૭૨ | દીપક મોદીનો મો.નં. ૯૦૯૯૯૫૫૯૧૦ના કાગળો |
| ૪૧ | ૭૩ | દીપક મોદીનુ કે.વાય.સી. એપ્લી. ફોર્મ તથા મો.નં. ૭૮૦૨૦૧ ૪૬૯૭ની ડીટેલ્સ |
| ૪૨ | ૭૪ | જીયો કંપનીના નોડલ ઓફીસરને લખેલ પત્ર |
| ૪૩ | ૭૫ | પુરાવા અધિનિયમની કલમ– ૬૫બી(૪)(સી)નુ પ્રમાણપત્ર તથા તેની સાથે રજુ આરોપી જાકીરહુસેનના દીકરા ઘાંચી મહંમદઅનસ જાકીરહુસેનનુ જીયો કંપનીનુ એપલીકેશન ફોર્મ |
| ૪૪ | ૭૬ | વોઈસ, વિડીયો તથા મેસેજ સીડીઆર રીપોર્ટ |
| ૪૫ | ૭૭ | મુદ્દામાલની એટેસ્ટેડ નકલ |
| ૪૬ | ૭૮ | સી.આર.સી.એલ. (વડોદરા)એ તપાસના કામે મોકલેલ મુદ્દામાલનો રીપોર્ટ |
| ૪૭ | ૭૯ | અસલ ફરીયાદ |

**બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ક) ન્યાયલય દ્વારા આપવામા આવેલ આંક:**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

**ફરીયાદી તરફે મુદામાલ વિગત :**

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | એસએ–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |
| ૨ | એસબી–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |
| ૩ | એસસી–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |
| ૪ | એસડી–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |
| ૫ | એસઈ–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |
| ૬ | એસએફ–૧ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતો સીઈસીએલ વડોદરા પાસેથી સીલ બંધ મેળવેલ નમુનો |

| | | |
|---|---|---|
| ૭ | એસએ–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૮ | એસબી–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૯ | એસસી–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૧૦ | એસડી–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૧૧ | એસઈ–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૧૨ | એસએફ–૨ | પોપીસ્ટ્રોના અવશેષો ધરાવતુ સીલબંધ નમુનાનુ પેકેટ |
| ૧૩ | ડી–૧ | એન.ડી.પી.એસ. એકટની કલમ– ૬૭ હેઠળ દીપક મોદીના નામે આપેલ નોટીસ |
| ૧૪ | ડી–૨ | દીપક મોદીના નામનુ એક આધારકાર્ડ નં. ૯૨૮૯૯૮૨૯૫૮૮૦ |
| ૧૫ | ડી–૩ | દીપક મોદીના નામનુ પાનકાર્ડ નં. ડીજેઆઈપીએમ ૫૩૩૧જે |
| ૧૬ | ડી–૪ | દીપક મોદીના નામનુ ગુજરાત શહેરી આજીવીકા મીશન કાર્ડ નં. ૦૧૬૫૭૮૭ |
| ૧૭ | ડી–૫ | યુનીયન બેંકનો ડેબીટ કાર્ડ નં. ૬૫૨૧૬૩૩૧૨૯૦૦૯૦૫૧ |
| ૧૮ | ડી–૬ | દીપક મોદીના નામનુ ડ્રાઈવીંગ લાયસન્સ નં. જીજે૦૧૨૦૧ ૭૦૦૩૦૪૭૯ |
| ૧૯ | ડી–૭ | દીપક મોદીના નામનુ ચુંટણીકાર્ડ નં. એક્ષજીરોએન૨૦૦૧૦૬૩ |
| ૨૦ | ડી–૮ | દીપક મોદીના નામનુ એસ.બી.આઈ. ડેબીટ કાર્ડ નં. ૬૫૨૨૯ ૪૦૨૫૮૫૭૭૩૪૮ |
| ૨૧ | ડી–૯ | એન.ડી.પી.એસ.એકટ એકટની કલમ– ૬૭ હેઠળ શદામસ ઝાકીરહુસેનના નામે આપેલ નોટીસ |
| ૨૨ | ડી–૧૦ | સદામસ ઝાકીરહુસેનના નામનુ ડ્રાઈવીંગ લાયસન્સ નં. જીજે૦૧ / ૧૯૯૮૦૫૨૨૪૭૬ |
| ૨૩ | ડી–૧૧ | બી.ઓ.બી. ડેબીટ કાર્ડ નં. ૬૦૬૯૯૪૩૧૬૪૩૭૮૪૫૩ |
| ૨૪ | ડી–૧૨ | એસ.બી.આઈ. ડેબીટ કાર્ડ નં. ૫૧૦૩૭૨૦૧૭૯૭૬૩૧૫૪ |
| ૨૫ | ડી–૧૩ | મો. રફીક સ/ઓ મો. મયુદ્દીન વોરા, મનીયારજી ખડકી, ધોળકા ૪૭૪, અમદાવાદના જીજે ૩૮૦૦૦૧ ના નામની વાહનના આર.સી. કાર્ડ નં. જીજે–૧૩–એટી–૦૦૨૯ |
| ૨૬ | ડી–૧૪ | વાહન નં. જીજે–૧૩–એટી–૦૦૨૯ નુ પી.યુ.સી. સર્ટીફીકેટ એસ.આઈ. નં. જી.જે.૦૨૭૦૦૩૬૦૦૧૭૪૬ |
| ૨૭ | ડી–૧૫ | વાહન નં. જીજે–૧૩–એટી–૦૦૨૯ની ટાટા એઆઈજી ઈન્સ્યો. પોલીસી નં. ૦૧૬૨૩૫૦૫૭૫ |
| ૨૮ | ડી–૧૬ | મો. સુફીયાનના નામના વાહન નં. જીજે–૧૩–એટી–૦૦૨૯ની ટેક્ષ રીસીપ્ટ અસલ તથા નકલ તા. ૦૭/૦૪/૨૦૨૨ |

| | | |
|---|---|---|
| ૨૯ | એમ–૧ | એક વીઆઈ સીમ કાર્ડ ધરાવતો નોકીયા વન કીપેઈડ મોબાઈલ |
| ૩૦ | એમ–૨ | એક આઈડીયા કાર્ડનુ સીમ ધરાવતો સેમસંગ ગેલેક્ષી મોબાઈલ મોડલ નં. એસએમ–એ૭૦૭એફ/ડીએસએમ આઈએમઈઆઈ નં. ૩૫૯૭૫૩૧૦૧૩૬૩૩૨૪ તથા ૩૫૯૭૫૪૧૦૧૩૬૩૩૨૨ |
| ૩૧ | એમ–૩ | એક જીયો અને બીજુ બીએસએનલ સીમકાર્ડ ધરાવતો રીયલમી સી–૨ મોબાઈલ મોડલ નં. આરએમએક્ષ૧૯૪૫ |

## ગુન્હો : એન.ડી.પી.એસ.એકટની કલમ– ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબ

## –:: ચુ કા દો ::–

**ફરીયાદ તથા પોલીસ ઈન્વેસ્ટીગેશનની ટૂંક હકીકત :–**

(૧) આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદમા એવુ જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ કલાક ૧૬:૩૫ વાગ્યે મોજે પીઠાઈ ટોલ પ્લાઝા, નેશનલ હાઈવે નં. ૪૭, કઠલાલ, જિ. ખેડા ખાતે મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડી નં. જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ મા ૩૬ બોરામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રતિબંધિત (માદક પદાર્થ) પોસ ડોડા ૧૫૦.૩૫ કિલોગ્રામનો વગર પાસ પરમીટે રાખી લઈ આવતા પકડાઈ ગુનો કરતા જે સબબ ફરીયાદીએ કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

(૨) આ કેસના મુળ ફરીયાદી સબઈન્સ્પેકટર એન.સી.બી. અમદાવાદ અતુલ શ્રીઅભેસિંહ યાદવનાએ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ ફરીયાદ આપેલી. તે ફરીયાદ એન.સી.બી. ઝોનલ યુનીટ અમદાવાદ એન.સી.બી./એ.ઝેડ.યુ./સીઆર–૦૮/૨૦૨૨થી એન.ડી.પી.એસ. એકટની કલમ – ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબ નોંધાયેલી. તે ગુનાની તપાસ પુર્ણ થતા આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહીતા ૧૯૭૩ની કલમ–૧૭૩ મુજબનુ ફરીયાદ/ચાર્જશીટ કરવામા આવેલ. તપાસ કરનાર અમલદારે તૈયાર કરેલ ફરીયાદ/ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ (એન.ડી.પી.એસ.)માં રજુ થતાં સદર કેસ એન.ડી.પી.એસ. કેસ નં. ૦૩/૨૦૨૨થી નોંધવામા આવેલ છે.

**કેસ કાર્યવાહીની વિગત :–**

(૩) આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૨૬ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ–૨૨૮(૧)(બી) પ્રમાણે આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું આંક–૦૭થી તા. ૦૨/૦૧/૨૦૨૩ના રોજ ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૨૮(૨) પ્રમાણે આરોપીઓના જવાબ આંક–૦૮ તથા આંક–૦૯થી નોંધી લેવામાં આવેલ છે. આરોપીઓએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આરોપીઓ ટ્રાયલ દરમ્યાન જ્યુડીશ્યલ કસ્ટડીમા છે.

(૪) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–કમાં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ આંક–૮૪થી પુરાવો પુરો થયાનું જાહેર કરતી પુરસીસ આપી પુરાવો બંધ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપીઓ વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓ બચાવના કોઈ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર કાંઈ કહેવા માંગતા નથી વધુમાં તેઓએ અલગથી જુદા જુદા એક સરખા લ ેખીત નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે, આંક–૩૨ એ બાતમીદારના શબ્દોમા લખેલ બાતમી નથી આંક–૩૨ એ રીપોર્ટ છે. સાહેદ નં. ૪ શ્રી મીશ્રાની પેરા નં. ૪ની કબુલાતથી રાજકુમારસિંહને ૧૩:૦૦ વાગ્યે મળેલ બાતમી કોઈ કાગળમાં લખી નથી. આંક–૩૨ નકલ સ્વરૂપે મોકલેલ નથી. સાહેદ નં. ૩ અતુલ યાદવની પેરા નં. ૪૬ની કબુલાતથી પણ કલાક ૧૩:૦૦ વાગ્યે રાજકુમારે બાતમી લખી હોય તેવું બનેલ નથી. રાજકુમારસિંહ ની પેરા નં. ૧૭ જોતા તેને બપોરે ૦૧:૦૦ વાગ્યે માહીતી મળી

તે કોઈ સ્થળે લખેલ હોય તો તેવો બાતમી લખેલ કાગળ રજુ કે પુરવાર કરેલ નથી. આંક −૩૨ વાળા કાગળ વાંચતા કે કલાક ૧૩:૧૦ એ તૈયાર કરેલો છે જેથી બાતમી મળતા ૧૩ :૦૦ વાગે લખી લીધેલ કાગળ કોર્ટથી છુપાવેલ છે, સાહેદ નં. ૩ પેરા ૪૬થી પણ બાતમીનો મુળ દસ્તાવેજ મળેલ નથી. કલમ−૫૨(એ)(૨)નો ભંગ કરેલો છે. હકુમત ધરાવતા જયુ. મેજી. કઠલાલ સમક્ષ સેમ્પલીંગ, શીલીંગની કાર્યવાહી કરેલ નથી. ડેપ્યુટી મામલતદાર અને એકઝીકયુટીવ મેજી. એ જયુ. મેજી. નથી. ડેપ્યુટી મામલતદાર ને તપાસેલા પણ નથી. આ કલમ આદેશાત્મક છે જેનો ભંગ કરેલો છે. કલમ−૫૨ (એ)(૩)નો ભંગ થયેલ છે, કલમ−૫૨(એ)(૩) પ્રમાણે મુદ્દામાલ પોપીસ્ટ્રોનો જથ્થો નષ્ટ કરવાનો કોઈ હુકમ હકુમત ધરાવતા જયુ. મેજી. કે મેજી. સાહેબ પાસેથી મેળવેલ નથી. આવો કોઈ હુકમ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. આંક −૩૮ના કાગળોમા પોપીસ્ટ્રો નષ્ટ કરવાનો હુકમ ડેપ્યુટી મામલતદાર ધ્વારા કરેલ નથી. મહેન્દ્રા બોલેરો મારા કબ્જામા હોય તેવું પણ બનેલ નથી. બોલેરોના ડ્રાઈવર મહંમદ સુફીયાનને કે માલીક રફીક વોરાને તપાસેલ નથી. સાહેદ નં. ૩ અતુલ યાદવની પેરા નં. ૪૭ની કબુલાતથી મે અથવા સદામશ જાકીર એ વાહનનુ ભાડુ ચુકવ્યુ હોય કે પેટ્રોલ પુરાવ્યુ હોય તેવું પણ રેકર્ડ પર આવેલ નથી. આક્ષેપીત વાહન મોહંમદશુફીયાનના કબ્જામા હતુ, તેવું અતુલ યાદવના પેરા નં. ૪૭ની કબુલાતથી જણાય છે. જેથી બોલેરો પીકઅપ વાન પણ મારા કબ્જામા હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. આંક−૬૪થી બોલેરોના માલીકનુ નિવેદન રજુ થયેલ છે તે પ્રમાણે મોહંમદ શુફીયાન ગાડીનો કાયમી ડ્રાઈવર ન હતો. શબ્બીર મોહન કાયમી ડ્રાઈવર હતો. શબ્બીર ને તપાસેલ નથી. ભાડુ રૂા. ૧૪,૦૦૦/− નકકી કરેલાનુ રેકર્ડ પર આવેલ નથી. વધુમા સાહેદ નં. ૩ અતુલ યાદવની પેરા નં. ૪૭ની કબુલાતથી બોલેરો પીકઅપ વાનની અમદાવાદથી મંદસોર અને મંદસોરથી પીઠાઈ ટોલનાકા પર આવ્યુ હોય તેવો ઈલેકટ્રોનીક પુરાવો કોઈપણ ટોલનાકા પરથી મેળવેલ નથી. સદર વાહન ટોલનાકા પર આવ્યો હોય તેવો ઈલેકટ્રોનીક પુરાવો પણ મેળવેલ નથી. આ અંગે સાહેદ નં. ૧ના પાન નં. ૭ પેરા નં. ૨ની કબુલાતથી પણ આક્ષેપીત વાહનના સીસીટીવી કુટેજ મળી શકતા હોવા છતાં મેળવતા નથી. જેથી વાહનની પીઠાઈ

ટોલનાકા પર આવ્યા ત્યાં રોકવા વિગેરે બાબત પણ શંકાસ્પદ બનેલ છે. પંચનામું (આંક –૨૩) પણ સાહેદ નં. ૧ની પાન નં. ૮ની છેલ્લા પેરા તથા પાન નં. ૯ના પેરા નં. ૧ની કબુલાતથી પંચોએ લખાવ્યું હોય તેવું જણાઈ આવતું નથી. સાહેદ નં. ૧ પાન નં. ૯ પેરા નં. ૨ પાન નં. ૧૦ની હકીકત પરથી આંક–૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ના કાગળો પર રાત્રીના ૦૯થી ૯:૧૫ વચ્ચે બંને પંચોએ અને રાજકુમારે સહી કરેલ છે જેથી આંક–૨૩ના પંચનામામાં જણાવ્યા પ્રમાણે આંક–૨૨, ૨૪, ૨૫, ૨૬ના તૈયાર કાગળો પર એક જ સમયે સહી કરેલ છે તે ધ્યાને લેશો. આંક–૩૪ કલમ–૫૭ હેઠળનો રીપોર્ટ છે તેમાં પણ આક્ષેપિત કાર્યવાહી વખતે પંચો હાજર રાખ્યા હોય તેવુ જણાવેલ નથી જેથી પણ પંચોની હાજરીમા કાર્યવાહી થયેલાનું શંકાસ્પદ બને છે. આંક–૨૩નુ પંચનામું જોતા બોલેરો પીકઅપ વાનની ઝડતી રાજકુમાર કે અતુલ યાદવે કરી હોય તેવું જણાઈ આવતુ નથી. સાહેદ નં. ૧ પંચની પાન નં. ૯ પેરા નં. ૩ની કબુલાતથી પંચોએ જાળીવાળા લસણ ભરેલા થેલા વાહનમાંથી બાજુએ કાઢેલા પરંતુ આક્ષેપીત ડ્રગ્સના થેલા રાજકુમારે કે પંચોએ કે અતુલ યાદવે બહાર કાઢયા હોય તેવો કોઈ પુરાવો જ રેકર્ડ પર નથી. મુદ્દામાલના રંગ કથ્થઈ હતો તેવું પંચ કહે છે જયારે આંક–૭૮મા જે પૃથ્થકરણ માટે મુદ્દામાલ મળેલ તેનો રંગ ''લાઈટ બાઉનીશ'' રંગનો હતો. આંક–૨૩ના પંચનામામા ''લાઈટ બ્રાઉનીશ રંગ''નો કે ''કથ્થઈ'' રંગના પોશડોડા મળ્યા હોય તેવું જણાતુ નથી જેથી મુદ્દામાલના રંગ બાબતે પંચ તથા આંક–૨૩ના પંચનામાની હકીકત વચ્ચે અસાત્યતા ભરેલી જણાય છે. આંક–૨૩ જે રીતે લખાવેલ છે તે જોતા પણ પંચોની હાજરીમા જેમ જેમ પ્રક્રીયા થતી હોય તેમ તેમ લખાયેલ હોય તેવું જણાતું નથી. આંક–૭૮મા પૃથ્થકરણ થયેલ ''લાઈટ બ્રાઉનીશ'' રંગનો મુદ્દામાલ આંક–૨૩ના પંચનામા દરમ્યાન મળી આવ્યો હોય તેવું પણ જણાતુ નથી. જેથી મુદ્દામાલ સાથે ચેડા થયેલાની સંભાવના દુર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેવું રેકર્ડ પર આવેલ છે. મુદ્દામાલના સેમ્પલ જે સીઆરસીએલમા મોકલેલા તેના વજન સાથે પણ ચેડા થયેલ છે. આંક–૩૬ના દસ્તાવેજના પાન નં. ૩ પેરા નં. ૭મા દરેક સેમ્પલ ૨૫૦ ગ્રામના બનાવેલા તેવું જણાવેલ છે. જેમા આર્ટીકલ એસ એ, એસ બી, એસ સી, એસ ડી, એસ એફ,

જે સીઆરસીએલમા મોકલવાના હતા તે પણ ૨૫૦ ગ્રામના નમુના લીધેલા. આંક–૩૭ ના ફોટોગ્રાફ પૈકીના સેમ્પલના વજન ૨૫૦ ગ્રામ હોવાનુ જણાવે છે. જયારે આંક–૭૮ સીઆરસીએલનુ પૃથ્થકરણ કર્યાનુ પ્રમાણપત્ર છે તેમાં એસએ–૧નુ વજન ૨૫૬ ગ્રામ, એસબી–૧નુ વજન ૨૫૮ ગ્રામ, એસસી–૧નુ વજન ૨૪૯ ગ્રામ, એસડી–૧નુ વજન ૨૩૮ ગ્રામ, એસઈ–૧નુ વજન ૨૬૭ ગ્રામ, એસએફ–૧નુ વજન ૨૩૨ ગ્રામ વાળા સેમ્પલ પૃથ્થકરણ થયેલ છે. આમ, સીઆરસીએલમા જે વજનના ઉપરોકત સેમ્પલનુ પૃથ્થકરણ થયેલ છે તેટલા વજનવાળા આર્ટીકલ આંક–૩૬ના દસ્તાવેજ તેમજ આંક–૩૭ના ફોટોગ્રાફ વખતે બનાવેલ નથી. ૨૫૦ ગ્રામ વજનવાળુ એકપણ આર્ટીકલ સીઆરસીએલને પૃથ્થકરણ માટે મળેલ નથી કે પૃથ્થકરણ થયેલ નથી. આંક–૩૯ તો ૨૫૦ ગ્રામ નેટ વજન દર્શાવે છે. હકુમત ધરાવતી જયુ. મેજી. સાહેદ રૂબરૂ સેમ્પલીંગ અને શીલીંગ કરાવેલ નથી જે ધ્યાને લેતા સમગ્ર કાર્યવાહી દુષિત બનેલ છે. ડેપ્યુટી મામલતદાર કઠલાલ એ મેજી. નથી. ૫૨(એ)(૨)ની કાર્યવાહી કરનાર ડેપ્યુટી મામલતદારને તપાસેલ નથી. આંક–૨૨ની આઈટમ નં. ૭ વંચાણે લેતા જી. જે.૧૩.એટી.૦૦૨૯વાળુ વાહનની ટેક્ષ રસીદ પણ મોહંમદ સુફીયાનના નામે હતી જેને એનસીબી વાળાઓએ છોડી મુકેલ છે. આંક–૩૩ની ગોડાઉન રસીદ પ્રમાણે ૩૬ થેલા તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ જમા કરાવ્યા છે. રેઈડ દરમ્યાન ૪૬ થેલા કબ્જે કરવામા આવેલ જે પૈકી ૧૦ થેલા એનસીબી ગોડાઉનમા જમા કરાવેલ નથી. ૧૦ થેલા કેમ જમા કરાવ્યા નથી તે બાબતે કોઈ ખુલાસો રેકર્ડ પર કરવામા આવેલ નથી. એન.ડી.પી.એસ.એકટના કાયદામા ''સીપોઈ''ને કાર્યવાહી કરવા અધીકાર નથી. તેમ છતાં ૫૨(એ)(૨)ની કાર્યવાહીની ફોટા સીપોઈએ પાડેલા છે જે કલમ–૪૨નો ભંગ કરેલ છે. આંક–૩૬નુ સર્ટીફીકેટ ૬૫(બી)(૪) પ્રમાણેનુ નથી. તેમ કયા માર્કાના કેમેરા કે મોબાઈલમા ફોટા પાડયા તે પણ દર્શાવેલ નથી. ૫૨(એ)ની કાર્યવાહી સીપોઈ એ ફોટો પાડેલા હોય તે શરૂઆતથી ગેરકાયદેસર અને પ્રમાણપત્ર પણ કાયદા પ્રમાણેનુ નથી. આંક–૩૭ના ફોટોગ્રાફસ હકુમત ધરાવતા કઠલાલના મેજી. સાહેબ ધ્વારા પ્રમાણીત કરેલ નથી જેથી પણ કાયદેસર માની શકાય નહી. આંક–૩૮ના પત્ર પ્રમાણે ૪૬ કટ્ટામાં

થી સ્ટ્રો સંતાડવા માટે ઉપયોગમા લીધેલા જે લસણનો નીકાલ કરવા એકઝીકયુટીવ મેજી. કઠલાલને પત્ર લખેલ છે. આંક–૩૮ના દસ્તાવેજોથી ''પોપીસ્ટ્રો''ના મુદ્દામાલને ડીસ્પોઝ ઓફ કરવા કોઈ હુકમ એકઝીકયુટીવ મેજી. ધ્વારા કરેલ નથી જેથી પણ કલમ–પર(એ)(૩) પ્રમાણે પ્રતિબંધીત મુદ્દામાલનો નીકાલ ગેરકાયદેસર રીતે કરેલ છે. હકુમત ધરાવતા મેજી. સાહેદ પાસે આક્ષેપીત પોપીસ્ટ્રોનો મુળ જથ્થો નાશ કરવા માટે કોઈ હુકમ મેળવેલ નથી. આંક–૪૭નો પત્ર કેસ નં. ૮/૨૨ નોંધાઈ ગયા બાદ અમદાવાદ ખાતે આપેલ અને મને એનસીબી કસ્ટડીમા હતો ત્યારે એનસીબીના અધીકારીએ આંક–૪૯ના નિવેદનો કબુલાત સ્વરૂપના લખી લીધેલ છે તેની મારી વિરૂઘ્ધના પુરાવા તરીકે ઉપયોગમા લઈ શકાય તેમ નથી. ટ્રાવેલ્સની બસમાં આક્ષેપીત મુદ્દામાલ મંગાવતા હોવાનો પણ કોઈ સ્વતંત્ર પુરાવો તપાસ દરમ્યાન મળેલ નથી. બોલેરો પીકઅપ વાનના રૂા. ૧૪,૦૦૦/– ભાડા પેટે એકપણ રૂપીયો બોલેરોના ડ્રાઈવરને કે માલીકને આપ્યા હોય તેવું પણ રેકર્ડ પર આવેલ નથી. મંદસોર પાસેના કયા ગામેથી મુદ્દામાલ લાવ્યા તે પણ રેકર્ડ પર આવેલ નથી. મારા કોઈ સગા સંબંધી મંદસોર તરફ રહેતા હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. આંક–૫૧ અને પરના સદામશ જાકીર એનસીબી અધીકારી રૂબરૂના નિવેદનોમા મારી સંડોવણીની સહઆરોપીની કબુલાત પણ મારી વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લઈ શકાય તેમ નથી. મારી કાલુપુર કે અમદાવાદ ખાતે દુકાન હોય તેવું પણ તપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ નથી. ગોપલ ગુર્જર, પુનારામ બીશ્નોઈ નામની વ્યકિતઓ મળેલ નથી. અશોક ટ્રાવેલ્સનો કોઈ વ્યકિત પણ તપાસ દરમ્યાન મળેલ નથી. આક્ષેપીત મુદ્દામાલ નાણાની લેવડ દેવડનો કોઈ અનુમોદનીય પુરાવો મળી આવેલ નથી. આંક–૭૫ સાથે રજુ થયેલ કોઈ ડીટેલ મારી નથી. આ કોલ ધારક ઘાંચી મોહંમદ અીનશને તપાસેલ નથી. આંક–પર સાથે રજુ થયેલ કોલ ડીટેલ જોતા આક્ષેપીત મુદ્દામાલ અંગેની વાતચીત થયેલ હોય તેવું પણ જણાતું નથી. આ કામની કહેવાતી રેઈડ પાડનાર રાજકુમાર ઈન્ટેલીજન્સ ઓફીસર છે જે તપાસ કરનાર અતુલ યાદવ કરતા સીનીયર છે. કહેવાતી રેઈડ સીનીયરની છે જયારે કેસની તપાસ જુનીયર ઈન્ટેલીજન્સ ઓફીસર અતુલ યાદવને સોંપી છે .અતુલ યાદવ કરતા

અન્ય સીનીયર ઈન્ટીલીજન્સ અધીકારી એનસીબી અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા છતાં જુનીયર અધીકારી પાસે તપાસ કરવી તપાસને દુષીત બનાવેલ છે. સાહેદ નં. ૩ અતુલ યાદવની પેરા નં. ૪૦, ૪૧ જોતા શીલના લખાણ પણ બદલાયેલા હોવાનુ રેકર્ડ પર આવેલ છે. પૃથ્થકરણ થયેલ મુદ્દામાલ આર્ટીકલ્સના વજન તથા એકઝીકયુટીવ મેજી. (ડેપ્યુટી મામલતદાર) રૂબરૂ સેમ્પલીંગ અને શીલીંગ કરેલ ૨૫૦ ગ્રામનો મુદ્દામાલ આર્ટીકલના વજનમા ખુબ જ મોટો તફાવત આવેલ છે જે આર્ટીકલ એફએસએલમાં પૃથ્થકરણ થાય છે તેમાં એસએ–૧મા ૬ ગ્રામ વધુ માત્રા, એસબી–૧મા ૮ ગ્રામ વધુ માત્રા, એસસી–૧મા ૧ ગ્રામ ઓછી માત્રા, એસડી–૧મા ૧૨ ગ્રામ ઓછી માત્રા, એસઈ–૧મા ૭ ગ્રામ વધારી, એસએફ–૧મા ૧૮ ગ્રામ ઓછી માત્રામા પહોંચેલ છે જેથી મુદ્દામાલના આર્ટીકલ જે ૨૫૦ ગ્રામના સ્થળ પર તૈયાર થયેલા તેટલા જ વજન ધરાવતા આર્ટીકલ પૃથ્થકરણ થયા નથી જેથી મુદ્દામાલ સાથે ચેડા થયેલાની સંભાવના દુર થયેલ નથી. જુનીયર ઈન્ટેલીજન્સ અધીકારી અતુલ યાદવને તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાત્રીના સમયે સદર ગુનાની તપાસ કરવા માટે નિમણુક કરવામા આવેલ છે. રાજકુમાર યાદવ ધ્વારા સદર ગુનાની તપાસનો હુકમ થયા બાદ તપાસને લગતા તમામ કાગળો જુનીયાર ઈન્ટે. અધીકારી અતુલ યાદવને સુપરત કરી દીધેલાનુ કબુલ કરેલ છે. જયારે સદર કામે ૫૨(એ)(૨)ની કાર્યવાહી તા. ૧૩/૦૪/૨૦૨૨ના રોજ રાજકુમાર યાદવ ધ્વારા કરવામા આવેલ છે. જે કાર્યવાહી કરવા માટે રાજકુમારને કોઈ સત્તા આપવામા આવેલ નથી કે તેવી કાર્યવાહી કરવા રાજકુમાર યાદવની નિમણુક કરવામા આવેલ નથી. કલમ–૫૨(એ)(૨)ની કાર્યવાહી અતુલ યાદવ ધ્વારા કરવામા આવેલ નથી. આમ, સમગ્ર ૫૨(એ)(૨)ની કાર્યવાહી તપાસ કરવા માટે નિમણુક કરવામા આવેલ અધીકારી ધ્વારા કરવામા અવેલોકન હોય તેવી કાર્યવાહી દુષિત થયેલ છે. ઉપયોગમા લીધેલ સીલ પણ એનસીબીવાળા પાસે જમા રાખેલ છે. ફરીયાદપક્ષે કલમ–૫૨(૨)નો ભંગ કરેલ છે. ફરીયાદપક્ષે કલમ– ૫૦નુ સમગ્ર રેડ દરમ્યાન પાલન કરેલ નથી. ફરીયાદપક્ષે જયુ. મેજી. સમક્ષ સેમ્પલીંગ, સીલીંગની કાર્યવાહી કરી નથી. જે વજનવાળા સેમ્પલીંગ તૈયાર કર્યા તેના કરતા વધારે તથા ઓછા વજન ધરાવતા

સેમ્પલ પૃથ્થકરણ માટે લેબોરેટરીને મળેલ છે. મુદ્દામાલના સેમ્પલ સાથે ચેડા થયા છે. આ કારણસર અમારી સાથે કાયદા મુજબનુ અનુમાન પણ થઈ શકે તેમ નથી. કોઈ ગેઝેટેડ અમલદાર રૂબરૂ ઝડતી, જપ્તી કરી નથી.

(૭) ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે વિધ્વાન સ્પે.પી.પી.શ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૦૪ના લીસ્ટથી ફરીયાદપક્ષ તરફથી કુલ ૪ર દસ્તાવેજી કાગળોનુ લીસ્ટ રજુ કરેલ છે. આ કામે કુલ ૦૫ સાહેદો તપાસવામા આવેલ છે. આંક–૭૯થી ફરીયાદ રજુ થયેલ છે. આંક–૭૮થી આસીસ્ટન્ટ કેમીકલ એક્ષામીનર વડોદરાને તપાસેલ છે. આ સાહેદે તેઓને જે સેમ્પલ મોકલવામા આવેલા તે તેઓને સીલબંધ હાલતમા સીલબંધ હાલતમા ટેમ્પરીંગ થયા વગરના મળેલ હોવાનુ તથા કબ્જે લેવામા આવેલ મુદ્દામાલ પોપીસ્ટ્રો હોવાનુ સાબીત થયેલ છે. એન.ડી.પી.એસ. એકટની કલમ– ૨(૧૮)મા કરવામા આવેલ જોગવાઈ મુજબ અફીણજન્ય દ્રવ્ય (પોપીસ્ટ્રો) બીયા સિવાયના તમામ ભાગો પોપીસ્ટ્રો ગણાય. કેમીકલ એક્ષામીનરના રીપોર્ટ મુજબ આ કામે જે મુદ્દામાલ પકડાયેલ તે પોપીસ્ટ્રો હોવાનુ પુરવાર થાય છે.

(૭.૧) વધુમા વિ. સ્પે. પી. પી. શ્રીએ તેઓની દલીલમા જણાવેલ છે કે, એન.ડી.પી. એસ. ની કલમ– પર મુજબ કાર્યવાહી થયેલ છે એટલે કે, કલમ– પરનુ પાલન થયેલ છે. બનાવ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ બનેલ છે તે સમયના પ્રવર્તમાન કાયદા મુજબ કલમ–પર મા કોઈપણ મેજીસ્ટ્રેટનો ઉલ્લેખ છે. સી.આર.પી.સી.ની કલમ– ૬ મુજબ એકઝીકયુટીવ મેજી.નો પણ મેજીસ્ટ્રેટની વ્યાખ્યામા સમાવેશ થાય છે. વધુમા એન. ડી. પી.એસ. એકટની કલમ– ૩૬મા એકઝીકયુટીવ મેજી. ને એન.ડી.પી.એસ.ના ગુનામા રીમાન્ડ આપવાની સત્તા આપવામા આવેલ છે. જેથી એન.ડી.પી.એસ. એકટમા કોઈપણ મેજી.માં એકઝીકયુટીવ મેજી. નો સમાવેશ થાય છે. એન.ડી.પી.એસ. એકટની કલમ–પર મા તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ સુધારો થયેલ છે અને તે મુજબ હવે કલમ– પર(એ)(૨) મુજબની કાર્યવાહી માત્ર જયુ. મેજી. સમક્ષ કરવાની રહે છે. જયારે આ

બનાવ આ સુધારા પહેલાનો છે. જેથી કલમ– પર(એ)(ર) મુજબની કાર્યવાહી એકઝી. મેજી. સમક્ષ કરેલ છે. જેથી આ કામે કલમ– પર(એ)(ર)નુ પાલન થયેલ છે.

(૭.ર) જે સેમ્પલ કેમીકલ સીઆરસીએલ વડોદરાને પૃથ્થકરણ માટે મોકલવામા આવેલ તેમાં વજનમા સામાન્ય તફાવત આવેલ છે. તે અંગે વિ. સ્પે. પી. પી. એ એવી દલીલ કરેલ છે કે, જે સેમ્પલ લેવામા આવેલા તે જ સેમ્પલ સીઆરસીએલ વડોદરાને મળેલ છે. તેમાં કોઈ ચેડા થયેલ નથી. જેથી વજનમા સામાન્ય ફેરફાર થયેલ હોય તેનો લાભ આરોપીને મળી શકે નહી.

(૭.૩) રેડ કરનાર રાજકુમાર સિંહને સાહેદ નં. રથી તપાસવામા આવેલ છે. તેઓએ તેમની જુબાનીમા તેઓને મળેલ બાતમી તેઓના ઝોનલ ઓફીસર ને જાતે આપેલી અને ઝોનલ ઓફીસરે આગળની કાર્યવાહી કરવા માટે લેખીતમા આદેશ આપેલ. આમ, એન.ડી.પી.એસ.ની કલમ– ૪ર(ર)નુ પણ પાલન થયેલ છે. એન.ડી. પી.એસ.ની કલમ– ૫૦ વ્યકિતની સર્ચમા લાગુ પડે. આ કામે જે મુદ્દામાલ મળેલ છે તે ગાડીમાંથી મળેલ છે. જેથી કલમ– ૫૦ આ કેસમા લાગુ પડે નહી. કલમ– ૫૭ આદેશાત્મક નથી.

(૭.૪) વિ.એ.પી.પી.શ્રીએ વધુમા એવી દલીલ કરેલ છે કે, સદરહુ બનાવ સને ર૦રરમા બનેલ છે તે સમયે કોઈપણ મેજીસ્ટ્રેટ સમક્ષ સેમ્પલીંગ વીગેરેની કાર્યવાહી કરવાની રહેતી હતી. તે મુજબ કઠલાલના હકુમત ધરાવતા એકઝીકયુટીવ મેજી. સમક્ષ એન.ડી.પી.એસ. એકટની કલમ– પર મુજબની કાર્યવાહી કરવામા આવેલ છે. ત્યારબાદ ડીસેમ્બર ર૦રરમા નિયમમા સુધારો થતાં મેજી.ની વ્યાખ્યામા ફકત જયુ. મેજી. નો સમાવેશ થયેલ છે. જેથી આ કામે કલમ– પરનો ભંગ થયેલ નથી.

(૭.૫) ફરીયાદપક્ષે રેઈડ કરનાર સાહેદ રાજકુમાર સિંહને સાહેદ નં. રથી તપાસવામા આવેલ છે. તેઓને સૌ પ્રથમ બાતમી મળેલી, તેઓએ ઝોનલ ઓફીસરને જાતે આપેલ છે. ત્યારબાદ ઝોનલ ઓફીસર તરફથી તેઓને આગળની કાર્યવાહી કરવા લેખીતમા આદેશ આપેલ છે. જેથી કલમ– ૪રનો પણ કોઈ ભંગ થયેલ નથી.

(૭.૬) સાહેદ નં. ૧થી પંચ દીગ્વીજયસિંહને તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમની હાજરીમા પંચનામું થયેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે તથા રેઈડ કરનાર અધીકારીની જુબાનીને સમર્થન કરેલ છે. જેથી સદર સાહેદને ન માનવાને કોઈ કારણ નથી. રેઈડ કરનાર તથા તપાસ કરનાર અધીકારીઓ એ એનસીબીના અધીકારીઓ છે જેથી તેઓને એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબ એન.ડી.પી. એસ.ના ગુનામા ઝડતી, ઝપ્તી, વોરંટ અથવા અધીકારપત્ર સિવાય પ્રવેશ કરવાની, ઝડતી લેવાની, કબ્જે લેવાની અને આરોપીને અટકાયતમા લેવાની સત્તા મળેલ છે.

(૭.૭) સાહેદ નં. ૩થી અતુલ યાદવને તપાસવામા આવેલ છે. તેઓને ઝોનલ ડાયરેકટરે લેખીત હુકમથી તપાસ કરવાની સત્તા આપેલ છે. આ સાહેદે તેઓએ ફરજના ભાગરૂપે જે જે કાર્યવાહી કરેલી તેને સમર્થનકારી જુબાની આપેલ છે. આ સાહેદે મુદ્દામાલ તથા આરોપીઓને પણ ઓળખી બતાવેલ છે.

(૭.૮) વિ.એ.પી.પી.શ્રીએ વધુમા એવી દલીલ કરેલ છે કે, આરોપીઓના કબ્જામાંથી પોપીસ્ટ્રો મળી આવેલ હોવાનુ સાબીત થયેલ છે. જેથી એવીડન્સ એકટની કલમ–૧૦૬, એન. ડી.પી.એસ. એકટની કલમ– ૩૫ અને ૫૪મા કરવામા આવેલ જોગવાઈ મુજબ તેનાથી વિરૂધ્ધનુ સાબીત કરવાનો બોજો આરોપીઓ પર રહે છે. આ કેસમા આરોપીઓ એ ફરીયાદપક્ષના પુરાવાનુ ખંડન કરેલ નથી.

(૭.૯) ફરીયાદપક્ષે આરોપીઓના કબ્જા ભોગવટામાંથી બોલેરો પીકઅપ ગાડી કે જે અવૈધ માદક પદાર્થ લઈને આવેલ જેમાંથી ૧૫૦.૩૫ કિ.ગ્રા. પોપીસ્ટ્રો મળી આવેલ અને આ પોપીસ્ટ્રો હતો તે એફ.એસ.એસ.ના રીપોર્ટથી સાબીત કરેલ છે. પંચે પણ આ હકીકત ને સમર્થન આપેલ છે. રેઈડ કરનાર અધીકારીએ કોઈ આદેશાત્મક જોગવાઈનો ભંગ કરેલ નથી. આમ, આરોપીઓ સામેનો ચાર્જ પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ નિવડેલ હોય, આરોપીઓને ચાર્જ પ્રમાણેના ગુનામાં તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે. વિ. સ્પે. પી.પી. તેમની દલીલોના સમર્થનમા નીચે મુજબનો ઓથોરીટીઓ રજુ કરેલ છે.

**Sr. No. 1** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Gian Chand and Ors. Vs. State of Haryana,* reported in AIR 2013 SC 3395, in Criminal Appeal No.2302 of 2010 decided on 23.07.2013, wherein held on this subject as under:

Narcotic Drugs and Psychotropic Substances Act (61 of 1985), S.15, S.35, S.54. Conscious possession. Proof. Once possession of contraband material with accused is established provisions of S.106 of Evidence Act get attracted. Accused has to establish how he came to be in possession of same as it is within his special knowledge. Evidence Act (1 of 1872), S.106.

**Sr. No. 2** The judgment of the Hon'ble Supreme Court of India in case of *State of Rajasthan Vs. Babu Ram,* reported in AIR 2007 SC 2018, in Criminal Appeal No.1097 of 2002 decided on 05.06.2007, wherein held on this subject as under:

Narcotic Drugs and Psychotropic Substances Act (61 of 1985), S.50. Search of person. Compliance of S.50. Bag, briefcase or any article or container carried by accused. Cannot be treated as body of human being. Does not come within definition of 'person'. Compliance of S.50 not necessary when search is conducted of bag carried by accused. Acquittal of accused for non-compliance of S.50. Not proper. Matter, however, remanded to High Court for deciding other issues.

**Sr. No. 3** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Union of India Vs. Ram Samujh & Anr,* reported in 1999(7) Supreme 578, in Criminal Appeal No.866 of 1999 decided on 30.08.1999, wherein held on this subject as under:

It should be borne in mind that in murder case, accused commits murder of one or two persons, while those persons who are dealing in narcotic drugs are instruments in causing death or in inflicting death blow to number of innocent young victims, who are vulnerable; it cause deleterious effects and deadly impact on the society; they are a hazard to the society; even if they are released temporarily, in all probability, they would continue their nefarious activities of trafficking and/or dealing in intoxicants clandestinely. Reason may be large stake and illegal profit involved. To check the menace of dangerous drugs flooding the market, the Parliament has provided that the person accused of offences under the NDPS Act should not be released on bail during trial unless mandatory conditions provided in Section 37 namely,

(i) there are reasonable grounds for believing that accused is not guilty of such offence; and

(ii) that he is not likely to commit while on bail are satisfied.

**Sr. No. 4** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Khet Singh Vs. Union of India,* reported in 2002(2) G.L.H. 165, in Criminal Appeal No.31 of 2000 decided on 20.03.2002, wherein held on this subject as under:

Narcotic Drugs and Psychotropic Substances Act, 1985, Ss.17, 18, 21. Appellant was travelling in truck while intercepted by custom officials found to be carrying a bag containing opium. Search and seizure took place at the crossing where the truck was intercepted. No *mahazar* prepared. No sample was drawn at that place. Appellant was taken to the office of the customs department. Search memo was prepared in custom office. There being no allegation or suggestion that the contraband article was in any way meddled with by officers. The appellant was found to be in possession of the opium. No interference called for in conviction and sentence.

In the present case, though the mahazar was not prepared at the spot where the accused person were found to be in possession of the contraband article but the [@page 165] same was done only at the office of the customs department while the accused persons were very much present throughout, there was no allegation or suggestion that the contraband article was, in any way, meddled with by the officers. Therefore, we are of the view that the appellant has rightly been found to be in possession of the opium. We find no reason to interfere with the conviction and sentence entered against the appellant. The appeal is dismissed accordingly.

(૮) આરોપી નં. ૧ તરફે તેમના વિધ્વાન વકીલ શ્રીએ આંક–૮૮થી તથા આરોપી . ૨ તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ આંક–૯૦થી લેખીત દલીલો રજુ કરેલ છે. જે વંચાણે લેતાં બંને આરોપીઓ તરફે જે દલીલો કરવામા આવેલ છે તે વંચાણે લેતા તે એક સરખી જ છે તથા આરોપી નં. ૧ તરફે જે ઓથોરીટીઓ રજુ કરવામા આવેલ છે તે ઓથોરીટીઓ આરોપી નં. ૨ની ગણી લેવા આરોપી નં. ૨ના વિ. વ. શ્રીએ આંક–૯૯ની પુરસીસથી જાહેર કરેલ છે.

(૮.૧) આરોપીઓ તરફે રજુ થયેલ દલીલો વંચાણે લેતાં તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આરોપીઓ સામે મુકવામા આવેલ તહમોતનામાના આક્ષેપો નિ:શંક

રીતે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આક્ષેપિત વાહન કે જેમાંથી આક્ષેપિત મુદ્દામાલ મળી આવ્યો છે તે વાહન આરોપીઓના કબ્જામા હોય તેવું સાબીત થઈ શકેલ નથી. સાહેદ નં. ૩ની પેરા ૪૭ની કબુલાત ધ્યાને લેતા આક્ષેપિત વાહનના ભાડા પૈકી કોઈપણ રકમ આરોપીઓએ ચુકવી હોય તેવું સાબીત થયેલ નથી. આરોપીઓએ આક્ષેપિત વાહનમા ઈંધણ પુરાવી આપ્યું હોય તેવું પણ સાબીત થયેલ નથી. સાહેદ નં. ૩ પેરા ૪૭ની કબુલાતથી આક્ષેપિત વાહન મોહંમદ સુફીયાનના કબ્જામા હતું, મોહંમદ સુફીયાનને સાક્ષી તરીકે તપાસેલ નથી. નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા એન.ડી.પી.એસ.મા રેઈડ કરનાર તમામ વિભાગના અધીકારીઓને ''પોલીસ'' ગણેલા હોવાથી રેઈડ કરનારાઓ એ તપાસ કરનાર અધીકારી એ પોલીસ ગણાય છે. જેથી આવા અધીકારીએ સાહેદ તરીકે નિવેદન નોંધેલ હોય તો તે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૧૬૧ અન્વયેનુ નિવેદન ગણાય છે જેથી આવા નિવેદનની સંબંધિત સાહેદને કોર્ટ રૂબરૂની જુબાની સિવાય કાયદેસરનુ મુલ્ય ગણી શકાતુ થની જેથી તે નિવેદન કાયદેસરના પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહી. આક્ષેપિત વાહનના માલીક રફીક વ્હોરાને પણ સાક્ષી તરીકે તપાસેલ નથી. વાહનનુ ભાડુ આરોપીઓએ વાહન માલીકને ચુકવ્યું હોય કે ભાડું માલીકને મળ્યું હોય તેવું પણ પુરવાર થયેલ નથી કે તે બાબતે કોઈ પુરાવો રેકર્ડ પર ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. મોહંમદ સુફીયાનને વાહન આપનાર શબ્બીર મોદનને પણ સાક્ષી તરીકે કોર્ટ સમક્ષ તપાસેલ નથી. મોહંમદ સુફીયાનએ રૂા. ૩,૦૦૦/– ભાડા તરીકે વાહન મલીકાને ચુકવ્યા હોય તેવો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી આક્ષેપિત વાહનના આરોપીઓ કબ્જેદાર હોય તેવું પણ નિઃશંક રીતે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. સાહેદ નં. ૨ રાજકુમારની પેરા ૨૫ની કબુલાતથી પણ આક્ષેપિત વાહનનો કબ્જો આરોપીઓનો હોય તેવું સાબીત થતું નથી. આક્ષેપિત વાહન આરોપીઓએ ભાડે રાખ્યું હોય, ભાડુ ચુકવ્યું હોય, વાહનમા ઈંધણ પુરાવ્યું હોય કે વાહનનો પ્રત્યક્ષ કબ્જો ધરાવતા હોય તે બાબતે કોઈપણ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા નામ. કોર્ટના રેકર્ડ ઉપર રજુ કરેલ નથી કે તપાસ કરનાર એજન્સી

ધ્વારા સમગ્ર તપાસ દરમ્યાન વાહનનો કબ્જો આરોપીઓનો હોય તેવું પ્રસ્થાપીત કરવા અને પુરવાર કરવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો કબ્જે કરેલ નથી, જેથી તેવા સંજોગોમાં આક્ષેપીત વાહનનો કબ્જો આરોપીઓનો હોય તેવું માની શકાય નહી. જેથી આક્ષેપિત મુદ્દામાલ પણ આરોપીઓના કબ્જામા માની શકાય નહી.

(૮.૨) આક્ષેપિત ટોલ નાકા પર સીસીટીવી કેમેરા લાગેલા અને ચાલુ હાલતમા હતા તેવું સાહેદનં. ૧ પંચ પાન નં. ૭મા કબુલ કરે છે. આ વાહન તથા આરોપીઓની હાજરી બાબતે આક્ષેપિત ટોલનાકા પરથી વિજાણું પુરાવા મળી શકે તેમ હોવા છતાં સાહેદ નં. ૩ પેરા ૪૫, ૪૮ની કબુલાત પ્રમાણે મળી શકે તેવા ઈલેકટ્રોનીક પુરાવા ન મેળવી નામદાર કોર્ટમા રજુ ન કરી, આક્ષેપિત વાહન અને આક્ષેપિત વાહનમા આરોપીઓની હાજરીને શંકાસ્પદ બનાવેલ છે. વધુમા મળી શકે તેવા અનુમોદનીય ઈલેકટ્રોનીક પુરાવા ન મેળવેલ હોવાથી ફરીયાદપક્ષ વિરૂધ્ધ પુરાવાના કાયદાની કલમ–૧૧૪(જી) અન્વયેનુ અનુમાન દોરી તેનો લાભ આરોપીઓને આપવા મહે. થશો.

(૮.૩) આક્ષેપિત મુદ્દામાલ જે સ્થળેથી જે વ્યકિત પાસેથી લાવ્યાનો આક્ષેપ છે તે સ્થળે જઈ કોઈ તપાસ કરેલ નથી. આક્ષેપિત મુદ્દામાલ આપનાર વ્યકિતની સામે વોરંટ મેળવવા, ભાગેડુ જાહેર કરવા તપાસ કરનાર એજન્સી ધ્વારા કોઈ કાર્યવાહી પણ કરેલ નથી. જેથી તપાસ યોગ્ય રીતે કરેલ નથી. આ અંગે સાહેદ નં. ૩ની પેરા ૪૪ની કબુલાત ધ્યાને લેવા વિનંતી.

(૮.૪) આંક–૨૩નુ પંચનામું વંચાણે લેતા તે પંચનામું વજનની પ્રક્રીયા પુરી કર્યા બાદ તૈયાર કર્યુ હોય તેવું માનવાને કારણ છે. આંક–૨૩ની પાન નં. ૧ની કોલમ નં. ૨ જેમા વજન લખેલ છે તેનાથી માનવાને કારણ રહે છે. સાહેદ નં. ૨૩મા પંચ નં. ૨નુ નામ અને તેના પિતાનુ નામ એક જ નામ લખેલ છે જેથી પંચ ધ્વારા પોતાનુ નામ અને પિતાનુ નામ લખાવેલ હોય તે શંકાસ્પદ બને છે. આંક–૨૩મા ચોકકસ વજન લખ્યા બાદ પંચો ને બાતમીથી વાકેફ કર્યાની હકીકત નિરૂપણ કરેલ છે જે હકીકતને સાહેદ નં. ૧ પંચની પાન નં. ૦૯ની કબુલાતથી પંચો પાસે તમામ કાગળો ઉપર રાત્રીના ૦૯:૧૫થી ૦૯:૩૦ દરમ્યાન સહીઓ કરાવી હોવાનુ અને તેથી પંચોએ ૧૫ મીનીટ દરમ્યાન તમામ કાગળો

ઉપર સહી કરી હોય તેવું ઠરાવવા મહે. થશે. સાહેદ નં. ૧ પાન નં. ૦૯ ઉપર કલાક ૦૯:૫૦ ''એટલે કે ૨૧:૫૦ જે પંચનામું પુર્ણ થવાનો સમય આંક–૨૩મા લખેલ છે.'' તે સમયે તમામ પેપર સહીઓ કરવા માટે મળેલાનો ઈન્કાર કરે છે તેથી પંચ ધ્વારા આંક–૨૨, ૨૩ ઉપર કલાક ૨૧:૫૦ કે ત્યારબાદ સહીઓ કરી હોય તેવું પણ શંકા રહીત સાબીત થયેલ નથી.

(૮.૫) પંચ ધ્વારા ઝડતી કરવામા આવી હોય તો તે એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨(૧) ની જોગવાઈથી વિરૂધ્ધનો હોવાથી સમગ્ર સર્ચની કાર્યવાહી દુષિત ઠરે છે. આ અંગે સાહેદ નં .૧ની પાન નં. ૦૯ની પેરા ૨ની કબુલાતથી પંચ ધ્વારા સર્ચ કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.

(૮.૬) એન.ડી.પી.એસ.ની કલમ–૫૨(એ)(૨)નો ભંગ કરેલ છે અને સદર એકટ મા સને ૨૦૧૪થી સુધારો કરી કલમ– ૫૨(એ)(૨) અને (૩)નો ઉમેરો કરવામા આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સને ૨૦૧૬મા યુનીયન ઓફ ઈન્ડીયા વિ. મોહનલાલના ચુકાદામા તથા સને ૨૦૨૪ના ચુકાદામા આ કલમ– આદેશાત્મક હોવાનુ ઠરાવી હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટ સમક્ષ સેમ્પલીંગ, સીલીંગ, ઈન્વેન્ટરી અને ફોટા અંગેનુ સર્ટીફીકેશન કરાવવું ફરજીયાત કરેલ છે. આપ નામ. કોર્ટમા નિ. ૬૧/૧થી નામ. કેન્દ્ર સરકાર ધ્વારા કલમ– ૫૨(એ)(૨) હેઠળ પ્રસીધ્ધ કરેલ નોટીફીકેશન રજુ કરેલ છે તેમા કલમ–૫૨(એ)(૨) હેઠળ મેજીસ્ટ્રેટ એટલે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટને ગણેલ છે. પ્રસ્તુત કેસમા કઠલાલના હકુમત ધરાવતા જયુડીશ્યલ મેજી. સમક્ષ કલમ– ૫૨(એ)(૨) હેઠળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આંક–૫૬–૫૭ નો પત્ર જોતા કઠલાલ ખાતે તા. ૧૦/૦૪/ ૨૦૨૨ના રોજ જયુડીશ્યલ મેજી. કાર્યરત હતા તેમ છતાં કલમ– ૫૨(એ)(૨)ની કાર્યવાહી માટે કોઈ અરજી પણ જયુ. મેજી.ને કરતા નથી તે સ્વીકૃત હકીકત છે. તેથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. તે સ્વીકૃત હકીકત છે. તેથી કલમ–૫૨(એ)(૨) ની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરેલ છે. પ્રસ્તુત કેસમા કઠલાલના નાયબ મામલતદારે સમગ્ર કલમ– ૫૨(એ)(૨)ની કાર્યવાહી કરેલ છે જે નિ. ૬૧/૧ તથા ૨૦૨૪ એસ.એ.આર. ક્રિમીનલ પાન નં. ૪૨૦મા પ્રસ્થાપતી કરેલ કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધની

કાર્યવાહી એનસીબી ધ્વારા કરેલ છે. એનસીબીની ઉપરોકત આદેશાત્મક જોગવાઈઓ વિરૂધ્ધની કાર્યવાહીને કાયદેસર ઠરાવી શકાય નહી. ડેપ્યુટી મામલતદાર એ મેજીસ્ટ્રેટ નથી તેથી પણ કલમ– પર(એ)(ર)નો ભંગ કરેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૬(ર) અને ૬(૪) વંચાણે લેતા જ્યુડી. મેજી. અને એકસી. મેજી. અલગ અલગ છે.

(૮.૭) એન.ડી.પી.એસ. એકટની કલમ–પર(એ)(૩)નો ભંગ કરેલ છે આંક–૩૮નો દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા તેમાં ''લસણ'' જે પ્રતિબંધીત વસ્તુ નથી તેનો નાશ કરવાની માંગણી કરેલ છે અને ડેપ્યુટી મામલતદારે તે માંગણીની મંજુરી કરી ''લસણ'' નો નીકાલ કરવાનો હુકમ કરેલ છે જેથી નાયબ મામલતદારે કરેલ હુકમ કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હુકમ છે તેને કાયદાની કોર્ટ માન્ય રાખી શકે નહી. એનસીબીની ગેરકાયદેસર કાર્યવાહી પણ કલમ–પર(એ)(૩)નો ભંગ કરે છે. જેથી ટ્રાયલ દુષિત બને છે. સાહેદ નં. ૩ પેરા ૩૩, ૩૪ની કબુલાત તથા ચુકાદાઓ ધ્યાને લેશો.

(૮.૮) આપ નામ. કોર્ટ સમક્ષ વધેલો આક્ષેપિત મુદ્દામાલ રજુ થયેલ નથી. મુદ્દામાલ નષ્ટ કરવા માટે હકુમત ધરાવતા જ્યુ. મેજી.નો કોઈ હુકમ મેળવેલ નથી. વધુમા એનસીબી ધ્વારા નાયબ મામલતદાર સમક્ષ વધેલા આક્ષેપિત પોષડોડાના મુદ્દામાલને નષ્ટ કરવા માટે કોઈ અરજી કરેલ નથી કે કઠલાલના એકઝીકયુટીવ મેજી. સાહેબ પાસેથી વધેલ મુદ્દામાલ નષ્ટ કરવા માટેનો કોઈ હુકમ મેળવેલ નથી જેથી એનસીબી ધ્વારા કાયદાની આદેશાત્મક જોગવાઈનો ભંગ કરેલ છે જેથી પણ ટ્રીબ્યુનલ દુષિત બનેલ છે.

(૮.૯) પીઠાઈ ટોલ નાકા પર સુપરવાઈઝર તથા અન્ય કર્મચારીઓ સ્વતંત્ર સાક્ષી તરીકે મળી શકે તેમ હોવા છતાં તેઓને તપાસેલ નથી, કે કોર્ટ સમક્ષ તેઓને સાક્ષી તરીકે રજુ કરેલનથી. પીઠાઈ ટોલ નાકા પર આક્ષેપિત વાહનની હાજરી પણ સાહેદ નં. ૩ પેરા ૪૫, ૪૭ની કબુલાત સાથે વાંચતા શંકાસ્પદ બને છે.

(૮.૧૦) એન.ડી.પી.એસ. એકટની કલમ–૪ર(૧)(ર) આદેશાત્મક જોગવાઈઓ છે જેનો ફરીયાદપક્ષ ધ્વારા ભંગ કરેલ છે જેથી ટ્રાયલ દુષિત ઠરે છે. આ કલમના પાલન માટે સૌ પ્રથમ સાહેદ નં. ર ધ્વારા કલાક ૧૩:૦૦ વાગ્યે બાતમી મળી તે બાતમી

તેણે લખી લીધી નથી (જુઓ સાહેદ નં. ૨ પેરા ૧૭ની કબુલાત). આંક–૩૨નો પત્ર એ માત્ર (બાતમી) નથી તે વચાંણે લેતા તે રીપોર્ટ છે. તેમાં સાહેદ નં. ૨ ધ્વારા તેના ઉપલા અધીકારીને કયા સ્થળે વોચ ગોઠવીએ તો મુદ્દામાલ કબ્જે થઈ શકે તેવું સુચન પણ છે. જેથી આંક–૩૨ લખેલ બાતમી નથી. આંક–૩૨ એ લખેલ બાતમીની નકલ નથી. આ દલીલને કલમ– ૪૨(૨)મા ''COPY THEREOF'' શબ્દ સાથે વિશ્લેષણ કરતા, અર્થઘટન કરતા સાહેદ નં. ૨નાએ આંક–૩૨નો અસલ પત્ર પોતાની પાસે રાખેલ નથી અને તેમ કરી કલમ– ૪૨(૨)ની આદેશાત્મક જોગવાઈનો ભંગ કરેલ છે. આંક–૩૨નો અસલ પત્ર અને આંક–૩૨ની નકલ આમ બે દસ્તાવેજી પુરાવા નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ નથી કે પુરવાર થયેલ નથી. સાહેદ નં. ૨ પાન નં. ૧૨ પેરા નં. ૧૭ મા આંક–૩૨ લખતા પહેલા બાતમી એક કાગળમા લખી હતી, કલાક ૧૩:૧૦ પહેલા લખેલ બાતમીવાળો કાગળ નામ. કોર્ટમા રજુ થયેલ નથી કે પુરવાર થયેલ નથી. જો સાહેદ નં. ૨ નાએ લકાક ૧૩:૧૦ પહેલા બાતમી કોઈ કાગળમા લખી હોય તો તે કલમ–૪૨(૧) હેઠળનો બાતમી લખ્યા બાબતનો મહત્વનો પુરાવો ગણાય. પરંતુ આવા કલમ–૪૨(૧) ના પાલન સંબંધના મહત્વના દસ્તાવેજી પુરાવા પણ ફરીયાદ પક્ષે ''WITHHELD'' કરેલ હોવાથી પુરાવાના કાયદાની કલમ–૧૧૪(જી) અન્વયે ફરીયાદ પક્ષ વિરૂધ્ધ અનુમાન દોરી તેનો લાભ આરોપીઓને આપવા મહે. થશે. સાહેદ નં. ૩ પેરા ૪૬ની કબુલાતથી સાહેદ નં. ૨નાને જયારે બાતમી મળી તે લખી લીધી હોય તે પણ નિ:શંક રીતે સાબીત થયેલ નથી તેવું ઠરાવશો.

(૮.૧૧) સાહેદ નં. ૪ શૈલેન્દ્ર મીશ્રાની પેરા ૪ની કબુલાતથી સાહેદ નં. ૨ રાજકુમાર કે જેને સૌપ્રથમ બાતમી મળેલ તે કલાક ૧૩:૦૦ વાગે લખી લીધી હોય તેવું નિ:શંક રીતે સાબીત થતું નથી. આંક–૩૨ એ રીપોર્ટ છે પરંતુ સાહેદ નં. ૨ ને કલાક ૧૩:૦૦ વાગે મળેલ બાતમીથી તેવું સાહેદ નં. ૪ના પેરા ૪ની કબુલતાથી જણાય છે. જેથી કલમ– ૪૨(૧) નો ભંગ થયેલ છે તેવું માનવાને કારણ રહેલ છે.

(૮.૧૨) સાહેદ નં. ૪ની પેરા ૩ની (પેજ નં. ૩) અને પેરા ૭ની કબુલાતને સાહેદ નં. ૩ અતુલ યાદવની પેરા ૩૦ની કબુલાત સાથે વિશ્લેષણ કરતા આ કામની બાતમી

મેળવનાર, સર્ચ, સીઝર, કરનાર સાહેદ નં. ૧ રાજકુમાર કરતા સાહેદ નં. ૩ અતુલ યાદવ જુનીયર કક્ષાના અધિકારી હતા. સીનીયર રેડ કરે અને જુનીયર તપાસ કરે છે. આ તપાસ આક્ષેપિત મુદ્દામાલના ''મુળ'' કોની પાસેથી ખરીદેલ હતો તથા ''ડેસ્ટીનેશન'' કયાં લઈ જવાનો હતો ત્યાં સુધી પહોંચેલ હોય તેવું બનેલ નથી. જેથી જુનીયર અધીકારીની તપાસ દુષિત બનેલ છે.

(૮.૧૩) એન.ડી.પી.એસ. એકટની કલમ– ૫૦ નો સર્ચ પહેલા અમલ કરેલ નથી. આ અંગે આંક–૨૩નુ પંચનામું વંચાણે લેતા સર્ચ, સીઝર કર્યુ તે અગાઉ કે કલાક ૨૧:૫૦ વાગે કથિત પંચનામું પુરૂ થયું ત્યાં સુધી એન.ડી.પી.એસ.ની કલમ–૫૦નો અંગઝડતી નો વિકલ્પ આપ્યો હોય તેવું પુરવાર થયેલ નથી. સાહેદ નં. ૨ના પુરાવાથી પણ સર્ચ, સીઝર પુર્ણ કર્યુ, પંચનામું પુરૂ કર્યુ ત્યાં સુધી કલમ– ૫૦નો કાયદા મુજબનો વિકલ્પ આપેલાનુ પુરવાર થતું નથી. સાહેદ નં ૩ અતુલ યાદવના પુરાવાથી પણ કલમ– ૫૦ અન્વયેનો અંગ ઝડતી માટેનો કાયદા પ્રમાણેનો કોઈ વિકલ્પ આપેલાનુ પુરવાર થયેલ નથી. અંગ ઝડતીના વિકલ્પ અંગે મૌખીક કે દસ્તાવેજી પુરાવા સ્વરૂપે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૮.૧૪) આ રેઈડમા કોઈ ગેઝેટેડ અમલદાર સામેલ ન હતા, આરોપીઓને ગેઝેટેડ અમલદાર સમક્ષ રજુ કર્યા હોય તેવું બનેલ નથી. જેથી સમગ્ર સર્ચ, સીઝરની કાર્યવાહી દુષિત બને છે. આ કામે ગેઝેટેડ ઓફીસર અથવા મેજી. રૂબરૂ સર્ચ સીઝરની કાર્યવાહી કરેલ નથી જે કલમ–૫૦ નો ભંગ થયેલ છે જે ટ્રાયલને ઘાતક નીવડે છે. આ કામે સાહેદ નં. ૨ જે બાતમી મેળવનાર અને રેડ પણ પોતે કરનાર હોવાથી તેને હીત ધરાવનાર સાહેદ તરીકે ગણી આ કામની સર્ચ પણ સાહેદ નં. ૨નાએ કરેલ હોવાથી કલમ–૫૦ની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરેલ હોવાથી સર્ચ સીઝરની કાર્યવાહી દુષીત બનેલ છે તેવું ઠરાવશો.

(૮.૧૫) મુદ્દામાલના સેમ્પલ સાથે ચેડા થવાની સંભાવના ફરીયાદપક્ષ દુર કરી શકેલ નથી. ઉલટમાં આરોપી પક્ષ ધ્વારા મુદ્દામાલના સેમ્પલ સાથે ચેડા થયેલાની સંભાવના રેકર્ડ પર લાવેલ હોવાથી પણ આરોપીને શંકાનો લાભ આપવા મહેરબાન થશે.

સી.આર.સી. સેલમા મોકલવાનુ ફોર્મ સ્થળ ઉપર બનાવેલ નથી. આ કામે મુદ્દામાલ બનાવના બાદ ઘણા કલાકો સુધી એનસીબી અધીકારીઓ પાસે રહેલ છે. આ કામે ઉપયોગમા લીધેલ શીલ પણ એનસીબીના અધીકારીના કબ્જામા જ હતા.સેમ્પલની પ્લાસ્ટીકની થેલીને સાફ કરેલ નથી કે હીટ શીલ મારેલ નથી. જીપલોક વાળી થેલીમા મુદ્દામાલની થેલીને હીટશીલ ના આપે તો થેલીમા મુકેલ મુદ્દામાલ પાછો બહાર કાઢી શકાય તેવી સાહેદ નં. ૩ તપાસ કરનાર અમલદાર યાદવની પેરા ૩૯, ૪૦, ૪૧ની કબુલાતને તથા રજુ થયેલ ચુકાદામા ઠરાવેલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા મહે. કરશોજી.

(૮.૧૬) નાયબ મામલતદાર રૂબરૂ તૈયાર કરેલ સેમ્પલનુ વજન અને સીઆરસીએલમા પૃથ્થકરણ થયેલ સેમ્પલના વજનમાં ઘણો મોટો ''વધારે અને ઓછો'' તફાવત રેકર્ડ પર ઓલ હોવાથી પણ નાયબ મામલતદાર કઠલાલ સમક્ષ તૈયાર કરેલ તથા આંક–૩૯ નિ. ૪/૧૧/૨ ના દસ્તાવેજ પ્રમાણે ૨૫૦ ગ્રામ વજન ધરાવતા સેમ્પલ એસએ(૧), એસબી(૧), એસસી(૧), એસડી(૧), એસઈ(૧) અને એસએફ(૧) જ મોકલ્યા હોય તેવું આંક–૭૮ના સીઆરસીએલના રીપોર્ટમા જણાવેલ દરેક સેમ્પલના વજન તેમજ સાહેદ નં. ૩ યાદવની પેરા ૩૯ની કબુલાત સાથે વિશ્લેષણ કરતા સેમ્પલ ચેડા કરીને મોકલેલ હોવાનું માનવા ને કારણ રહે છે તેવું ઠરાવવા મહે. થશો.

(૮.૧૭) સાહેદ નં. ૭૮નો સીઆરસીએલનો રીપોર્ટ પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય નહી કારણ કે આ કામે એન.ડી.પી.એસ. એકટની કલમ– ૫૨(એ)(૨) મુજબની કાર્યવાહી હકુમત ધરાવતા કઠલાલના જયુ. મેજી. સાહેબ સમક્ષ કરેલ નથી. જેથી આંક–૭૮નો સીઆરસીએલ નો રીપોર્ટ માત્ર વેસ્ટ પેપર તરીકે ગણવા મહે. થશે.

(૮.૧૮) આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ અક્ષેપિત પોપીસ્ટ્રોમા મેકોનીક એસીડ અને મોર્ફીનની માત્રા શોધી શકાયેલ નથી જેથી આક્ષેપિત મુદ્દામાલ (પોપીસ્ટ્રો) હોવાનુ સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેનો લાભ આરોપીને આપવા મહે. થશો.

(૮.૧૯) એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૩ અન્વયેના તપાસ કરનાર અધિકારીને જે કલમ– ૫૨(એ)(૨)ની કાર્યવાહી કરવા અધીકાર છે. આ કામે આંક–૪૫ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ સાહેદ નં. ૩ યાદવ ને તપાસ કરનાર અધીકારી તરીકે સાહેદ નં. ૪ મીશ્રા ધ્વારા પેરા નં. ૭મા કબુલાત પ્રમાણે તા. ૦૮/૦૪/૨૦૨૨ની રાત્રીના સમયે તપાસ કરનાર અમલદાર તરીકે નિમણુક કરેલ છે જેથી કલમ–૫૩ની જોગાવઈ ધ્યાને લતા સાહેદ નં. ૩ તા. ૦૯/૦૪/૨૦૨૨ અને ત્યારબાદના સમયમા કલમ–૫૨(એ)(૨) અને કલમ–૫૨(એ)(૩)ની કાર્યવાહી કરવા માટે અધીકાર ધરાવતા હોવા છતા સાહેદ નં. ૩નાએ કલમ–૫૨(એ)(૨)ની કાર્યવાહી કરેલ નથી. સાહેદ નં. ૨ના પેરા નં. ૨૧ની કબુલાત પ્રમાણે જયુડી. મેજી. અને એકઝી. મેજી.ના કાર્યક્ષેત્ર અલગ હોવાનુ જાણતા હોવા છતાં આંક–૩૫, ૩૬ના દસ્તાવેજી પુરાવા પ્રમાણે એકઝી. મેજી.ે રેવન્યુ અમલદાર છે તેમની સમક્ષ કલમ–૫૨(એ)(૨)ની કાર્યવાહી કરેલ છે જે સમગ્ર પ્રક્રીયમ કાયદાથી વિરૂધ્ધની હોય તેનો ઉપયોગ આરોપી સામે કરી શકાય નહી. કલમ–૫૨(એ)(૨) અને (૩)ની કાર્યવાહી અનઅધીકૃત એવા એકઝી. મેજી. સમક્ષ કરેલ હોવાથી દુષિત બનેલ છે. આંક–૩૭ના ફોટોગ્રાફ પણ સીપાઈ ધ્વારા પાડવામા આવેલ છે. એન.ડી.પી.એસ. એકટની કલમ– ૪૨(૧) મા સીપાઈને કોઈપણ કાર્યવાહી કરવા અધીકાર નથી. જેથી આંક–૩૭ના ફોટોગ્રાફ પણ અનઅધિકૃત સીપાઈ ધ્વારા પાડેલ હોવાથી તેને કાયદેસરનો પુરાવો માની શકાય નહી. આંક–૩૭ના ફોટોગ્રાફમા એકસી. મેજી. કે સાહેદ નં. ૨ જણાતા નથી. જેથી વજન, સીલીંગ, સેમ્પલીંગની કાર્યવાહી, સાહેદ નં. ૨ અથવા એકઝી. મેજી. રૂબરૂ થયેલ હોય તેવું પણ નિ:શંક રીતે સાબીત થતું નથી તેવું ઠરાવશો. આંક–૩૮ની અરજી પણ મેજી. સાહેબ સમક્ષ કરેલ નથી જેથી કલમ– ૫૨(એ)(૩)નો ભંગ કરેલ છે. આંક–૩૮ લગત એકઝી. મેજી. ધ્વારા માત્ર લસણનો નીકાલ કરવા હુકમ કરેલ છે. આંક–૩૮થી આક્ષેપિત પોપીસ્ટ્રોનો નાશ કરવાનો કોઈ હુકમ કરેલ નથી. તેવો હુકમ કરવા માટે એકસી. મેજી. ને સત્તા નથી. મુદ્દામાલ પોપીસ્ટ્રો નો નાશ કરવાનો કોઈ હુકમ રેકર્ડ

પર રજુ કે પુરવાર થયેલ નથી. તેમ છતાં એનસીબી વાળાએ પોપીસ્ટ્રોનો ''મેજી. ના હુકમ વગર નાશ કરી કાયદાનો છડેચોક ભંગ કરેલ છે.''

(૮.૨૦) આંક–૩૯નો પત્ર જોતા આર્ટીકલ એસએ(૧), એસબી(૧), એસસી(૧), એસડી(૧), એસઈ(૧), અને એસએફ(૧)નાઓ (જયુડી બ્રાસ શીલ) સાથે તૈયાર કરેલાનુ જણાવેલ છે. પરંતુ જયુડીશીયરીનુ બ્રાસ શીલ લાગેલ મુદ્દામાલ સીઆરસીએલ વડોદરા ખાતે પૃથ્થકરણ થયેલ નથી. આ બાબતે સાહેદ નં. ૫ની પેરા નં. ૫ની કબુલાત ધ્યાને લેતા જે આર્ટીકલ સીઆરસીએલમા પૃથ્થકરણ થયા તેના પરના શીલ સાથે ચેડા થયેલાનુ માનવાને કાણ રહે છે તેવું ઠરાવશો. આંક–૭૮ના રીપોર્ટને સાહેદ નં. ૫ની પેરા નં. ૫ની કબુલાત સાથે સરખાવતા મુદ્દામાલના સેમ્પલના શીલ સાથે ચેડા થયેલાનુ માનવાને કારણ રહે છે.

(૮.૨૧) સાહેદ નં. ૫ વિનોદનકુમારની પેરા નં. ૬ની કબુલાતને આંક–૭ ના સીઆરસીએલના રીપોર્ટ સાથે સરખામણી કરી વિશ્લેષણ કરતા સ્થળ પર દરેક આર્ટીકલ સેમ્પલ ૨૫૦ ગ્રામ વજન ધરાવતા તૈયાર કરવામા આવેલ હતું. સ્થળ પર ૨૫૦ ગ્રામ વજન ધરાવતા આર્ટીકલ તૈયાર કરેલાનુ નિ. ૪/૧૧/૨(આંક–૩૯)ના ટેસ્ટ મેમોથી તથા સાહેદ નં. ૩૨ના પેરા નં. ૩ની કબુલાતથી જણાય છે. સીઆરસીએલમા પૃથ્થકરણ થયેલ છે તે આર્ટીકલ એસએ–૧નુ વજન ૨૫૬ ગ્રામ હોવાનુ જણાય છે. આમ આર્ટીકલ એસએ–૧મા ૨૫૦ ગ્રામ કરતા ૬ ગ્રામ વધુ મુદ્દામાલ સીઆરસીએલને મળેલ છે તે પ્રમાણે આર્ટીકલ એસબી–૧ ૨૫૦ ગ્રામના બદલે ૨૫૮ ગ્રામ એટલે કે સ્થળ પર શીલ કરેલ મુદામાલ કરતા ૮ ગ્રામ વધુ, આર્ટીકલ એસબી–૧ ૨૫૦ ગ્રામના બદલે ૨૪૯ ગ્રામ, આર્ટીકલ એસડી–૧, ૨૫૦ ગ્રામના બદલે ૨૩૮ ગ્રામ એટલે કે સ્થળ પર સીલ થયાથી ૧૨ ગ્રામ ઓછું, આર્ટીકલ એસઅઈ–૧, ૨૫૦ ગ્રામના બદલે ૨૩૨ ગ્રામ એટલે કે ૧૮ ગ્રામ ઓછી માત્રામા સીઆરસીએલને પ્રાપ્ત થાય છે જેથી એવી દલીલ છે કે સ્થળ પર સીલ કરેલ ૨૫૦ ગ્રામ વજન ધરાવતા આર્ટીકલ સીઆરસીએલને મળેલ નથી કે ૨૫૦ ગ્રામ વજન ધરાવતા સેમ્પલ સીઆરસીએલમા પૃથ્થકરણ થયેલ નથી જેથી મુદ્દામાલના સેમ્પલ સાથે ચેડા થયેલ છે. ૧૮ ગ્રામ, ૧૨ ગ્રામ મુદ્દામાલ ઓછો થાય

તે નગણ્ય વાત માની શકાય નહી. તે જ પ્રમાણે સેમ્પલના વજન કરતા ૬ ગ્રામ, ૮ ગ્રામ, ૧૭ ગ્રામ વજન વધી જાય તો પણ મુદ્દામાલ સાથે ચેડા થયેલાનુ માનવા માટે વ્યાજબી કારણ છે તેવું ઠરાવશો. વજન સાથે ચેડા થાય છે તે બાબતે આંક – ૩૭ના ફોટોગ્રાફના સેમ્પલનુ વજન ડીજીટલ કાંટા પર ચોકકસ ૨૫૦ ગ્રામ હોવાનુ જણાય છે. જયારે સીઆરસીએલમા ૨૫૦ ગ્રામના સેમ્પલ પહોંચતા જ નથી કે પૃથ્થકરણ થતા નથી તેવું આંક–૭૮ના રીપોર્ટથી જણાય છે જેથી ફરીયાદપક્ષના આંક–૩૭ના ફોટોગ્રાફમા સેમ્પલનુ વજન ૨૫૦ ગ્રામ તથા આંક–૭૮ના સીઆરસીએલના રીપોર્ટમા ૨૫૦ ગ્રામ વજન ધરાવતો એકપણ આર્ટીકલ મળેલ નથી કે પૃથ્થકરણ થયેલ નથી. આમ, આંક–૩૭ અને આંક–૭૮ના બે દસ્તાવેજી પુરાવા સેમ્પલના વજન બાબતે એક બીજાથી વિરોધાભાષી સાબીત થતા હોય સ્થળ પર સીલ કરેલ સેમ્પલમાના મુદ્દામાલ સાથે ચેડા થયેલા હોય તે ફરીયાદપક્ષના આંક–૩૭ અને આંક–૭૮ના પુરાવા થી સાબીત થતું હોય તે મુદ્દામાલ સાથે ચેડા થયાનો પુરતો પુરાવો છે.

(૮.૨૨) આંક–૩૩ ગોડાઉન રીસીપ્ટ સાહેદ નં. ૨ રાજકુમાર દ્વારા તૈયાર કરવામા આવેલ છે સાહેદ નં. ૨ માહીતી મેળવનાર, સર્ચ કરનાર અને મુદ્દામાલ જમા કરનાર એમ ત્રણ રોલ જ કરનાર સાક્ષી છે. વન મેન શો કરનાર સાહેદનો પુરાવો પણ શંકાના દાયરામા આવે છે. આંક–૩૩ની ગોડાઉન રીસીપ્ટ જોતા આક્ષેપિત પંચનામામાં ૪૬ થેલા કબ્જે થાય છે જયારે ગોડાઉનમા ૩૬ થેલા જમા થાય છે બાકીના ૧૦ થેલા કયાં મુકવામા આવ્યા તે બાબતે ફરીયાદ પક્ષ દ્વારા કોઈ ખુલાસો આપ નામ. કોર્ટ સમક્ષ કરેલ નથી જેથી ૪૬ થેલા ગોડાઉનમા જમા ન કરી ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનાવે છે.

(૮.૨૩) સ્થળ પર વાહન ચલાવતા પકડાયો હોય અને વાહમાંથી જ આક્ષેપીત મુદ્દામાલ મળી આવ્યો હોય તેને છોડી મુકવા એનસીબીએ કૃત્ય કરેલ હોવાથી વાહનના ચાલક મોહંમદ સુફીયાનને એનસીબીના અધીકારીઓએ જાતે જ નિર્દેષ ઠરાવી તેની સામે કાર્યવાહી ન કરી કાયદાનો દુરઉપયોગ કરેલ હોવાથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનાવેલ છે. આંક–૩૪નો દસ્તાવેજી પુરાવો જોતા સાહેદ નં. ૨નાએ તેના ડાયરેકટરને મહંમદ સુફીયાન સહીત ૩ વ્યકિતને તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ

વાહન સાથે પકડાયેલાનો કલમ– ૫૭ હેઠળ રીપોર્ટ કરેલ છે. સીઝર મેમો જોતા વાહન કે જેમાંથી આક્ષેપિત મુદ્દામાલ મળી આવ્યાનો આરોપી છે તેવા મોહંમદસુફીયાનને કલમ– ૬૭ હેઠળના રેડ કરનાર અને રેડમા સામેલ એવા સાહેદ નં. ૩ અતુલ યાદવ રૂબરૂના નિવેદન માત્રને આધાર બનાવી છોડી મુકવાની કાર્યવાહી કરેલ છે તેનાીથ કોણ દોષી અને કોણ નિર્દોષ છે તેવી એનસીબીને હકુમત મળેલ હોય એટલે કે એનસીબી ધ્વારા ન્યાય તોલવામા આવતો હોય તેવી પ્રક્રીયા કરેલ હોવાથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બનેલ છે.

(૮.૨૪) આંક–૪૯, ૫૧, ૫૩ના નિવેદનો સાહેદ નં. ૩ કે જે આક્ષેપિત રેડમા સામેલ હતા તેણે નોંધેલા છે. વધુમાં આંક–૪૯, ૫૧ અને ૫૩ના નીવેદનો પૈકી આંક–૪૯ અને ૫૧ ના નિવદેનો આરોપી નં. ૧ અને ૨ ની કબુલાત સ્વરૂપનો નિવેદનો હોવાથી સુપ્રીમ કોર્ટ ધ્વારા તોફાનસીંગ વિ. સ્ટેટ ઓફ તામીલનાડુ તથા ત્યારબાદ આપેલ વિવિધ ચુકાદાઓ કે જે આપ નામ. કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તેના સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીઓની કબુલાતને પુરાવાની કાયદાની કલમ– ૨૫ના બાધ નડતો હોવાથી આરોપીઓ વિરૂધ્ધ તેવા નિવેદનને પુરાવા તરીકે ગ્રાહય નહી રાખવા અમારી દલીલ છે. આંક–૪૯ અને ૫૧ ના નીવેદનોમા જે ડીસ્કલોઝર થયેલ છે તે અંગે સાહેદ નં. ૩ પેરા નં. ૪૩ અને ૪૪ની કબુલાત સાથે વિશ્લેષણ કરતા ડીસ્કલોઝર વાળી બાબતોના કોઈ અનુમોદનીય પુરાવા મળેલ નથી તેથી પણ આંક–૪૯ અને ૫૧ના નીવેદનો આરોપીઓ વિરૂધ્ધ અનુમોદનીયા પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય નહી.

(૮.૨૫) વાહનનો કબ્જો આરોપી નં. ૧ અને ૨ નો હોય તેવું નિ:શંક રીતે સાબીત થયેલ નથી. આ બાબતે સાહેદ નં. ૩ પેરા નં. ૪૫ અને ૪૭ની કબુલાત સાથે વિશ્લેષણ કરતા આરોપી નં. ૨નાએ આક્ષેપિત વાહન ભાડે કર્યુ હોય તેવું પણ નિ:શંક રીતે સાબીત થતું નથી.

(૮.૨૬) આંક–૪૯ અને ૫૧ના નીવેદનમા કબુલાત સ્વરૂપમા પુનમ, જીતુ, વિનોદ, ગોપાલ વિગેરે વ્યકિતઓ બાબતે પણ તપાસ દરમ્યાન લેશમાત્ર પુરાવો મળેલ નથી તેથી તપાસ સંપુર્ણ રીતે કરેલ નથી. આરોપી નં. ૧ની દીપક જનરલ સ્ટોર નામની દુકાન

કાલુપુર સ્વામીનારાયણ મંદીર અમદાવાદ ખાતે આવેલી હોય તે બાબતનો કોઈ પુરાવો તપાસ દરમ્યાન મળેલો નથી. જેથી અનુમોદનીય પુરાવા વીના ડીસ્કલોઝરની હકીકતો પુરવાર થયેલાનુ માની શકાય નહી.

(૮.૨૭) આંક–૫૦નો પુરાવો જોતા ગાંજો મળેલ હોવાથી આરોપી નં. ૧ને અટક કરેલો છે તેવું જણાવેલ છે. જયારે ફરીયાદપક્ષનો કેસ ગાંજાનો નથી. આંક–૫૨નો પુરાવો જોતા પણ આરોપી નં. ૨ને ગાંજના કેસમા અટક કર્યો હોય તેવું જણાવેલ છે આ પુરાવામા ગાંજો દર્શાવેલ છે તેવા ગાંજા માટેનો કેસ નથી.

(૮.૨૮) આરોપી નં. ૧ અને ૨ના સ્વતંત્ર કબ્જામાંથી વાહન કબ્જે થયેલ હોય તેવો પુરાવો નથી. આરોપી નં. ૧ અને ૨ ધ્વારા વાહન ભાડે રાખેલ હોય તેવો કોઈ અનુમોદનીય પુરાવો નથી. મુદ્દામાલના સેમ્પલ સાથે ચેડા કરી ૨૫૦ ગ્રામ કરતા ઓછો અને વધારે વજન ધરાવતા સેમ્પલ પૃથ્થકરણ માટે મોકલેલ છે. એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૨(એ)(૨)ની મુજબ હકુમત ધરાવતા કઠલાલના જયુ. મેજી. સમક્ષ કોઈ કાર્યવાહી કરેલ નીથ. જયુ. મેજી. સમક્ષ કલમ– ૫૨(એ)(૨)ની કાર્યવાહી કરેલ નહી હોવાથી આંક –૭૮નો સીઆરસીએલનો રીપોર્ટ વેસ્ટ પેપર બનેલ છે. આર્ટીકલને સીલ કરેલ તે રાઉન્ડ સીલ પણ રેડીંગ પાર્ટીના કબ્જામા રહેલ છે. આમ, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનુ તહોમતનામું નિ:શંકપણે સાબીત કરેલ નહી હોવાનુ તથા આરોપીના અંગ કબ્જામાીથ કોઈ મુદ્દામાલ મળેલ નહી હોવાથી એન.ડી.પી.એસ. એકટની કલમ–૩૫ અને ૫૪ અન્વયે આરોપીઓ સામે અનુમાન કરી શકાય નહી.

(૮.૨૯) ફરીયાદપક્ષ ધ્વારા ''મોબાઈલના વ્હોટસઅપ ચેટના ફોટોગ્રાફસ'' રજુ કરેલ છે તે કાયદેસર પુરવાર થયેલ નથી. આક્ષેપિત ફોટો પાડનાર સાહેદ નં. ૩ ધ્વારા પુરાવાના કાયદાની કલમ–૬૫(બી)(૪) મુજબનો સર્ટી. આપેલ નથી કે રજુ થયેલ નથી. જેથી ''મોબાઈલના વોટસએપ ચેટના ફોટોગ્રાફસ'' કાયદેસર પુરવાર થયેલા નહી હોવાથી આરોપી વિરૂધ્ધ પુરાવા તરીકે વંચાણે લઈ શકાય નહી.

(૮.૩૦) આંક–૬૪ના નીવેદનથી પણ આક્ષેપિત વાહન આરોપી નં. ૧, ૨ ધ્વારા ભાડે રાખ્યું હોય તેવું પુરવાર થયેલ નથી. આક્ષેપિત વાહન ફકત એક જ

ટ્રીપ સાથે સબ્બીર મોદન ધ્વારા મોહંમદ યુનુસને આપેલ તેનુ ભાડુ આંક–૬૪ના નીવેદન આપનાર રફીક વ્હોરાને મળ્યું હોય તેવું પણ સાબીત થયેલ નથી.

**Para. 7:-** The prosecution case is that Mr. D.J.Vaghela, PSI, R.R.Cell, Gandhinagar Range, Gandhinagar, had raided house of the appellant, which resulted into find of poppy straw, prepared opium, poppy husk, psychotropic substances etc. Mr. Vaghela is neither a Gazetted Officer, nor empowered officer under Section 41(2) of the Act. Therefore, the provisions of Section 42 of the Act would apply to the facts of the case. There is no manner of doubt that it was his duty to comply with the provisions of Section 42 of the Act. The evidence on record shows that he had reduced the information received by him into writing, which is quite evident from the contents of Exh.27. However, the record does not show that he had forwarded the report contemplated by Section 42(2) of the Act to his immediate official superior. In fact, in Para-20 of his deposition, P.S.I. Mr. Vaghela has, in terms, admitted that except reducing the information into writing by making an entry in the Station Diary, he had not informed any officer of his department about the receipt of the information. Mr. K.T. Dave, learned A.P.P. for the State, could not satisfy the Court that the report as envisaged under Section 42(2) of the Act was forwarded by PSI Mr. D.J.Vaghela to his immediate official superior. Thus, there is no manner of doubt that mandatory provisions of Section 42(2) of the Act were not complied with. By catena of decisions of the Apex Court, it is well settled that non-compliance of the provisions of Section 42(2) of the Act would entitle accused to acquittal because of inbuilt prejudice resulting from non-compliance of the said provisions. Therefore, instant appeal deserves to be accepted on this short ground.

**Para. 8:-** However, the record further shows that the muddamal samples were not properly sealed as required by law. The testimony of PSI Mr.

D.J.Vaghela read with other evidence produced on record of the case, would indicate that slips bearing signatures were not affixed on any of the muddamal samples at all, but, were kept loose and the original slips bearing signatures of panch-witnesses have been produced on record of the case at Exhs.34 to 37. The correct procedure of sealing muddamal is enumerated by three decisions of this Court, namely: (1) Chandrakant Nagindas Modi v. State of Gujarat 1989(1) F.A.C.153; (2) Unreported decision dated August 17, 2001 rendered by the Division Bench comprising B.C. Patel (as he then was) & A.L. Dave, JJ., in Criminal Appeal No.323 of 1996 filed by Jitendra alia Sanjaykumar Surykant Desai against State of Gujarat, and (3) decision dated May 7, 2002 rendered by the Division Bench comprising Kshitij R. Vyas & Ravi Tripathi, JJ in Criminal Appeal No. 287 of 1999 filed by Ganpatram Punmaram Vishnoi against State of Gujarat. As per law laid down by this Court, the slips bearing signatures of the panch-witnesses should be affixed on samples and thereafter seals should be applied so that if any attempt is made to tamper with the sample, the slips affixed would get torn. On reappreciation of evidence, this Court is satisfied that correct and fool-proof procedure of sealing was not resorted to by Mr. Vaghela and possibility of tampering with muddamals was not ruled out at all. This deficiency will have to be evaluated in the light of other discrepancies brought on record of the case. The case of the prosecution is that samples of 250 grams of ganja, 250 grams of poppy husk, 20 grams of charas, 649 tablets of madhu-munakka containing psychotropic substance were sent to F.S.L. for detailed analysis. The report of analysis indicates that sample of ganja was weighing 225 grams instead of 250 grams, whereas sample of poppy-husk was weighing 236 grams instead of 250 grams and sample of charas was weighing 17.5 grams instead of 20 grams and 653 muddamal tablets, having psychotropic substance, were received by F.S.L. for analysis instead of the fact that total number of tablets seized was 649. This discrepancy is not explained by any of the witnesses examined by the prosecution. This discrepancy has to be viewed in the light of the defective procedure adopted by P.S.I. Mr. Vaghela at the time of sealing muddamal articles. Therefore, it is not satisfactorily explained by the prosecution that the muddamal samples were sealed in such a manner so as to rule out tampering of the same before it reached F.S.L. On this ground also, the appellant is entitled to get benefit of reasonable doubt. On review of evidence led before the trial Court, this Court is of the opinion that it is difficult to sustain conviction of the appellant and the appeal will have to be allowed.

For the foregoing reasons, the appeal succeeds. Judgment dated January 19, 2000 rendered by the learned Special Judge & Additional Sessions Judge, Mehsana Camp at Patan, in Special N.D.P.S. Case No. 2 of 1999 convicting the appellant for commission of offences punishable

under Sections 15, 20, 21 & 22 of the N.D.P.S. Act, 1985 and sentencing him to R.I. for ten years and fine of Rs. 1 Lakh, in default, S.I. for three years, for commission of each offence, is hereby set aside. Instead, the appellant is acquitted. The respondent is directed to release the appellant from jail forthwith unless his presence in jail is needed with reference to any other case. The muddamal be disposed of in terms of directions given by the learned Judge in the impugned judgment.

**Sr. No. 28** The judgment of the Hon'ble Supreme Court of India in case of *State of Himachal Pradesh Vs. Nirmal Kaur @ Nimmo and others,* reported in 2023(1) Drug Cases (Narcotics) 121, in Criminal Appeal No.956 of 2012 decided on 20.10.2022, wherein in para-91 it is held as under :

**Para. 91:-** In the result, we hold that, once a Chemical Examiner establishes that the seized 'poppy straw'indicates a positive test for the contents of 'morphine' and 'meconic acid', it is sufficient to establish that it is covered by sub- clause (a) of Clause (xvii) of Section 2 of the 1985 Act and no further test would be necessary for establishing that the seized material is a part of 'papaver somniferum L'. In other words, once it is established that the seized 'poppy straw' tests positive for the contents of 'morphine' and 'meconic acid', no other test would be necessary for bringing home the guilt of the accused under the provisions of Section 15 of the 1985 Act.

**Sr. No. 29** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Mohinder Singh Vs. State of Punjab,* reported in 2018(0) AIJEL-SC 62634, in Criminal Appeal No.2182 of 2010 decided on 14.08.2018, wherein held on this subject as under:

Narcotic Drugs and Psychotropic Substances Act, 1985-S.50. Recovery of contraband. Non-compliance of S.50. Appellant was carrying contraband about seven Kilos of "opium" in bag which he was carrying in scooter. Held, carrying the contraband in scooter/bag cannot be said to be 'by the person' necessitating compliance of S.50 of the NDPS Act for personal search.

Narcotic Drugs and Psychotropic Substances Act, 1985- S.18. Possession of contraband. Order of acquittal passed by Special Judge reversed by High Court. Validity. Non production of contraband before Court. Effect of. Held, for proving offence under NDPS Act, it is necessary for prosecution to establish that quantity of contraband goods allegedly seized from possession of accused and best evidence would be court records as to production of contraband before Magistrate and deposit of same before Malkhan or document showing destruction of contraband. The High Court appears to have gone by oral evidence of PW-2 and 3 that contraband

allegedly seized from accused was produced before Magistrate. When Trial Court which is in possession of case records recorded a finding that there is no order of Magistrate showing production of contraband before the Court and acquitted accused on that basis, the High Court ought not to have interfered with said order of acquittal. Conviction of appellant u/s. 18 of NDPS Act and sentence of imprisonment set aside. Appeal allowed.

**<u>Sr. No. 30</u>** The judgment of the Hon'ble Uttarakhand High Court in case of *Dayal Singh Burha alias Guddu Vs. State of Uttarakhand*, reported in 2013(2) EFR 497, in Criminal Appeal No.92 of 2009 decided on 01.05.2013, wherein held on this subject as under:

Narcotic Drugs and Psychotropic Substances Act, 1985, Section 20 and 52-A(1)-Criminal Procedure Code, 1973, Section 374(2). Recovery of **____ Kgs of charas** from accused/appellant. Conviction and sentence. Appeal. Legality. In instance case, sample found drawn by person not authorised by Act, also seized material remained with same person who seized contraband and not with person mentioned in sub-section (1) of Section 52-A of Act or with Magistrate immediately after same was seized, therefore, no acceptable evidence of weight of seized article accordingly conviction of appellant under Section 20 not sustained. Impugned judgment of trial Court set aside. Appellant to be set free at liberty on condition as stipulated. Appeal allowed.

**<u>Sr. No. 31</u>** The judgment of the Hon'ble Himachal Pradesh High Court in case of *Sanjiv Kumar Vs. State of Himachal Pradesh*, reported in 2016(1) Drugs Cases (Narcotics) 604, in Criminal Appeal No.525 of 2015 decided on 04.01.2016, wherein held on this subject as under:

Conviction/sentence-of the appellant-accused of the offence under section 15 of NDPS Act, 1985- is challenged. Recovery of huge quantity of poppy straw. The truck being driven by the accused was checked and eight plastic white coloured bags which were tied were recovered from which five bags were found containing 29.500 kg poppy straw each, one bag was found containing 25 kg and another bag was found containing 27.500 grams and last bag was found containing 26 kg poppy straw. There is no entry when the case property was taken out from the m*alkhana* and produced in the Court, there is no DDR recorded when the case property was produced before the trial Court. Similarly there is no entry when the case property after production in the trial Court was re-deposited in the m*alkhana* register. There is no doubt whether the case property which was produced in the Court was the same which was recovered from the accused and sent to FSL, Junga in the absence of any corresponding entries made at the time of taking it and re-deposit in the m*alkhana* register or it was case property of some other case. The nabbing of the accused, recovery and sealing proceedings in the case are doubtful. The prosecution failed to prove the

case against the accused beyond reasonable doubt for the commission of offence under Section 15 of the N. D. & P. S., Act. Impugned judgment of conviction and sentence set aside. Acquittal.

**<u>Sr. No. 32</u>** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Gangadhar alias Gangaram Vs. State of Madhya Pradesh*, reported in 2020(2) Drugs Cases (Narcotics) 760, in Criminal Appeal No.504 of 2020 decided on 05.08.2020, wherein held on this subject as under:
Reverse burden of proof. The presumption against the accused of culpability under Section 35, and under Section 54 of the Act to explain possession satisfactorily, are rebuttable. The presumptive provision with reverse burden of proof, does not sanction conviction on basis of preponderance of probability. Section 35(2) provides that a fact can be said to have been proved if it is established beyond reasonable doubt and not on preponderance of probability.

**<u>Sr. No.33</u>** The judgment of the Hon'ble Gujarat High Court in case of *Afshanaben W/o. Salimbhai Kayda Vs. State of Gujarat*, in Criminal Misc. Application No.02 of 2024 in R/Criminal Appeal No.2186 of 2023 decided on 14.10.2024, wherein in paras-21 & 22 it is held as under :
**Para. 21:** Recently, Supreme Court in the case of ***Mangilal Vs. The State of Madhya Pradesh 2023 LiveLaw (SC) 549***, while dealing with the non-compliance of sub-section 2, 3 and 4 of Section 52(A), has observed that, when there is a non-compliance of the said provision and the certification of the Magistrate is lacking any inventory, photography or list of samples would not constitute primary evidence and reason behind this provision is to inject fair play in the process of investigation. Subsequent to this judgment, the Supreme Court in the case of ***Yusuf @ Asif vs. State 2023 LiveLaw (SC) 890,*** in the identical situation after referring the case of Mohanlal(supra), held and observed that, where the samples of seized contraband are not drawn in presence of the Magistrate and the inventory of the seized contraband is not certified by the Magistrate, the seized contraband and the samples drawn therefrom would not be a valid piece of primary evidence in the trial and once there is no primary evidence available, the trial as a whole stands vitiated. Thereafter, the Apex Court in another matter namely ***Mohammed Khalid and Anr. Vs. The State of Telangana*** (Criminal Appeal No.1610 of 2023)(Coram: Hon'ble Justice B. R. Gavai and Hon'ble Justice Sandip Mehta) vide its order dated 01.03.2024 on the issue of drawing sample in the presence of Magistrate and certificate thereof has concluded that if the proceedings under 52(A) are not undertaken for preparing an inventory and obtaining samples in presence of Judicial Magistrate, the FSL Report is nothing but a waste paper and cannot be read in evidence.

**Para. 22:** In light of the law laid down by the Apex Court in its judgments as referred above and applying the same to the facts of present case, we are of the prima-facie opinion that, in the facts of present case, the investigating agency did not have drawn samples from the seized substances in the presence of Judicial Magistrate and there is no material on record to prove that, the Magistrate had certified the inventory of the substance seized or of the list of samples as referred by the trial court. The attempt was made by the State to show that, the compliance was done by the investigating agency. On perusal of the contents of affidavit filed by the I. O., it emerges that, after two years of the raid, the process of disposal of the seized contraband was undertaken and that too, with the aid of Executive Magistrate. Thus, as discussed above, the prosecution failed to point out that there was a compliance of sub-section 2, 3 and 4 of 52(A). In the circumstances, we are of the considered opinion that, the compliance of the provisions as referred are mandatory and any deviation therefrom would vitiate the trial.

**Sr. No.34** The judgment of the Hon'ble Gujarat High Court in case of *Bipin Bihari Vanmadi Bahera Vs. State of Gujarat,* in Criminal Misc. Application No.01 of 2024 in R/Criminal Appeal No.2468 of 2023 decided on 14.10.2024, wherein in paras-18 & 19 it is held as under :

**Para.18:** Recently, Supreme Court in the case of ***Mangilal Vs. The State of Madhya Pradesh 2023 LiveLaw (SC) 549***, while dealing with the non-compliance of sub-section (2), (3) and (4) of Section 52(A), has observed that, when there is a non-compliance of the said provision and the certification of the Magistrate is lacking any inventory, photography or list of samples would not constitute primary evidence and reason behind this provision is to inject fair play in the process of investigation. Subsequent to this judgment, the Supreme Court in the case of ***Yusuf @ Asif vs. State 2023 LiveLaw (SC) 890,*** in the identical situation after referring the case of ***Mohanlal(supra)***, held and observed that, where the samples of seized contraband are not drawn in presence of the Magistrate and the inventory of the seized contraband is not certified by the Magistrate, the seized contraband and the samples drawn therefrom would not be a valid piece of primary evidence in the trial and once there is no primary evidence available, the trial as a whole stands vitiated. Thereafter, the Apex Court in another matter namely ***Mohammed Khalid and Anr. Vs. The State of Telangana*** (Criminal Appeal No.1610 of 2023)(Coram: Hon'ble Justice B. R. Gavai and Hon'ble Justice Sandip Mehta) vide its order dated 01.03.2024 on the issue of drawing sample in the presence of Magistrate and certificate thereof has concluded that if the proceedings under 52(A) are not undertaken for preparing an inventory and obtaining samples in presence of Judicial Magistrate, the FSL Report is nothing but a waste paper and cannot be read in evidence.

**Para.19:** In light of the law laid down by the Apex Court in its judgments as referred above and applying the same to the facts of present case, we are of the prima-facie opinion that, in the facts of present case, the investigating agency did not have drawn samples from the seized substances in the presence of Judicial Magistrate and there is no material on record to prove that, the Magistrate had certified the inventory of the substance seized or of the list of samples as referred by the trial court. Thus, as discussed above, the prosecution failed to point out that there was a compliance of sub-section (2), (3) and (4) of 52(A). In the circumstances, we are of the considered opinion that, the compliance of the provisions, as referred, are mandatory and any deviation therefrom would vitiate the trial. **The content of Paragraphs 18 & 19 in this judgment is identical to Paragraphs 21 and 22 of the judgment in *Afshanaben W/o. Salimbhai Kayda Vs. State of Gujarat,* in Criminal Misc. Application No.02 of 2024 in R/Criminal Appeal No.2186 of 2023, decided on 14.10.2024.**

**Sr. No. 35** The judgment of the Hon'ble Chhattisgarh High Court in case of *Bhupendra Singh alias Rana Vs. State of Chhattisgarh,* reported in 2024 CRI.L.J. 2820, in Criminal Appeal No.718 of 2022 decided on 02.01.2024, wherein held on this subject as under:
Narcotic Drugs and Psychotropic Substances Act (61 of 1985), Ss. 20(b)(ii)(C), 52-A. Illegal possession of contraband. Non-compliance of S.52-A. Effect. Accused persons were allegedly found transporting 1075 kgs of Ganja. Independent witnesses and witness of weighing had turned hostile. No evidence to show that samples were drawn in presence of Magistrate and list of samples drawn were certified by Magistrate. Drawing of samples in presence of a Gazetted officer was not sufficient compliance of mandate of S.52-A(2) of NDPS Act. No record to prove that Magistrate had certified inventory of substance seized. I.O. stated that he had not initiated proceedings with regard to S.52-A of NDPS Act. Non-compliance of mandatory procedure prescribed under S.52-A of NDPS Act. Failure of prosecution to prove its case beyond reasonable doubt. Conviction was set aside. Moreover, since investigating agency had adopted lethargic approach, directions issued to investigating agencies to strictly follow mandatory procedure mentioned under NDPS Act.

**Sr. No.36** The judgment of the Hon'ble Supreme Court of India in case of *Mangilal Vs. The State of Madhya Pradesh*, reported in 2023 Supp. SAR (Cri) 618, in Criminal Appeal No.1651 of 2023 decided on 12.07.2023, wherein held on this subject as under:
A. Narcotic Drugs and Psychotropic Substances Act, 1985-Secs. 8(b), 15(c), 25, 27, 52 A and Evidence Act, 1872, Sec. 114(g). Possession of contraband. Disposal of seized Narcotic Drugs and Psychotropic

Substances. Non-compliance of Section 52A of NDPS. Adverse Inference. No explanation either for non-production of the seized materials or the manner in which they are disposed of. No order passed by the Magistrate allowing the application, if any, filed under section 52A of the NDPS Act. Serious doubt with respect to the seizure as the police officer himself had deposed on the existence of the very same seized materials even before the occurrence. Appellant acquitted by rendering the benefit of doubt.

B. Narcotic Drugs and Psychotropic Substances Act, 1985-Sec. 52A and Evidence Act, 1872, Sec.114(g). Disposal of seized Narcotic Drugs and Psychotropic Substances. Non-compliance of Section52A of NDPS. Adverse Inference. Before any proposed disposal/destruction mandate of Section 52A of the NDPS Act requires to be duly complied with starting with an application to that effect. Court should be satisfied with such compliance while deciding the case. Onus is entirely on the prosecution in a given case to satisfy the Court when such an issue arises for consideration. Production of seized materials is a factor to establish seizure followed by recovery. Provisions of the NDPS Act are both stringent and rigorous and therefore the burden heavily lies on the prosecution. Non-production of a physical evidence would lead to a negative inference within the meaning of Section 114(g) of the Evidence Act.

બંને પક્ષકારો તરફે રજુ થયેલ ચુકાદાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરતા નામદાર સુપ્રીમ કોર્ટે તથા નામદાર હાઈકોર્ટે મુખ્યત્વે એવા અવલોકનો કરેલ છે કે, એન.ડી.પી.એસ. એકટના કેસમા સદર કાયદાની કલમ– ૪૨, ૫૦, ૫૨ વિગેરે કલમોમા કરવામા આવેલ જોગવાઈઓ મેન્ડેટરી સ્વરૂપની છે. જો તેનો ભંગ થાય તો તેનો લાભ આરોપીને મળે. માદક પદાર્થ આરોપીઓના સભાન કબ્જામાંથી મળેલ હોવો જોઈએ. ડેપ્યુટી કલેકટરને મેજી. ગણી શકાય નહી. પરંતુ સદરહુ ચુકાદાઓ વંચાણે લેતાં તેમાં જણાવેલ કેસની હકીકતો પ્રસ્તુત કેસની હકીકતો કરતા આંશીક રીતે ભીન્ન પ્રકારની છે. પરંતુ સદરહુ ચુકાદાઓમા નામ. સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટોએ જે અવલોકનો કરેલ છે તે ધ્યાને લઈ આ કેસનો ન્યાય નિર્ણય કરવામા આવેલ છે.

(૯) ઉપરોકત રજુ થયેલ પુરાવો તથા બંને પક્ષકારોની દલીલો નજર સમક્ષ રાખતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દા ઓ : –**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ કલાક ૧૬:૩૫ વાગ્યે મોજે પીઠાઈ ટોલ પ્લાઝા, નેશનલ હાઈવે નં. ૪૭, કઠલાલ, જિ. ખેડા ખાતે મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડી નં. જી. જે. ૧૩. એટી. ૦૦૨૯મા ૩૬ બોરામાં ગેરકાયદેસર વગર પાર પરમીટે પ્રતિબંધિત (માદક પદાર્થ) પોસ ડોડા ૧૫૦.૩૫ કિલોગ્રામનો વગર પાસ પરમીટે રાખી લઈ આવતા પકડાઈ ગુનો કરી એન.ડી.પી.એસ. એકટની કલમ– ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯.૧) ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧</u>** :–

(૧૦) ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં. ૦૧થી દિગ્વીજય ભદ્રસિંહ પરમારને આંક–૨૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે તેઓની જુબાનીમા મુખ્યત્વે પુરાવો આપેલ છે કે, તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ તેઓ પીઠાઈ ટોલ પ્લાઝા જે ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર આવેલ છે ત્યાં ટોલ કલેકટર તરીકે ફરજ બજાવતા હતા. ત્યાં તેઓને રાજકુમારસીંહ નાર્કોટીકસ બ્યુરોના એન.સી.બીના અધિકારી મળેલા અને તેમણે આશરે ૧૫.૩૦ વાગ્યે બપોર બાદ બોલાવેલો. ત્યાં તેમણે એવુ જણાવેલુ કે એક બોલેરો પીકઅપ ગાડી અવેધ માદક પદાર્થ લઈને આવે છે જે જી.જે.૧૩. એ.ટી. ૦૦૨૯ નંબરની ગાડી છે અને તે બોલેરો ગાડી અમદાવાદ તરફ આ રસ્તેથી ૧૬.૦૦ થી ૧૭.૦૦ ની વચ્ચે જશે તેવું માહીતી આપેલી અને તેની જપ્તીની કાર્યવાહી માટે સાક્ષી બનવા માટે મૌખીક વિનંતી કરેલી અને તેઓએ મૌખીક સંમતિ આપેલી. ત્યારબાદ રાજકુમારસીંહે મારો તેમની ટીમના સભ્યો સાથે પરીચય કરાવેલો જેમાં અતુલ યાદવ તથા ભુપેશ સ્વામી, વિક્ર્મસીંહ તથા અન્ય લોકો સાથે પરીચય કરાવેલો. આ લોકો પાસે મહીન્દ્રા બોલેરો ગાડી જેનો નંબર હાલ યાદ નથી તેમજ બીજી હુન્ડાઈ ગાડી હતી તેનો

નંબર પણ હાલ યાદ નથી. ત્યારબાદ રાજકુમારસીંહએ તેઓને તથા તેઓની સાથેના મહીપાલ ઝાલા જે બીજા પંચ તરીકે હતા તેમને ઉપરોકત કાર્યવાહી બાદ તેમની બન્ને ગાડીઓ મહીન્દ્રા બોલેરો અને હુન્ડાઈ ગાડીની તલાસી લેવડાવેલી જેમાં લેપટોપ, પ્રિન્ટર, વજન કરવાનો કાંટો, ડ્રગ ડીટેકટીવ કીટ, તથા સીંજીગ કીટ તથા અન્ય સામાન સ્ટેશનરીનો હતો. આ બન્ને ગાડીઓમાંથી કોઈ શંકાસ્પદ અવેધ માદક પદાર્થ મળેલો નહી. ત્યારબાદ રાજકુમારસીંહે પંચોને એમની પોતાની તથા તેમની સાથેના ટીમના સભ્યોની વ્યકતીગત તલાસી લેવડાવેલી જેમાં રાજકુમારસીંહની પાસેથી બ્રાસસીલ હતું જેના ઉપર નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો એ.ઝેડ.યુ.6 લખેલુ હતુ. આ સિવાય કઈ પણ કોઈ ચીજવસ્તું કોઈની પાસેથી મળેલ નહી. ત્યારબાદ પંચો આ ટોલપ્લાઝા જેને NH–47 અમદાવાદ–ઈન્દોર હાઈવે ખેડા ગુજરાત ઉપર મહીન્દ્રા બોલેરો પીકઅપ જી.જે.૧૩.એ. ટી.૦૦૨૯ની આવવાની રાહ કરવામાં બધા ઉભા રહેલા અને આશરે ૧૬.૩૫ વાગે સાંજે તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ ગોધરા તરફથી એક મહીન્દ્રા બોલેરો પીકઅપ જી.જે.૧૩ એ.ટી.૦૦૨૯ આવેલી જે પીઠાઈ ટોલનાકા ઉપર આવતા તેને ઉભી રાખવાનો ઈશારો કરેલો જેમા એક ડ્રાઈવર હતો અને બે મુસાફર હતા જેથી રાજકુમારસીંહએ તેને રોકવાનો ઈશારો કરતા તે ઈશારે આ ગાડી મહીન્દ્રા બોલેરો પીકઅપ જી.જે.૧૩ એ.ટી.૦૦૨૯ના ચાલકે ગાડી ઉભી રાખેલી અને રાજકુમારસીંહે તે ડ્રાઈવરને નામ પુછતા મહમંદસુફીયાન શેખ રહે.અમદાવાદ,સરખેજનો હોવાનું જણાવેલુ અને બાકીના બે મુસાફરોને પુછતા પોતાનું નામ દીપક મોદી તથા જાકીરભાઈ બન્ને રહે. અસારવા અમદાવાદ હોવાનું જણાવેલુ. ત્યારબાદ રાજકુમારસીંહને મળેલી ગુપ્ત સુચના મુજબ આ હકીકત મળતી આવતી હોઈ પોતે અધિકારી હોવાનો અને વિગતવારનો પરીચય આપેલો અને તેમને માહીતી મળેલી કે આ જી.જી.૧૩ એ.ટી.૦૦૨૯માં અવેધ પોપીસ્ટ્રો લઈ જવામાં આવી રહયુ છે જેથી તમારી ગાડીની તલાસી કરવાની છે તેવું જણાવેલુ. શરુઆતમાં ત્રણેય લોકોએ તલાસીની ના પાડેલી ત્યારબાદ તૈયાર થયેલા જેથી અમો પંચોને રાજકુમારસીહએ તેમની નિવારક દલની ટીમ સાથે આ ગાડી નં. જી.જે.૧૩.એ.ટી. ૦૦૨૯ની તલાસી લેવાનુ કહેતા તેઓએ તલાસી લીધેલી અને ગાડીની પાછળ બાજુ જોતા ગાડીમાં પ્લાસ્ટીકના ઝાળીવાળા લસણ ભરેલા કોથળા હતા જેનો કલર હાલ યાદ નથી. અને આ કોથળાની વચ્ચે તપાસ કરતા લસણની વચ્ચેથી કાપડના થેલામાં કઈ છુપાવેલુ હતું. ત્યારબાદ ભીડ એકત્રીત થયેલી અને ટ્રાફીક થવાના કારણે અને સુરક્ષા વ્યવસ્થાના કારણે રાજકુમારસીંહ ટોલપ્લાઝાના ઈન્ચાર્જને એક રુમ આપવા માટે વ્યવસ્થા કરવા જણાવેલુ અને એક રુમ આપેલો જેથી એ જ સ્થિતીમાં ત્રણેય વ્યકતીઓ

અને ઉપરોકત મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડી જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ ગાડી સાથે ટોલપ્લાઝાની ઓફીસની રુમની ઉપર પબ્લીક કોમ્યુનીકેશન લખેલુ હતું ત્યાં આશરે ૧૬.૫૦ કલાકે લાવવામાં આવેલી જે બોલેરો પીકઅપમાંથી લસણ ભરેલા ઝાળીદાર પ્લાસ્ટીકના કોથળાઓ કુલ–૪૬ હતા જે પૈકી ૩૬ બોરામાંથી લસણની વચ્ચે મુકેલા અલગઅલગ કાપડની અંદર રાખેલા થેલામાંથી પોપીસ્ટ્રો રાખેલુ મળી આવેલુ જે ૩૬ કાપડના થેલામાંથી ૨૪ ભુરા રંગના અને ૧૨ સફેદ ધારીદાર રંગના હતા જે થેલાઓનું મોઢું સીલાઈ કરેલુ અને કેટલાક થેલાઓને મોઢું રસ્સીથી બાંધેલું હતુ. ત્યારબાદ આ કાપડના થેલાઓ ખોલી અલગઅલગ ચેક કરેલા તો તેમાથી પોપીસ્ટ્રોના નાનાનાના ટુકડાઓ મળી આવેલા અને પરત થેલાઓ જે તે હાલતમાં બંધ કરી દીધેલા અને ૩૬ થેલાઓને ક્રમશ: ૧ થી ૩૬ના માર્ક આપેલા અને ૨૪ ભુરા રંગના કાપડના થેલા હતા તેને ૧ થી ૨૪ અને ૧૨ સફેદ ધારીદાર કાપડના થેલાને ૨૫ થી ૩૬ માર્ક આપેલા ત્યારબાદ માર્ક ૧ થી ૩૬ વાળા કાપડના થેલાઓનું વજન અલગઅલગ કરેલુ જેમાં ટોટલ વજન ૧૫૦.૩૫ કી.ગ્રા થયેલુ. આ તમામ વજન તેની પાસે જે વજનકાંટો હતો તેનાથી તોલેલુ અને વજન કરેલુ ત્યારબાદ આ ૩૬ કાપડના થેલાઓ ઉપર બ્રાસસીલ નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો એ.ઝેડ.યુ 6 થી સીલંબંધ કરેલું જેના ઉપર અમો પંચોએ, આરોપીઓએ તથા રાજકુમારસીંહનાઓએ પોતપોતાના સહીઓ કરેલી હતી અને મળી આવેલો પોપીસ્ટ્રો અવેધ હોવાનું રાજકુમારસીંહએ તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ કલાક ૨૧.૩૦ વાગ્યે એન.ડી.પી.એસ એકટ મુજબ કબજે કર્યો હતો. ત્યારબાદ આ વાહન મહીન્દ્રા બોલેરો પીકઅપ વાહન જેમાં પોપીસ્ટ્રો લઈ જવામાં આવતા હતા તે તથા ૪૬ બોરીઓ જેની અંદર લસણ હતું અને તે લસણની વચ્ચે પોપીસ્ટ્રો છૂપાવી રાખેલ હતુ તેને પણ આ જ દિવસે કબજે કરેલુ અને આ અંગેનો સીઝરમેમો બનાવેલો જેના ઉપર અમો પંચો, આરોપીઓ અને રાજકુમારસીંહનાઓએ સહીઓ કરેલી અને તે વખતે વાહન નં–જી.જે ૧૩.એ.ટી.૦૦૨૯ મહીન્દ્રા બોલેરો પીકઅપ ચાવી સાથે તથા આ વાહનની આર.સી.બુક તથા પી.યુ.સી. સર્ટીફીકેટ અને ઇન્સ્યોરન્સ પોલીસી અને ઓરીજનલ તથા કોપી મોટરયાન ટેકસ રીસીપ્ટ ૩૫ તેમજ ૩૬ કાપડની બેગ જે ૧ થી ૩૬ માર્કવાળા તેમજ ૪૬ ભુરા કલરના પ્લાસ્ટીક નીટબેગ જેમાં લસણ હતું તે તમામ સીઝરમેમાની વિગતે કબજે કરેલા. ત્યારબાદ આ પંચનામું તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ ૨૧.૫૦ કલાકે શાંતિપુર્ણ રીતે પુર્ણ કરેલુ અને એ પંચનામું તેઓએ તથા વિગેરેએ વાંચી સમજી રાજકુમારસીંહની રુબરુમાં સહીઓ કરેલી તેઓની સાથે આરોપીઓએ પણ સહી કરેલી. તેઓ આરોપીઓ

કે જેમની પાસેથી પોપીસ્ટ્રો મળી આવેલો તે બન્નેને ઓળખે છે જે મોદી દીપકભાઈ અને ઝાકીરહુસેનનાઓ કોર્ટમાં હાજર છે તે બન્નેને નામજોગ ઓળખી બતાવે છે તે જ છે અને આ બન્ને એ પંચનામા વખતે અને સીઝરમેમામાં તેઓની હાજરીમાં સહીઓ કરેલી. તેઓને આર્ટીકલ–૨૫ થી રજુ જી.જે.૧૩.એ.ટી ૦૦૨૯ની આર.સી બુક બતાવામાં આવે છે જેના પાછળના ભાગે પંચ–૧ તરીકે તેઓની, પંચ–૨ તરીકે મહીપાલસીંહ ઝાલાની તથા મોદી દિપક શાંતિલાલ તથા ઝાકીરહુસેનનાઓની તેમજ રાજકુમારસીંહ(ઈન્ટેલીજન્સ ઓફીસર)નાઓની સહી છે. તેઓને આર્ટીકલ નં–૨૬વાળું વાહન નં જી.જે.૧૩. એ.ટી.૦૦૨૯નું પી.યુ.સી સર્ટીફીકેટ બતાવામાં આવે છે જેના પાછળના ભાગે પંચ–૧ તરીકે તેઓની, પંચ–૨ તરીકે મહીપાલસીંહ ઝાલાની તથા મોદી દિપક શાંતિલાલ તથા ઝાકીરહુસેનની તેમજ રાજકુમારસીંહ(ઈન્ટેલીજન્સ ઓફીસર)ની સહી છે તે તમામ ઓળખી બતાવે છે. તેઓને આર્ટીકલ નં–૨૭વાળું વાહન નં જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ની ટાટા એ.આઈ.જી વીમા પોલીસી બતાવામાં આવે છે જેના બન્ને પાના ઉપર પંચ–૧ તરીકે તેઓની, પંચ–૨ તરીકે મહીપાલસીંહ ઝાલાની તથા મોદી દિપક શાંતિલાલ તથા ઝાકીરહુસેનની તેમજ રાજકુમારસીંહ(ઈન્ટેલીજન્સ ઓફીસર)ની સહી છે તે તમામ ઓળખી બતાવે છે. તેઓને આર્ટીકલ નં–૨૮વાળું વાહન નં જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ની મોટરયાન ટેકસ રીસીપ્ટ નંબર–૩૫ બતાવામાં આવે છે જે અસલ તેમજ કાર્બન કોપીમાં છે જે બન્નેમાં પાછળના ભાગે પંચ–૧ તરીકે તેઓની તથા પંચ–૨ તરીકે મહીપાલસીંહ ઝાલાની તથા મોદી દિપક શાંતિલાલ તથા ઝાકીરહુસેનની તેમજ રાજકુમારસીંહ (ઈન્ટેલીજન્સ ઓફીસર)ની સહી છે તે તમામ ઓળખી બતાવે છે.

આરોપીપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલી. જેમાં તેઓએ ટોલ કલેકટર તરીકે બનાવના છ માસ પહેલાથી નોકરી કરતા હોવાની, તેઓની નોકરી શીફટ પ્રમાણે હોવાની, તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ તેઓની નોકરીનો સમય સવારે ૮થી સાંજે ૪ વાગ્યા સુધીનો હોવાની, ટોલ કલેકટર તરીકે તેઓને ટોલબુથના કેબીનમાં બેસવાનું હોવાની, ફાસ્ટટેગની લાઈનમાં ફાસ્ટટેગ વગરના વાહનો પણ આવી શકતા હોવાની, ફાસ્ટટેગ વગરના વાહનોને પરત મોકલવામાં આવે તો તેની નોંધ અલગથી કોમ્પયુટરમાં રાખવામાં આવતી નહી હોવાની, આક્ષેપિત દિવસે ટોલબુથના સી.સી.ટી.

વી. કેમેરા ચાલુ હોવાની, ટોલબુથમાંથી આવતા અને જતા વાહનો જે પસાર થાય તેના નંબર અને વાહનનો ફોટો સમય સાથે સી.સી.ટી.વી.માં રેકોર્ડ થતા હોવાની, સી.સી.ટી.વી. કેમેરા કન્ટ્રોલ રુમમાંથી ઓપરેટ થાય છે અને તેની ઓફીસ ટોલનાકા ઉપર જ હોવાની, તેઓ પછી નોકરીમાં આવનાર કર્મચારી ૪ વાગ્યાના અરસામાં તેઓના બુથ ઉપર આવી જતા હોવાની, તે જ કર્મચારી આવ્યા બાદ તેઓ તેમનુ ટોલબુથ છોડીને તેઓના ઘરે જઈ શકતા હોવાની, તેઓને ચાલુ નોકરીએ ટોલબુથ છોડવુ હોય તો રીલીવરને બોલાવી ટોલબુથ છોડવાનું હોવાની, આક્ષેપિત દિવસે તેઓએ રીલીવરને બોલાવી ટોલબુથ છોડયુ હોય તેવુ બનેલ નહી હોવાની, આક્ષેપિત દિવસે કલાક ૧૫.૩૦ વાગ્યે તેઓની ફરજનો સમય ચાલુ હોવાની, ફાસ્ટટેગની સીસ્ટમનું સ્કનેર ખરાબ થયેલ હોય તો તેનુ મેન્યુઅલ સ્કેન કરવાનુ હોવાની, સાહેદ જણાવે છે કે તે બુથમાં મેન્યુઅલ સ્કેનર હતુ નહી હોવાની, આક્ષેપિત દિવસે ફાસ્ટટેગનું સ્કેનર તેઓ નોકરીમાં હતો તે સમય દરમ્યાન બંધ અવસ્થામાં હોવાની, તેઓ તેમના પિતાનું નામ જાતે લખાવે તો ભદ્રાસીન તરીકે લખાવતા નહી હોવાની, બીજા પંચ તરીકે મહિપાલસીંહ જાલમસીંહ ઝાલા હોવાની, પંચનામામાં તેઓએ સહીઓ કરી ત્યારે તેઓના નામો તેઓએ વાંચેલા હોવાની, તેઓએ જે તે વખતે પંચનામું કરનારને તેઓના પિતાનું નામ ભદ્રાસીન ખોટું લખાવેલ હોવાની, તેવુ તેઓએ જણાવેલુ અને સાચુ નામ ભદ્રાસીંહ હોવાનું જણાવેલુ હોવાની, ત્યારબાદ પંચનામામાં તેઓના પિતાનું નામ સુધારેલુ કે કેમ તેની તેઓને ખબર નહી હોવાની, મહીપાલસીંહ પોતાના પિતાનું નામ ન લખાવ્યુ હોઈ તેની તેઓને ખબર નહી હોવાની, તે પ્રમાણે બીજા પંચ દ્રારા તેની અટક ઝાલા ન લખાવ્યુ હોઈ તેની પણ તેઓને ખબર નહી હોવાની, તેઓના બન્ને પંચોના નામ ટોલઈન્ચાર્જે પંચનામું કરનારને આપેલા હોવાની, તોલવાની કાર્યવાહી સાંજે આશરે સાત થી આંઠ વચ્ચે થયેલી હોવાની, તેઓને રાતના સાતથી આંઠ દરમ્યાન આક્ષેપીત મુદ્દામાલ ૧૫૦.૩૫ કિ.ગ્રા જાણવા મળેલુ નહી હોવાની, તેઓને આક્ષેપિત મુદ્દામાલ ૧૫૦.૩૫ કિ.ગ્રા હતો તે હકીકત પંચનામાની કાર્યવાહી પુર્ણ થયા બાદ સહીઓ કરવાની હતી ત્યારે જાણવા મળેલુ હોવાની, વજનની પ્રક્રીયા પુરી થયા પછી કેટલા સમય પછી લેપટોપમાં પંચનામું

લખવાનું શરુ થયેલુ તે તેઓને ખબર નહી હોવાની તથા લેપટોપમાં પંચનામું લખવાની પ્રક્રીયા કેટલો સમય ચાલુ રહેલી તે પણ તેઓ કહી શકતા નહી હોવાની, લેપટોપ રાજકુમાર ચલાવતા હતા કે કોઈ સિપાઈ ચલાવતા તે તેઓ કહી શકતા નહી હોવાની, આંક-૨૩વાળુ પંચનામું કોણ લખાવતુ હતુ તે પણ તેઓ કહી શકતા નહી હોવાની, આક્ષેપિત મુદ્દામાલનું વજન કોણે કરેલુ તે તેઓ કહી શકતા નહી હોવાની, પંચનામા સહીતના તેઓએ તમામ કાગળોમાં સવા નવથી સાડા નવ વચ્ચે સહીઓ કરેલી અને બીજા પંચે પણ તે જ સમયે સહીઓ કરેલી હોવાની, તેઓને તમામ કાગળો આપ્યા ત્યારે રાજકુમારે સહી કરીને તેઓને સહી કરવા આપેલ હોવાની, વાહનની અંદર જડતી કરવા માટે તેઓને રાજકુમારે સુચના આપેલ હોવાની, આક્ષેપિત પ્લાસ્ટીકના જાળીવાળા લસણ ભરેલા થેલા તેઓએ વાહનમાંથી બાજુએ કાઢેલા હોવાની, આક્ષેપિત ડ્રગ્સવાળા થેલા ૩૬ હોવાની, આક્ષેપિત વાહન સ્થળ ઉપર આવ્યું તે પહેલા તેઓ એન.સી.બી ટીમ સાથે આશરે પોણો કલાક જેટલુ ઉભા રહેલા હોવાની, આક્ષેપિત વાહન આક્ષેપિત દિવસે ૨ નંબરની લાઈનમાં આવેલુ અને ત્યારે તે લાઈનમાં ટોલકલેકટર કોણ હતુ તે તેઓને ખબર નહી હોવાની, આક્ષેપિત ડ્રગ્સવાળા થેલા નાર્કોટીકસ વાળા સાહેબોએ ટોલની ઓફીસની બહાર ખોલેલા હોવાની, તેઓએ ડ્રગ્સવાળો મુદ્દામાલ જોયેલો તેનો રંગ કથ્થાઈ જેવો હોવાની, આક્ષેપિત ડ્રગ્સના થેલા વાહનમાંથી ઉતારીને ખોલેલા હોવાની, વજનની પ્રક્રીયા ટોલની ઓફીસમાં કરવામાં આવેલી હોવાની, તોલવાની પ્રક્રીયા કેટલો સમય ચાલેલી તેની તેઓને ખબર નહી હોવાની, તેઓ ઓફીસની રુમમાં જ રહેતા હોવાની, તેઓની શીફ્ટના એક ઈન્ચાર્જ હોવાની, આક્ષેપિત દિવસે સાંજ ૪ વાગ્યા પછી કોણ શીફ્ટ ઈન્ચાર્જ હતા તે તેઓને યાદ નહી હોવાની , આંક-૨૩વાળા પંચનામામાં પ્રથમ પાને કોલમ નં-૧માં નામો લખ્યા બાદ કોલમ નં-૨માં વજન લખેલ હોવાની, તેઓને એન.સી.બીના અધિકારીઓએ વાહન પોશ ડોડા લઈને આવે છે તેવુ જણાવેલુ નહી હોવાની, એન.સી.બી.ના અધિકારીઓએ આક્ષેપિત વાહન આક્ષેપિત મુદ્દામાલ સાથે આવવાનુ છે તેવી કોઈ લેખીત બાતમી તેઓને  બતાવેલી નહી હોવાની, તેઓને

બધા પંચોને કાગળોમાં સહીઓ કરવામાં આશરે પાંચેક મીનીટ જેટલો સમય થયેલો હોવાની, તેઓની જયારે તમામ કાગળોમાં સહીઓ લીધેલી ત્યારે આરોપીઓની પણ સહીઓ લેવામાં આવેલી હોવાની, તેઓને અને આરોપીઓને કાગળોમાં સહીઓ કરવાનો આશરે પાંચેક મીનીટ જેટલો સમય થયેલો હોવાની, એન.સી.બીના અધિકારીઓએ જયારે ટોલનાકા ઉપર સાડા ચાર વાગે વાહન આવ્યુ ત્યારે આરોપીઓને તેમની સાથે રાખી લીધેલા હોવાની તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૦.૧) સદર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદ પંચસાહેદ છે. આ સાહેદે તેમની તથા બીજા પંચ ઝાલા મહીપાલસિંહ, આરોપીઓ તથા ઈન્ટેલીજન્ટ ઓફીસર રાજકુમારની હાજરીમા આંક–૨૩વાળા પંચનામામાં જણાવેલી કાર્યવાહી એટલે કે પંચનામું, આંક–૨૨વાળો સીઝર મેમો તૈયાર થયેલ હોવાની હકીકતોને નિ:શંક સમર્થનકારી પુરાવો આપેલ છે.

(૧૦.૨) બચાવપક્ષે એવી દલીલ કરવામા આવેલ છે કે, આંક–૨૩ વાળા પંચનામુ વજનની પ્રક્રીયા પુરી કર્યા બાદ તૈયાર કરેલ છે. કારણ કે, આંક–૨૩ના પાના નં. ૧ની કોલમ નં. ૨ જેમાં વજન લખેલ છે તેનાંથી તે માનવાને કારણ રહે છે. તે અંગે જોઈએ તો ઈન્ટેલીજન્ટ ઓફીસર રાજકુમારસિંહને લગભગ ૧૫૦ કી.ગ્રા. પોપીસ્ટ્રોની બાતમી મળેલી અને ઈન્ટેલીજન્સ ઓફીસરશ્રીએ તેની આંક–૩૨વાળી ઈન્ફોરમેશન નોટ બનાવેલી તેમા પણ વજનનો ઉલ્લેખ કરેલ છે. તે જોતાં માત્ર કોલમ નં. ૨માં અગાઉથી વજન લખવાથી પંચનામાની કાર્યવાહી શંકાસ્પદ બની જતી નથી. જેથી બચાવ પક્ષની સદર દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧૦.૨.૧) વધુમાં બચાવપક્ષે એવી દલીલ કરવામા આવેલ છે કે, આંક–૨૩મા પંચ નં. ૨નુ નામ તથા તેના પિતાનુ નામ એક જ નામ લખેલ છે. જેથી પંચ દ્વારા પોતાનુ નામ અને પિતાનુ નામ લખાયેલ હોય તે શંકાસ્પદ બને છે. આ અંગે જોઈએ તો આ કામે સાહેદ નં. ૨થી ઈન્ટેલીજન્સ ઓફીસર રાજકુમારસિંહને તપાસવામા આવેલ છે. જેમાં આ સાહેદને બચાવપક્ષે આંક–૨૩ના પંચનામામાં પંચ નં. ૨નુ નામ ખોટુ લખેલુ છે તેવો સવાલ પુછતાં ઈન્ટેલીજન્સ ઓફીસરશ્રી રાજકુમારસિંહે ટાઈપ મીસ્ટેકના

કારણે પંચના પિતાના નામમાં પંચનુ નામ લખાઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. આમ, આ ક્ષતિ માત્ર ટાઈપમીસ્ટેકના કારણે થયેલ છે. જેથી તેના કારણે પંચનામુ શંકાસ્પદ બની જતુ નથી. જેથી બચાવ પક્ષની આ દલીલ પણ ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧૦.૨.૨) વધુમાં બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, પંચો પાસે તમામ કાગળો ઉપર રાત્રીના ૦૯:૧૫થી ૦૯:૩૦ દરમ્યાન સહીઓ કરાવી હોવાનુ અને તેથી પંચોએ ૧૫ મીનીટ દરમ્યાન તમામ કાગળો ઉપર સહીઓ કરેલ છે. જેથી આંક–૨૨ અને ૨૩ ઉપર પંચ ધ્વારા કલાક ૨૧:૫૦ કે ત્યારબાદ સહીઓ કરી હોય તેવું શંકા રહીત સાબીત થયેલ નથી. તે અંગે જોઈએ તો પંચે તેમની ઉલટતપાસમાં તમામ કાગળો ઉપર ૦૯:૧૫થી ૦૯:૩૦ દરમ્યાન સહીઓ કરાવેલ હોવાનુ જણાવેલ છે. તે અંગે જોઈએ તો પંચનામા વિગેરેની કાર્યવાહી તા. ૦૮/૦૪/૨૦૨૨ ના રોજ થયેલ છે જયારે પંચની જુબાની ઘણા લાંબા સમય બાદ એટલે કે, તા. ૨૫/૦૧/૨૦૨૪ના રોજ થયેલ છે. જેથી પંચસાહેદ પાસે ફોટેજેનિક મેમરી અપેક્ષા રાખી શકાય નહી. તે જોતા સહીઓ કરવાના સમય બાબતે સામાન્ય વિસંગતતા જણાય છે તેનાથી સંપુર્ણ પંચનામા વિગેરેની કાર્યવાહી શંકાસ્પદ બની જતી નથી તેવું આ કોર્ટનુ માનવું છે.

(૧૧) ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં. ૦૨થી ઈન્ટેલીજન્સ ઓફીસર, એન.સી.બી. અમદાવાદ, રાજકુમારસિંહ સુરવીરસિંહ સિંગને આંક–૩૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે તેઓની જુબાનીમા મુખ્યત્વે પુરાવો આપેલ છે કે, તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ તેઓ ઈન્ટેલીજન્સ ઓફીસર નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો અમદાવાદ ખાતે હાજર હતા, તેઓની ઓફીસની હકુમત સમગ્ર ગુજરાત રાજયમાં છે. તેઓને તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ બપોરના એક વાગ્યાના સુમારે માહીતી મળેલ કે " જે ત્રણ વ્યકતિઓ જેમાં બે વ્યકતીઓના નામ દિપક મોદી અને જાકીરભાઈ તે લોકો મહેન્દ્રા પીકઅપ બોલેરો ગાડી જેનો નંબર–જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ માં લગભગ ૧૫૦ કી.ગ્રા. પોપીસ્ટ્રો લઈને મંદસોર મધ્યપ્રદેશ તરફથી લઈને અમદાવાદ તરફ આવી રહ્યા છે અને તેઓ પીઠાઈ ટોલપ્લાઝા કઠલાલ જી.ખેડાથી આશરે ચાર થી છ વાગ્યાની વચ્ચે પસાર થવાના છે." તેઓએ આ માહીતી તેઓના કોમ્પ્યુટર પર ટાઈપ કરેલી અને તેને

તેઓના ઉપલા અધિકારી ઝોનલ ડાયરેકટર એસ.કે.મિશ્રાનાઓને તેઓએ જાતે આપેલી. ત્યારબાદ તેઓએ એક ટીમ બનાવેલી જેમાં તેઓ પોતે ઈન્ટેલીજન્સ ઓફીસર તરીકે, તેમજ અતુલ યાદવ જુની. ઈન્ટેલીજન્સ ઓફીસર, રાહુલ સર્વેલન્સ આસીસ્ટન્ટ, ભુપેશ સ્વામી(સીપાઈ), વિક્રમસીંહ(સીપાઈ) તથા ચતુર મકવાણા (ડ્રાઈવર) હતા અને ટીમને બે સરકારી વાહનોમાં જે પૈકી એક મહીન્દ્રા બોલેરો ગાડી જે સરકારી વાહન હતુ જેનો નંબર જી.જે.૦૧.જી.એ.૦૮૬૦ અને બીજા સરકારી વાહન હુન્ડાઈ ઓરા જેનો નંબર જી.જે.૦૧.જી.એ.૨૧૯૯ હતો. આ બન્ને વાહનોમાં તેઓ તથા તેમની ઉપરોકત ટીમના સભ્યો બેસીને બન્ને વાહનો સાથે પીઠાઈ ટોલપ્લાઝા જેને અમદાવાદ ઈન્દોર હાઈવે ખેડા ગુજરાત તરીકે ઓળખાય છે ત્યાં પહોચેલા. તેઓના આ વાહનોમાં નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરોની ઈન્વેસ્ટીગેશન માટે જરુરી સાધનો જેમકે લેપટોપ, પ્રીન્ટર, ડ્રગ ડીટેકશન કીટ, ઈલે.વજન કાંટો તેમજ સીંઝીગ કીટ હતી અને આ સીઝીંગ કીટમાં સોય,દોરો, તેમજ કપડું તેમજ સ્ટેશનરી આઈટમ તેમજ તેઓની પાસે સરકારી બ્રાસ સીલ હતુ જેની ઉપર નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરોનો એ.ઝેડ.યુ.૬ અંકિત કરેલ હતુ. તેઓ તથા તેમની ટીમો પીઠાઈ ટોલનાકા પહોચેલા અને ત્યાં જઈ પંચ વીટનેસને બોલાવેલા જેમાં પંચવીટનેસના નામ દિગવીજય પરમાર અને બીજાનુ નામ ઝાલા મહીપાલ હતા. તેમને તેઓએ તેમનો પરીચય આપેલો અને તેમને મળેલી ખાનગી માહીતીથી વાકેફ કરેલા અને તેમને વિનંતી કરેલી કે જે ગુપ્ત સુચના વાહનની તેઓને મળેલી છે તેની તપાસ તલાસી દરમ્યાન પંચ તરીકે રહેવા મૌખીક સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સંમતિ આપેલી આ પંચોએ તેઓને સંમતિ મૌખિક આપેલી તેઓએ કોઈ લેખીત સંમતિ મેળવેલી નહી. અને પંચવિટનેસને ટીમના સભ્યો સાથે પરીચય કરાવેલો અને ટીમના દરેક વ્યકતીઓની વ્યકતીગત ઓળખાણ આપેલી અને બન્ને પંચોને જણાવેલ કે તેઓ તથા તેમની ટીમના સભ્યોનુ તથા બન્ને વાહનોનું ચેકીંગ કરવા મૌખીક રીતે વિનંતી કરેલી. તેઓની વિનંતીને ધ્યાને લઈ બન્ને પંચોએ તેઓની ટીમના બન્ને સરકારી વાહનોની તપાસ કરેલી જેમા તેમને લેપટોપ, પ્રીન્ટર, ડ્રગ ડીટેકશન કીટ, ઈલે.વજન કાંટો તેમજ સીંઝીગ કીટ હતી અને આ સીઝીંગ કીટમાં સોય, દોરો, તેમજ કપડું, તેમજ સ્ટેશનરી આઈટમ તેમને મળેલા અને તેની જડતી તપાસ કરેલી તેમાંથી કોઈ નાર્કોટીકસને લગતી પદાર્થ મળી આવેલ નહી. ત્યારબાદ બન્ને પંચોને અમારી ટીમના સભ્યોની વ્યકતીગત જડતી તપાસ કરવાનું

જણાવતા તેઓની પાસેની ટીમના સભ્યો પાસેથી કોઈ નાર્કોટીકસને લગતી વસ્તુ મળી આવેલ નહી વધુમાં બન્ને વાહનો તથા ટીમના સભ્યો પાસેથી કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી અને તેઓની પાસેથી તેઓની અંગજડતી દરમ્યાન નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરોનો એ.ઝેડ.યુ.૬ અંકિત કરેલ મળી આવેલ. ત્યારબાદ બન્ને પંચો તથા તેઓની સમગ્ર ટીમ પીઠાઈ ટોલનાકા પાસે ઉભી રહેલી અને જે માહીતી મળેલી તે વાહનની રાહ જોતા હતા ત્યારબાદ આશરે સાડા ચાર વાગ્યે ગોધરા તરફથી એક મહીન્દ્રા પીકઅપ બોલેરો આવતુ જોવા મળેલુ જેને નજીકથી આવતા જોતા તે વાહનનો નંબર–જી.જે.૧૩. એ.ટી.૦૦૨૯ હતો અને આ વાહનને તેઓએ ઉભુ રાખવા માટે ઈશારો કરેલો અને ગાડી ઉભી રાખેલી ત્યારબાદ તેઓએ ગાડી ઉભી રહેતા જોયુ તો તેમાં ત્રણ ઈસમો બેઠેલા હતા તેઓએ આ ત્રણેય ઈસમોના નામઠામ પુછેલા જેમાં ડ્રાઈવરસીટ ઉપર બેઠેલો ઈસમ કે જે ગાડી ચલાવતો હતો તેનુ નામ પુછતા પોતાનુ નામ મોહમ્મદ સુફીયાન શેખ જણાવેલુ અને બાકીના બે ઈસમોએ પોતાના નામ દિપક મોદી અને જાકીરભાઈ જણાવેલુ અને તેઓએ જોયુ તો તેઓને મળેલી ખાનગી માહીતી અને નંબર સાથે માહીતી મેચ થતી હતી સુસંગત હતી જેથી તેઓએ આ ગાડીની તલાસી લેવા માટે ત્રણેય વ્યકતીઓને જણાવેલુ પ્રથમ ત્રણ વ્યકતીઓએ તેઓને તલાસી લેવાની ના પાડેલી ત્યારબાદ તલાસી કરવા દેવા માટે તૈયાર થયેલા અને ફરી તેઓ પંચો સાથે અને તેમની ટીમ દ્વારા આ મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડીની તલાસી લીધેલી જેની ગાડીની પાછળની તરફ પ્લાસ્ટીકના ભુરા (વાદળી) રંગના ઝાળીદાર પ્લાસ્ટીક લસણ ભરેલા બોરા જાવા મળેલા જે પારદર્શક હતા અને તેમાં રાખેલ ચીજવસ્તુ જોઈ શકાય તેવી હતી અને આ લસણની વચ્ચે કાપડની બેગમાં કઈક છુપાવેલુ હતુ . ત્યારબાદ ત્યાં ધીરધીરે ભીડ ભેગી થયેલી અને ટ્રાફીક વધી ગયેલો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખી તેઓએ ટોલપ્લાઝાના ઈન્ચાર્જને વિનંતી કરેલી કે ટોલપ્લાઝા ઉપર એક રુમની વ્યવસ્થા કરી આપો જેથી તેઓએ શીફટ ઈન્ચાર્જને બોલાવી રુમની વ્યવસ્થા કરવા જણાવેલુ અને બનાવ સ્થળથી લગભગ ચાલીસ પચાસ મીટરની નજીકમાં એક ટોલપ્લાઝાની એક રુમ જેની ઉપર "પબ્લીક કોમ્યુનીકેશન" લખેલ હતુ આશરે ૧૬.૫૦ તેઓને રુમ આપેલો ત્યારબાદ તેઓની ટીમ દ્વારા તેઓની સુચના મુજબ આ બોલેરો ગાડીને તથા ત્રણેય ઈસમો સાથે પંચોની રુબરુમા આ રુમ પાસે લઈ ગયેલા અને ત્યાં જઈ ગાડીમાં મુકેલ લસણના બોરાઓ હતા

તેનું ઝીણવટભરી રીતે તપાસ કરેલી અને તેમાંથી તેઓને કુલ ૪૬ પ્લાસ્ટીકના બોરા ભુરા વાદળી કલરના મળેલા જેમાથી ૩૬ કાપડના થેલા મળી આવેલા જેમાંથી ૨૪ બ્રાઉન કલરના અને ૧૨ સફેદ ધારીદાર રંગના કાપડના થેલા હતા અને આ થેલાઓ ઉપર તેનું મોઢીયું (મુહ) સીલાઈ કરેલ હતુ અને અમુકનું મોઢીયું (મુહ)રસ્સીથી બાંધેલું અને બંધ કરેલુ હતુ અને આ બધાને અલગ અલગ રીતે ખોલેલા જેમાં બધાની અંદર પોપીસ્ટ્રો નાનાનાના ટુકડામાં જોવા મળેલુ ત્યારબાદ બધા બોરાને ચેક કરી જે તે સ્થીતીમાં પેક કરેલા ત્યારબાદ આ બધા બોરાને માર્ક આપવામાં આવેલા જેમાં જે બ્રાઉન કલરના ૨૪ કપડાના થેલા હતા તેને ૧ થી ૨૪ અને જે ૧૨ સફેદ કપડાના થેલા હતા તેને માર્ક ૨૫ થી ૩૬ આપેલા ત્યાબાદ આ બધા માર્ક આપેલા અને ત્યારબાદ બધાનું અલગઅલગ તેઓની પાસે રહેલા ઈલે.વજનકાંટાથી વજન કરેલુ અને તે કુલ ૩૬ થેલાનું કુલ વજન ૧૫૦.૩૫ કિલોગ્રામ થયેલુ ત્યારબાદ બધા બોરાઓને સરકારી બ્રાસ સીલ નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો એ.ઝેડ.યુ.૬ થી સીલબંધ કરેલુ અને તેની ઉપર બન્ને પંચો, તેમજ ત્રણેય ગાડીમાં બેસીને આવેલ વ્યકતીઓ અને તેઓએ પોતે અલગ અલગ સહીઓ કરેલી અને સીલ કરેલા. ત્યારબાદ આ ૩૬ કાપડના થેલાને જેમાં પોપીસ્ટ્રો ભરેલ હતુ તે એન. ડી. પી.એસ કાયદા મુજબ ગેરકાયદેસર હોવાનું જણાતા સીઝ કરી સરકાર હસ્તક કબજે કરેલુ અને તેને આ પોપીસ્ટ્રો જે વાહનમા લાવવા આવેલુ તે વાહન જી.જે.૧૩ એ.ટી.૦૦૨૯ તેને પણ એન.ડી.પી.એસ એકટ હેઠળ સરકાર હસ્તક કબજે કરવામાં આવેલુ અને તેનો સીઝર મેમો તૈયાર કરેલો અને સીઝર મેમામાં તેઓએ કબજે લીધેલ ચીજવસ્તુઓની નોંધ કરેલી આ સીઝરમેમામાં ૧ થી ૭ વસ્તુઓ હતી જે પૈકી ૩૬ કાપડની બેગો જેને માર્ક ૧ થી ૩૬ આપેલા તથા ગાડી તથા આર.સી.બુક જે ગાડી નં–જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ની હતી, પી.યુ.સી, ઈન્સયોરન્સ પોલીસી તથા અસલ ટેક્ષ રીસીપ્ટ અને ૪૬ ભુરા વાદળી કલરની પ્લાસ્ટીકની લસણ ભરેલી બેગો કબજે કરેલી અને આ સીઝરમેમામાં બન્ને પંચ, ત્રણેય ઈસમો જે ગાડીમાં હતા તે અને તેઓએ પોતે સહી કરેલી. તેઓને આંક–૨૨થી રજુ સીઝર મેમો બતાવામાં આવે છે તેમાં બન્ને પંચોની તથા ગાડીમાં બેઠેલ ત્રણેય ઈસમો અને તેઓની પોતાની સહીઓ છે જે તમામ ઓળખી બતાવે છે. તેઓએ સમગ્ર કાર્યવાહી અંગેનું પંચનામું કરેલુ જે પંચનામું તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ કરેલુ અને તે પંચનામામાં બન્ને પંચ, ત્રણેય ઈસમો જે ગાડીમાં હતા તે અને તેઓએ પોતે સહી કરેલી. તેઓને આંક–૨૩થી રજુ પંચનામું બતાવામાં આવે છે તે પંચનામાના પ્રત્યેક પાના ઉપર

તથા પંચનામાના અંતિમ ભાગે બન્ને પંચ, ત્રણેય ઈસમો જે ગાડીમાં હતા તે અને તેઓની પોતાની સહીઓ છે જે તમામ ઓળખી બતાવે છે. તેઓએ સીઝરમેમામાં કબજે લીધેલ વસ્તુઓ બતાવામાં આવે તો ઓળખી શકે. તેઓને આંક–૨૪થી રજુ આર.સી.બુક, તથા આંક–૨૫થી રજુ પી.યુ.સી સર્ટીફીકેટ તથા આંક–૨૬થી રજુ વિમા પોલીસી તથા આંક–૨૭ થી રજુ રીસીપ્ટો બતાવામાં આવે છે તે તમામ ઉપર તેઓની પોતાની તથા બન્ને પંચોની તેમજ ત્રણેય ઈસમો જે ગાડીમાં હતા તેઓની સહીઓ છે જે તમામ ઓળખી બતાવે છે જે તેઓએ કબ્જે કરેલ મુદ્દામાલ છે તે તે જ છે. ત્યારબાદ સીઝ કરેલો મુદ્ધામાલ ૩૬ પોપીસ્ટ્રોવાળા થેલા એન.સી.બી.અમદાવાદના ગોડાઉન ઉપર જમા કરાવેલો. ત્યારબાદ તા. ૦૯/૦૪/૨૦૨૨ના રોજ તેઓએ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ કરેલ સીઝર અંગેની કાર્યવાહી અંગેનો રીપોર્ટ ઝોનલ ડાયરેકટરશ્રી અમદાવાદનાઓને તેઓએ લેખીતમાં એન.ડી.પી.એસ.ની કલમ–૫૭ મુજબ જાણ કરેલી અને તેના ઉપર ઝોનલ ડાયરેકટરશ્રીનાઓની સહી પણ લીધેલી. ત્યારબાદ તા. ૦૯/૦૪/૨૦૨૨ના રોજ એન. ડી.પી.એસ એકટ ની કલમ ૫૨(એ) મુજબ બનાવસ્થળથી નજીકના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કઠલાલને તેઓએ અરજી આપી અને કલમ ૫૨(એ)(૨)મુજબ સર્ટીફીકેટ ઓફ ઈન્વેન્ટરીની કાર્યવાહી માટે જાણ કરેલી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનાઓએ અમોને કાર્યવાહી કરવા માટે તા. ૧૧/૦૪/ ૨૦૨૨ના રોજની લેખીતમાં જાણ કરેલી જે જાણ તેઓએ કરેલી અરજી ઉપર જ કરેલી તેઓને નિ–૪/૭થી રજુ કલમ–૫૨(એ) મુજબની કાર્યવાહી માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કઠલાલને આપેલ રીપોર્ટ બતાવામાં આવે છે તે તેઓ પોતે કરેલ અરજી છે. ત્યારબાદ તા. ૧૧/૦૪/૨૦૨૨ના રોજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કઠલાલની સમક્ષ કલમ–૫૨એ(૨) મુજબની કાર્યવાહી માટે ગયેલા અને ત્યાં કલમ–૫૨એ મુજબની પ્રોસીંડીંગ કરેલી જેમાં આ પ્રોસીડીંગ દરમ્યાન એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સમક્ષ મુદ્ધામાલ ઈન્વેન્ટરી સાથે રજુ કરેલો અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ઈન્વેન્ટરીને ચેક કરી સર્ટીફાઈડ કરેલ અને તમામ ૩૬ બેગોનું પોતાની સમક્ષ વજન કરેલુ ત્યારબાદ ૩૬ બેગોના કુલ ૬ લોટ બનાવામાં આવેલા જે પ્રત્યેક લોટ ૬ બેગનો હતો. જે લોટને એ થી એફ લોટ આપવામાં આવેલા. ત્યારબાદ આ ૬ લોટનું એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની સમક્ષ વજન કરવામાં આવેલુ અને પ્રોસીડીંગની અંદર તેની નોંધ કરવામાં આવેલી ત્યારબાદ પ્રત્યેક લોટમાંથી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ બે–બે સેમ્પલ

લેવામાં આવેલા જેમાં લોટ–એ માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ એ–૧ તથા એસ એ–ર કરેલા. ત્યારબાદ લોટ–બી માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ બી–૧ તથા એસ બી–ર કરેલા. ત્યારબાદ લોટ–સી માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ સી–૧ તથા એસ સી–ર કરેલા. ત્યારબાદ લોટ–ડી માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ ડી–૧ તથા એસ ડી–ર કરેલા. ત્યારબાદ લોટ–ઈ માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ ઈ–૧ તથા એસ ઈ–ર કરેલા. ત્યારબાદ લોટ–એફ માં બે સેમ્પલ લેવામાં આવેલા જેને માર્ક એસ એફ–૧ તથા એસ એફ–ર કરેલા. ત્યારબાદ ખાલી બેગોનું એક લોટ બનાવામાં આવેલુ જેને માર્ક પી–૧ આપવામાં આવેલો. ત્યારબાદ જે ૬ લોટ હતા તે એ થી એફ વાળા સેમપ્લો કુલ ૧ર થયેલા અને ખાલી બેગોનો લોટ માર્ક પી–૧આ બધાને  જયુડીશ્યરી બ્રાસ સીલથી સીલબંધ કરેલા તે બધા ઉપર એટલે કે ૬ લોટ તેના બાર સેમપ્લ અને પી–૧ ઉપર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી અને તેઓ પોતે સહીઓ  કરેલી. ત્યારબાદ એક ટેસ્ટ મેમો ત્રણ નકલોમાં તૈયાર કરેલો અને તેના ઉપર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી અને તેઓ પોતે સહીઓ કરેલી. આ સમગ્ર કાર્યવાહીની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ ફોટોગ્રાફી કરવામાં આવેલી અને દરેક ફોટોગ્રાફને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ પોતાના રાઉન્ડ સીલ લગાવી તથા દરેક ફોટોગ્રાફ ઉપર પોતાના હોદ્દાનો સીકકો લગાવી સહી કરેલી. ત્યારબાદ ઈન્વેન્ટરી મુજબ જે સીઝ કરેલી ગાડી જી.જે.૧૩ એ.ટી.૦૦ર૯ હતી તેને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ વેરીફાઈ કરેલી અને તેના પણ ફોટોગ્રાફ તેમની સમક્ષ લેવામાં આવેલા જે ઉપર પણ તેમણે પોતાનો રાઉન્ડ સીલ લગાવી પોતાનો હોદ્દાનો સીકકો લગાવી સહી કરેલી. આ કાર્યવાહીમાં ફોટોગ્રાફ તરીકે ભુપેશ સ્વામી જે તેઓની ટીમના સીપાઈ હતા તેમણે ફોટોગ્રાફી કરેલી. તેઓને નિ–૪/૮ બતાવામાં આવે છે તે કલમ પર(એ) મુજબની પ્રોસીડીંગ અંગેના દસ્તાવેજો છે જેમા  તેઓની પોતાની સહી છે તથા હોદ્દો લખેલ છે તથા પ્રોસીડીંગ કરનાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલની સહી તથા તેમનો સીકકો છે તે ઓળખી બતાવે છે તેમજ આ પ્રોસીડીંગના ભાગે સર્ટીફીકેટ સામેલ છે જે સર્ટીફીકેટ ફોટોગ્રાફર ભુપેશ સ્વામીએ ઈસ્યુ કરેલુ તે તેઓએ મેળવેલુ તે તેજ છે જેમાં ભુપેશ સ્વામીની સહી છે. તેઓને નિ–૪/૯ થી રજુ ફોટોગ્રાફ ના કુલ ૮ પાના બતાવામાં આવે છે જે કલમ –પર(એ)ની પ્રોસીડીંગ વખતે ભુપેશ સ્વામી ફોટોગ્રાફરે લીધેલા ફોટોગ્રાફ છે જેના પ્રત્યેક પાના ઉપર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીનો રાઉન્ડ સીલ છે તથા

પ્રત્યેક પાનાની અંતિમ ભાગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલનો સીકકો તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની સહીઓ છે તે તમામ ઓળખી બતાવે છે. ત્યારબાદ તા. ૧૧/૦૪/૨૦૨૨ના રોજ જે લસણ જપ્ત કરેલુ તે ૪૬ બોરાને ડીસ્પોઝઓફ કરવા માટે પરવાનગી અરજી કરેલી ત્યારબાદ તેઓએ ૧૩/૦૫/૨૦૨૨ના રોજ એન.ડી.પી.એસ એકટની જોગવાઈ મુજબ ડીસ્પોઝઓફ કરવા માટે લેખીતમાં હુકમ કરેલો જે તેઓએ મેળવેલો. તેઓને નિ-૪/૧૦ થી રજુ કરેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ડીસ્પોઝઓફ કરવા માટેની અરજી બતાવામાં આવે છે તેમાં તેઓની પોતાની સહી તથા સીકકો છે તેઓની કચેરીનો રાઉન્ડ સીલ છે તેમજ આજ અરજી ઉપર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી ની ઓફીસની રાઉન્ડ સીલ છે તેમજ રીસીવ કોપી કરાવેલ તેમની સહી છે તથા આ અરજીના પાછળના ભાગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ સીઝ કરેલ લસણનો એન.ડી.પી.એસ. એકટના કાયદા અન્વયે નીકાલ કરવાનો હુકમ કરેલ છે તથા તે નીચે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલનાઓનો સીકકો તેમજ સહી છે જે તમામ ઓળખી બતાવુ છું તેમજ તેઓને તા. ૧૩/૦૫/૨૦૨૨ના રોજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલએ મુદ્દામાલ સીઝ કરેલ લસણનો ડીસ્પોઝઓફ કરવા માટેનો હુકમ આપેલ તે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલની કચેરીના લેટરપેડ ઉપર આપેલ હુકમ છે. તેઓને આંક-૩૫ બતાવામાં આવે છે તે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તેઓએ કરેલ અરજી છે જેની સાથે તેઓએ ઈન્વેન્ટરી અંગેનો દસ્તાવેજ સામેલ રાખેલો જેમાં તેઓની પોતાની સહીઓ અને હોદ્દાના સીકકા છે તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના સીકકાઓ અને સહીઓ છે તે પણ ઓળખી બતાવે છે. તા. ૧૨/૦૪/૨૦૨૨ના રોજ મે.મેજીસ્ટ્રટ સમક્ષ જે સેમ્પલ લેવામાં આવેલા જે ૧૨ સેમ્પલ હતા તેમાંથી એસ એ-૧, એસ બી-૧, એસ સી-૧, એસ ડી-૧, એસ ઈ-૧ અને એસ એફ-૧ કુલ ૬ સેમપ્લ સેન્ટ્રલ એકસાઈઝ એન્ડ કસ્ટમ લેબોરેટરી વડોદરા ખાતે કેમીકલ એકઝામીનરશ્રીનાઓને આ લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલેલા. જેની સાથે ટેસ્ટ મેમો પણ મોકલેલો. તેઓને નિ-૪/૧૧થી રજુ કેમીકલ એકઝામીનરશ્રીને તેઓએ લખેલ પત્ર બતાવામાં આવે છે જેમાં તેઓની કચેરીનો રાઉન્ડ સીલ, હોદ્દાનો સીકકો તથા સહી છે તથા તેઓએ મોકલેલ કુલ ૬ સેમ્પલનો ઉલ્લેખ છે તે તેઓની કચેરીના લેટરપેડ ઉપર તૈયાર કરેલ પત્ર છે તથા તેની સાથે તેઓએ ટેસ્ટમેમો પણ મોકલેલ છે જેમાં મામલતદાર કચેરીનો રાઈન્ડસીલ તથા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

કઠલાલનો સીકકો અને સહી તથા તારીખ ૧૧/૦૪/૨૦૨૨ લખેલ છે તેમજ તેઓની સહી અને પોતાનો હોદ્દો તથા તા. ૧૧/૦૪/૨૦૨૨ લખેલ છે જે તમામ ઓળખી બતાવે છે તેમજ સેન્ટ્રલ એકસાઈઝ કસ્ટમ લેબોરેટરી વડોદરાને તેઓએ મોકલેલ સેમ્પલ મળી ગયા બદલ તેઓએ આપેલ પહોંચ છે તે તેઓને સેન્ટ્રલ એકસાઈઝ કસ્ટમ લેબોરેટરી વડોદરા ખાતેથી મળેલ પહોચ છે જે ઓળખી બતાવે છે જેમાં તેઓએ તપાસમા મોકલેલ ૬ સેમ્પલોની વિગતો છે. તેઓએ આ ઉપરોકત કાર્યવાહી કરયા બાદ તમામ કાગળો અતુલ યાદવ જુની.ઈન્ટેલીજન્સ ઓફીસરશ્રીનાઓને સોંપેલા. તેઓએ જે વાહન નં. જી. જે.૧૩.એ.ટી.૦૦૨૯ મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડીમાંથી પોપીસ્ટ્રો સાથે બે વ્યકતીઓને પંચનામાની કાર્યવાહી દરમ્યાન તેમજ સીઝીંગની કાર્યવાહી દરમ્યાન જોયેલા તેમને તેઓ ઓળખે છે જેમને સીઝીંગની કાર્યવાહી બાદ જુની. ઈન્ટેલીજન્સ ઓફીસર અતુલ યાદવને હેન્ડઓવર કરેલા તેમને તેઓ ઓળખે છે જે બન્ને નામે દિપક મોદી અને જાકીરભાઈ હતા તે બન્ને આજરોજ કોર્ટમાં હાજર છે જે બન્નેને તેઓ આજરોજ નામજોગ ઓળખી બતાવે છે તે તે જ છે.

આરોપીપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલી. જેમાં તેમનુ એન. સી. બી. ડીપાર્ટમન્ટ કેન્દ્ર સરકારના ગૃહખાતાના તાબા હેઠળ કામ કરતુ હોવાની, ગૃહવિભાગ દ્વારા એન.સી.બી ના સંબંધે જે નોટીફીકેશન બહાર પાડયા હોઈ તેનુ પાલન કરવુ જરુરી હોવાની, તેઓ એન.ડી.પી.એસ.ના કાયદા અને નિયમો અને નોટીફીકેશન થી વાકેફ હોવાની, એન.સી.બીની ઓફીસમાં ફરજ બજાવતા ઈન્ટેલીજન્સ ઓફીસર અને જુની. ઈન્ટેલીજન્સ ઓફીસરનો ગેઝેટેડ ઓફીસરમાં સમાવેશ થતો નહી હોવાની, તેઓ ગેઝેટેડ ઓફીસર નહી હોવાની, તેઓએ આ કેસમાં સર્ચ અને સીઝરની કાર્યવાહી દરમ્યાન કોઈ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટને હાજર રાખેલ નહી હોવાની, પીઠાઈ ટોલનાકાથી કઠલાલ આશરે ૮–૧૦ કી.મી.ના અંતરે આવેલુ હોવાની, આક્ષેપિત આંક–૩૨વાળી માહિતી મળી ત્યારે તેઓ તેમની ઓફીસમા હોવાની, તેઓ તેમની પર્સનલ ડાયરી કે જનરલ ડાયરી નીભાવતા નહી હોવાની, તેઓ તેમની ઓફીસમાં તેમના ટેબલ ઉપર હતા તે સમયે તેમની પાસે લેખન સામગ્રી હોવાની, તેઓને આંક–૩૨વાળી માહીતી

બાતમીદારે રુબરુમાં આપેલી હોવાની, તેમના કહેવા મુજબ બાતમીદારે તેઓને બપોરે ૧ વાગે માહીતી આપેલી હોવાની, આંક–૩૨માં જે ઈન્વેટેડકોમામાં લખેલ છે તેટલી માહીતી આપેલી અને આ માહીતી મેળવવા તેઓને આશરે એક બે મીનીટ જેટલો સમય થયેલો હોવાની, અન્ય કાગળમા જે બાતમી લખેલી તે આંક–૩૨વાળા કાગળની પહેલા લખેલી હોવાની, આંક–૩૨ના પેરા–૨માં બાતમી સિવાયની હકીકત પણ તેઓએ જણાવેલી હોવાની, તેઓ ડ્રગ લો એન્ફોર્સમેન્ટના નામે નાર્કોટીક કન્ટ્રોલ બ્યુરો ઈન્ડીયા દ્વારા બહાર પાડેલ ફીલ્ડ ઓફીસર હેન્ડબુક વિશે જાણતા હોવાની, આ હેન્ડબુકમાં એન.સી.બી–૧ નો પર્ફોમો આપેલ છે તે અંગે તેઓને ખબર નહી હોવાની, તેઓએ આંક–૩૨વાળી માહીતી ઈન્ફરમેશનનોટનો પર્ફોમો તેઓની ઓફીસના રુટીન કાર્યવાહીમાં વપરાતો હોઈ તેનો અમલ કરેલો હોવાની, તેઓએ આંક–૩૨વાળો પત્ર ફાઈલમાં રાખીને ઝોનલ ડાયરેકટરને આપેલો હોવાની, બનાવ સમયે તેઓના હોદ્દાની ઉપર સુપ્રિન્ટેન્ડ અને તેના ઉપર આસી.ડાયરેકટર અને તેના ઉપર ઝોનલ ડાયરેકટરનો હોદ્દો હોવાની, તેઓ તત્કાલીન ઉપરી અધીકારીના હોદ્દાથી વાકેફ હોવાની, બનાવ સમયે સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ ખાલી હોવાની, આ કામે તેઓએ કાર્યવાહી કરી ત્યાં સુધી સુપ્રિટેન્ડેન્ટની પોસ્ટ ઉપર કોઈનુ પોસ્ટીંગ થયેલ ન હતુ હોવાની, બનાવ સમયે આસી.ડાયરેકટર પોસ્ટ હતી અને તેમા કોઈની નીમણુક થયેલી કે કેમ તે તેઓને હાલ યાદ ન હોવાની, ગોડાઉનમાં આ કેસનો મુદ્દામાલ મુકયો ત્યારે ત્રણેય આરોપીઓ જુની. ઈન્ટેલીજન્સ શ્રી અતુલ યાદવ પાસે હોવાની, ગોડાઉન રજીસ્ટરમાં આરોપીઓના નામ લખાવાનું કોલમ હોવાની, ગોડાઉન રજીસ્ટરમાં કરેલ નોંધની નકલ જુની. ઈન્ટેલીજન્સ અતુલ યાદવને સોંપેલ કે કેમ ? તે તેઓને હાલ યાદ નહી હોવાની, ગોડાઉન રજીસ્ટરમાં જયારે તેઓએ મુદ્દામાલ જમા કરાયો ત્યારે ગોડાઉન રજીસ્ટરમાં જરૂરી વિગતો તેઓએ ભરેલી હોવાની, ઝોનલ ડાયરેકટર દ્વારા તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ આ કામની તપાસ શ્રી અતુલ યાદવ, જુની.ઈન્ટેલીજન્સ ઓફીસરને સુપરત કરેલી અને તેની જાણકારી તેઓને લેખીતમાં કરવામાં આવેલી હોવાની, તેઓને આ જાણકારી મળયા પછી તેઓએ તે જ દિવસે તપાસના અસલ કાગળો શ્રી અતુલ યાદવને આપેલા હોવાની, સદર કાયદાની કલમ–

૫૩ હેઠળ તપાસ જે અધિકારીને સુપરત કરવામાં આવે તેને આગળની તપાસ કરવાનો અધિકાર રહેતો હોવાની, તેઓને તા. ૦૮/૦૪/૨૦૨૨ થી તા. ૧૨/ ૦૪/૨૦૨૨ સુધી કલમ–૫૩ હેઠળ તપાસ કરવાનો કોઈ લેખીત અધિકાર ઉપરી અધિકારીએ આપેલ નહી હોવાની, એન.ડી.પી.એસ એકટમાં સીઝીંગ ઓફીસરે જ કલમ–૫૨(એ) અને ૫૨(એ–૨)ની કાર્યવાહી કરવી તેવી કોઈ જોગવાઈ નહી હોવાની, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનું કાર્યક્ષેત્ર અલગ હોવાની, કઠલાલમા તેઓએ બનાવના સમયે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કાર્યરત હતા કે કેમ ? તેની તેઓએ તપાસ કરેલ નહી હોવાની, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ જે તંત્રમાં ફરજ બજાવતા હોઈ છે તેને જયુડીશ્યરી કહેવામાં આવતી હોવાની, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટના બ્રાસસીલ આ કાર્યવાહીમાં ઉપયોગ કરેલ નહી હોવની, આંક–૩૬ અને આંક–૩૯ના કાગળો બતાવામાં આવે છે તે જોઈને જણાવે છે કે, તેમાં જયુડીશ્યરી બ્રાસસીલ શબ્દનો ઉપયોગ કરેલ છે તે ખોટો કરેલ હોવાની, તેઓને આક્ષેપિત વાહન તે દિવસે સાંજના ૪ થી ૬ દરમ્યાન આવવાની માહીતી મળેલી હોવાની, આ સમયમાં ફેરફાર થવાની જાણ તેઓને મળેલી આની નોંધ તેઓએ અલગ કાગળમાં નોંધેલી નહી હોવાની, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ ઓફીસમાંથી નીકળ્યા બાદ સમય ફેરફારની જાણકારી મળેલી હોવાની, આક્ષેપિત વાહન આવવાના સમયમાં ફેરફાર થવાની જાણ તે બાબતની નોંધ કોઈ જગ્યાએ કરેલ નથી કે આ બાબતની તેઓએ જાણકારી ઉપલી અધિકારીને આપેલ નહી હોવાની, તેઓએ પીઠાઈ મુકામે પંચોને શોધવા માટે જાતે પ્રયત્ન કરેલો હોવાની, એવુ બનેલ નથી કે તેઓ ટોલનાકાના ઇન્ચાર્જ પાસેથી પંચોના નામ મેળવેલા હોવાની, તેઓએ પંચોને ટોલપ્લાઝામાંથી જાતે બોલાવેલા હોવાની, પંચો તેઓ પાસે તે દિવસે આશરે બપોરના સાડા ત્રણ કલાકે આવેલા હોવાની, પંચો તેઓની પાસે આવેલા તેના આશરે પાંચ છ કલાક પછી આક્ષેપિત પોપીસ્ટ્રો નું વજન ૧૫૦.૩૫ કિ.ગ્રા હતુ તેની જાણકારી મળેલી હોવાની, તેઓને આંક–૨૩ બતાવામાં આવે છે તેમાં પાન નં–૧ ઉપર પંચોના નામ નીચે કોલમ નં–૨ની સામે જબતક માદક પદાર્થનુ નામ અને વજન લખી ૧૫૦.૩૫ કી.ગ્રા ડોડાપોસ્ટ હોવાનું જણાવેલ હોવાની, આંક–૨૩માં ટાઈપ મિસ્ટેક અંગેનો કોઈપણ

પ્રકારનો ખુલાસો ત.ક.અમલદાર સમક્ષ આજદીન સુધી કરેલ નહી હોવાની, તેઓએ જયારે આંક–૨૩વાળા પંચનામામાં સહીઓ કરી ત્યારે પંચ–૨નુ નામમાં ભુલ હોવાનુ તેઓને ખબર પડેલી નહી હોવાનુ, તેઓને આંક–૩૪વાળો કલમ–૫૭ હેઠળનો રીપોર્ટ બતાવતા તેમાં મોહમ્મદ સુફીયાન શેખને ઈન્ટરસેપ્ટ કરેલાનું જણાવેલુ હોવાની, તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ સવારના ૧૦.૩૦ના અરસામાં મોહમ્મદ સુફીયાન શેખ સહીત બીજા ત્રણ જણાને ઈન્ટરસેપ્ટ કરેલ હતા તેની જાણકારી તેઓના ઉપલા અધિકારીને આપેલી હોવાની, મોહમ્મદ સુફીયાન આક્ષેપિત વાહન ચલાવતો હોવાની અને તે વાહનના સ્ટીયરીગ ઉપર બેઠેલ હોવાની અને ચાવી સ્ટીયરીંગમાં લગાવેલી હોવાની, ચાવી સ્ટીયરીંગમાંથી નીકાળી કે કોઈ ત્રણ ઈસમો પાસેથી કબજે લીધેલ હોઈ કે ત્રણેય ઈસમો પૈકી કોઈ પાસેથી કબજે લીધેલ હોઈ તે બાબતની કોઈ વિગત પંચનામામાં જણાવેલ નહી હોવાની, આક્ષેપિત વાહનમાં બન્ને આરોપીઓ વાહનમાં કઈ જગ્યાએ બેઠેલા તે પંચનામામાં જણાવેલ નહી હોવાની, તેઓએ કલમ–૫૭ મુજબનો રીપોર્ટ કરેલો તેમાં પણ આરોપીઓ આક્ષેપિત વાહનમાં ચોકકસ કઈ જગ્યાએ બેઠેલા તે જણાવેલ નહી હોવાની, તેઓ ગોડાઉન ઈન્ચાર્જ તરીકે કેટલો સમય રહેલો તે તેઓને હાલ યાદ નહી હોવાની, તેઓ રેકર્ડ જોઈને કહી શકતા હોવાની, ગોડાઉન એકજ ચાવીથી ઓપરેટ થાય તેવી તેઓને ત્યાં સીસ્ટમ હોવાની, બ્રાસસીલ ગોડાઉન ઈન્ચાર્જની પાસે રહેતા હોવાની, તેઓ બનાવના દિવસે ગોડાઉન ઈન્ચાર્જ તરીકે હતા તેને લેખીત હુકમ તેઓના ઉપલી અધિકારીએ આપેલ હોવાની, તે તેઓની ઓફીસ ફાઈલમાં હોવાની, તેઓએ આ હુકમ ત.ક.અમલદારને આપેલ નહી હોવાની, તેઓ બનાવ વખતે ગોડાઉન ઈન્ચાર્જ તરીકે હતા તેનો લેખીત હુકમ રજુ કરવા ખુશી હોવાની, આક્ષેપિત વાહનમાંથી આક્ષેપિત મુદ્દામાલ નીચે ઉતારવાની કાર્યવાહીમાં સીપાઈની મદદ લીધેલી હોવાની, આક્ષેપિત વાહનમાંથી આક્ષેપિત મુદ્દામાલ ટોલબુથના રુમની બહાર આવેલ ખુલ્લી જગ્યામાં ઉતારેલો હોવાની, ડ્રગ ડીટેકશન કીટથી આક્ષેપિત મુદ્દામાલની તપાસ કરતા તેમાં નજરે જોતા શુ પરિવર્તન આવેલુ તેની કોઈ હકીકત તેઓએ પંચનામામાં જણાવેલ નહી હોવાની, આક્ષેપિત મુદ્દામાલનું વજન કોણે કરેલુ તે પંચનામામાં જણાવેલુ નહી હોવાની, શ્રી ભુપેશ પાસેથી

મેળવેલ સર્ટીફીકેટ જે આંક–૩૬વાળા દસ્તાવેજમાં રજુ છે તેમાં આ ફોટોગ્રાફસ કયા ઈલે.ગેઝેટથી લેવામાં આવેલા તેનો ઉલ્લેખ કરેલ નહી હોવાની, આંક–૩૭વાળા ફોટોગ્રાફસમાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટનું સર્ટીફીકેશન નહી હોવાની, આંક–૩૬વાળા કાગળોનું ટાઈપ કોણે કરેલુ તે તેઓને યાદ નહી હોવાની, તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ અમદાવાદ પહોચ્યા પછી બ્રાસસીલ કોની પાસે રહેલ તેની તેઓને યાદ નહી હોવાની, તા. ૧૧/૦૪/૨૦૨૨ના રોજ બ્રાસસીલનો ઉપયોગ કરેલો કે કેમ ? તે તેઓને યાદ નહી હોવાની, સેમ્પલ ઉપર ઝોનલ યુનીટના બ્રાસસીલ નં–૬ ઉપસાવવામાં આવેલ ન હતુ હોવાની, સેમ્પલ બનાવવા માટે ઝીપલોકવાળી પ્લાસ્ટીકની થેલીનો ઉપયોગ કરવામાં આવેલ હોવાની, આ ઝિપલોકવાળી પ્લાસ્ટીકની થેલી ઉપર હીટસીલ આપેલ નહી હોવાની, ઝીપલોકવાળી થેલીમાં મુદ્દામાલ મુકયા બાદ તેનું મોઢું ઝીપલોકથી બંધ કરયા બાદ ફરીથી ખોલી શકાય હોવાની, તેઓની ઇન્વેસ્ટીગેશન કીટમાં ઝીપલોકવાળી થેલી, કવર, લાખ ઉપલ્બધ હોવાની, સીલ એન.સી.બી.ની કચેરીની કસ્ટડીમાં રહેતુ હોવાની, તા. ૦૮/૦૪/ ૨૦૨૨ ના રોજ સીલ તેઓની પાસે હોવાની પરંતુ ત્યારબાદ કોની પાસે હતુ તે હાલ તેઓને યાદ નહી હોવાની, તેઓએ ટેસ્ટ મેમો કયા ગામે બતાવેલો તે તેઓને હાલ યાદ નહી હોવાની, આંક–૨૨વાળા સીઝરમેમો કેટલા વાગે તૈયાર કર્યો અને કેટલા વાગે આપ્યો તે સમય જણાવેલ નહી હોવાની, સેમ્પલનું વજન, પ્લાસ્ટીકની થેલી તથા મુદ્દામાલ સાથે ૨૫૦ ગ્રામ નેટ વજન થયેલુ હોવાની, કોઈ સેમ્પલ ૨૫૦ ગ્રામ કરતા વધુ વજનવાળુ કે ઓછા વજનવાળુ ન હતુ હોવાની ,તેઓ આ કામમાં મહત્વના સાક્ષી હોવાની, તેઓએ જે કાંઈ કામગીરી કરેલી તે બાબતનું નિવેદન તેઓએ ત.ક.અ ને આપેલ નહી કે ત.ક.એ. લીધેલ નહી હોવાની, તેઓએ આરોપીઓને કલમ–૫૦ની જોગવાઈઓ સમજાવેલ નહી હોવાની, પંચનામામાં આર.સી.બુક, પી.યુ.સી, વીમા પોલીસી અને રસીદો કોને પ્રાપ્ત થયેલા તે પણ જણાવેલ નહી હોવાની, આક્ષેપિત વાહન ટોલનાકુ ક્રોસ કરયા પહેલા રોકેલુ હોવાની, ટોલનાકા ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાવેલા હોવાની, તેઓ એ વાત કહી શકે નહી કે આક્ષેપિત વાહનમાં બેઠેલ માણસો

સી.સી.ટી.વી કેમેરાની રેંજમાં આવે તો તે માણસો ઓળખી શકાય કે કેમ ? વિગેરે હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૧.૧) આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ ઈન્ટેલીજન્સ ઓફીસર એન.સી.બી. અમદાવાદ ખાતે હાજર હતા ત્યારે તેઓને આંક –૩૨ વાળી ઈન્ફોરમેશન નોટમા જણાવેલ બાતમી મળેલ. તે બાતમી તેઓએ તેમના ઉપરી અધીકારી ઝોનલ ડાયરેકટરને રૂબરૂ આપેલ. જેથી ઝોનલ ડાયરેકટર તરફથી તેઓને એન.ડી.પી.એસ. એકટ હેઠળ કાર્યવાહી કરવા લેખીતમા જણાવેલ. તે મુજબ તેઓએ તેમની ફરજના ભાગરૂપે જે જે કાર્યવાહી કરી તેને સમર્થનકારી પુરાવો આપેલ છે. આ સાહેદે તેમની ઉલટતપાસમાં આદેશાત્મક જોગવાઈનો ભંગ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૨) આ સાહેદે ફરીયાદપક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવેલ નથી.

(૧૧.૩) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, એન.ડી.પી.એસ. એકટની કલમ– ૫૦નો સર્ચ પહેલા અમલ કરેલ નથી. આ કલમ આદેશાત્મક છે. તે અંગે જોઈએ તો એન.ડી.પી.એસ. એકટની કલમ– ૫૦ પર્સનલ સર્ચના કેસમા લાગુ પડે છે. આ કલમ વાહન, કન્ટેનર, બેગ કે પ્રિમાઈસીસની સર્ચમા લાગુ પડતી નથી. પ્રસ્તુત કેસમાં પોપીસ્ટ્રોના જથ્થાનો ગેરકાયદેસર કબ્જો બોલેરો ગાડીમાંથી મળેલ છે જેથી આ કેસમાં કલમ– ૫૦ લાગુ પડતી નથી.

(૧૧.૩.૧) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, એન.ડી.પી.એસ. એકટની કલમ– ૪૧(૧)(૨) આદેશાત્મક જોગવાઈનો ફરીયાદપક્ષે ભંગ કરેલ છે. જેથી ટ્રાયલ દુષિત ઠરે છે. તે અંગે જોઈએ તો સાહેદ નં. ૨ કે જેઓ રેઈડ કરનાર છે તેઓએ તેમના પુરાવામા તેઓને મળેલી બાતમી તેના ઉચ્ચ અધિકારીને જાણ કરેલ છે જે બાતમી આ કામે આંક –૩૨થી રજુ કરેલ છે. વધુમા એન.ડી.પી.એસ. એકટ એમેન્ડમેન્ટ ૨૦૦૧ કે જે ઓકટો. ૨૦૦૧થી અમલમા આવેલ છે. તેમા કલમ–૪૨(૨)મા થયેલા ઉમેરા મુજબ

જયારે સબ–સેકશન (૧)મા જણાવ્યા મુજબ કોઈપણ અધીકારીને પોતાની અંગત જાણ ઉપરથી અથવા કોઈ વ્યકિતએ આપેલી અને લખી લીધેલી માહીતી ઉપરથી એમ માનવાને કારણ હોય તે માહીતીની કોપી તરત જ ઉપલા અધીકારીને મોકલવાની જોગવાઈ જે તે વખતે હતી પરંતુ તેમાં સને ૨૦૦૧મા એમેન્ડમેન્ટ થયા બાદ આ મળેલી માહીતી લખી લીધા બાદ તેને આ જોગવાઈઓ નીચે ૭૨ કલાકમા ઉપરી અધીકારીને મોકલાવાની રહે છે. વળી કલમ– ૪૧(૨)મા જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ હરીને આ અર્થે અધિકૃત કર્યા પ્રમાણેના કેન્દ્રીય અધીકારી, નાર્કોટીકસ, કસ્ટમ, રેવન્યુ, ઈન્ટેલીજન્સ ખાતાના અથવા બીજા કોઈ ખાતાના પટાવાળા, સિપાઈ અથવા કોન્સ્ટેબલથી ઉપરના દરજજાના કોઈપણ અધીકારીને અથવા રાજય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમથી કોઈપણ અધીકારીને પોતાની અંગત જાણ ઉપરથી અથવા કોઈ વ્યકિતએ આપેલી અને લખી લીધેલી માહીતી ઉપરથી એમ માનવાને કારણ હોય કે, જેના સંબંધમાં પ્રકરણ –૪ હેઠળ ગુનો કરવામા આવેલ હોય, એવા કોઈ કેફી ઔષધ અથવા માદક પદાર્થ અથવા આવો ગુનો કરવાનો પુરાવો પુરો પાડે તેવા કોઈ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ કોઈપણ મકાન, જલપાન, અથવા વાડબંધ જગ્યામા રાખવામા અથવા છુપાવવામા આવેલ છે. તો તે અધીકારી સુર્યોદય અને સુર્યાસ્ત વચ્ચે કોઈપણ સમયે તેવા કોઈ મકાન, જલપાન અથવા સ્થળમા પ્રવેશી ઝડતી લઈ શકશે. કોઈ વ્યકિતની અટક, તપાસ જાતે કરી શકશે. ધરપકડ કરી શકશે તેવી સત્તા આપવામા આવે છે. કલમ– ૪૨(૨) કોઈ મકાન, જલપાનમાંથી માદક પદાર્થ મળવાની શકયતા હોય ત્યારે લાગુ પડે છે. જયારે સાર્વજનીક સ્થળોમા ઝડતી લેવાની હોય ત્યારે કલમ– ૪૩ લાગુ પડે છે.

પ્રસ્તુત કેસમાં આ કામના આરોપીઓ મદસોર મધ્યપ્રદેશથી અમદાવાદ મુકામેથી બોલેરો ગાડીમાં પોપીસ્ટ્રો લઈને આવે છે તેવી બાતમી મળતા અને બાતમીવાળા બોલેરો ગાડી આવતા તેની ઝડતી તપાસ દરમ્યાન પોપીસ્ટ્રોનો જથ્થો મળી આવે છે જે ધ્યાને લેતા આરોપી પાસેથી કલમ–૪૩ મુજબ જાહેર જગ્યામાંથી જથ્થો પકડાયેલ હોય કલમ– ૪૩ લાગુ પડે છે.

(૧૧.૩.૨) બચાવપક્ષે ભારપુર્વક એવી દલીલ કરેલ છે કે, એન.ડી.પી.એસ. એકટની કલમ–પર(એ)(ર) મુજબની કાર્યવાહી હકુમત ધરાવતા કઠલાલના જયુડીશ્યલ મેજી. સાહેબ સમક્ષ થયેલ નથી જેથી કલમ–પર(એ)(ર)નો ભંગ થયેલ છે. જેથી ટ્રાયલ દુષિત ગણાય જેનો લાભ આરોપીને આપવા વિનંતી કરેલ છે. આ અંગે જોઈએ તો આ બનાવ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ બનેલ છે. એટલે કે આંક–૪૦થી બચાવપક્ષે મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ તા. ૨૩/૧૨/૨૦૨૨નુ નોટીફીકેશન રજુ કરેલ છે. જેમાં નિયમ ર(ડી) ''મેજીસ્ટ્રેટ''મા ફકત જયુડીશ્યલ મેજીસ્ટ્રેટનો સમાવેશ કરેલ છે. પરંતુ આ નોટીફીકેશન તા. ૨૩/૧૨/૨૦૨૨ના રોજ અમલમાં આવેલ છે. જયારે પ્રસ્તુત કેસનો બનાવ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ બનેલ છે અને તે સમયના કાયદાનુસર કલમ–પર(એ)(ર) મા કોઈપણ મેજીસ્ટ્રેટનો સમાવેશ થતો હતો. વધુમા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ– ૬મા ફોજદારી ન્યાયાલયોના વર્ગોમા સેશન્સ ન્યાયાલયો, પહેલા વર્ગના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટો કે કોઈ મેટ્રોપોલીટન વિસ્તારમા મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટો, બીજા વર્ગના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટો અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટોનો નો સમાવેશ થાય છે. તેમની એન.ડી.પી.એસ. એકટની કલમ–૩૬મા ખાસ અદાલતો ધ્વારા કાનુની કાર્યવાહી કરવા અંગે જોગાવઈ કરેલ છે. જેમાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધ્વારા એન.ડી.પી.એસ. એકટના ગુનામા આરોપીને સાત દીવસ સુધીના સમય માટે પોલીસ કસ્ટડીમા સોંપવા અધિકૃત કરેલ છે. પ્રસ્તુત કેસનો બનાવ બન્યો ત્યારે કોઈપણ મેજીસ્ટ્રેટ સમક્ષ કલમ–પર(એ)(ર)ની કાર્યવાહી કરવાની રહેલી હતી. તે મુજબ હકુમત ધરાવતા કઠલાલના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ કલમ–પર(એ)(ર)ની કાર્યવાહી શંકારહીત થયેલ છે. આ કેસમા કલમ–પર(એ)(ર) નુ પાલન થયેલ છે. વધુમા બચાવપક્ષે આ મુદ્દા ઉપર નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટના જે ચુકાદાઓ રજુ કરેલ છે તેમાં સદર તા. ૨૩/૧૨/૨૦૨૨ના નોટીફીકેશન અગાઉના બનાવમા એકઝીકયુટીવ મેજી. ધ્વારા સર્ટીફીકેટ ઓફ ઈન્વેન્ટરીની કાર્યવાહી કરવામા આવી હોય તો ટ્રાયલ દુષિત ગણાય તેવુ કોઈ અવલોકન નામદાર સુપ્રીમ કોર્ટ

તથા વિવિધ નામદાર હાઈકોર્ટો ધ્વારા કરવામા આવેલ નથી. જેથી બચાવપક્ષની કલમ-પર(એ)(૨)નો ભંગ થયેલ હોવાથી દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

(૧૧.૩.૩) ફરીયાદપક્ષે કલમ-પર(એ)(૩) મુજબ મેજીસ્ટ્રેટનો હુકમ મેળવ્યા વીના ગેરકાયદેસર રીતે પોપીસ્ટ્રોના મુદ્દામાલનો નાશ કરેલ છે. તેમ કરી ફરીયાદપક્ષે કલમ-પર(એ)(૩)નો ભંગ કરેલ છે. આમ, કાયદાનુ પાલન ન કરનાર એજન્સીનો પુરાવો શંકાસ્પદ બને છે. તે અંગે જોઈએ તો સદર કામે ૪૬ બોરા લસણ મળેલ તેમાંથી ૩૬ બોરા કાપડના થેલા મળી આવેલ જેમાં મુદ્દામાલ પોપીસ્ટ્રો હતુ. જે પોપીસ્ટ્રોના ૩૬ થેલા એનસીબીના ગોડાઉનમા જમા કરાવેલ છે અને ફકત લસણનો એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના આંક-૩૬વાળા હુકમથી નાશ કરેલ છે. જેથી એજન્સીએ મુદ્દામાલ પોપીસ્ટ્રોનો ગેરકાયદેસર નષ્ટ કરેલ છે તેવી બચાવપક્ષની દલીલો ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

(૧૧.૩.૪) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આંક-૩૩ની ગોડાઉન રીસીપ્ટ જોતાં આક્ષેપીત પંચનામા ૪૬ થેલા કબ્જે થયેલ છે. જયારે ગોડાઉનમાં ૩૬ થેલા જમા થાય છે. બાકીના ૧૦ થેલા કયાં મુકવામા આવ્યા તે બાબતે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ ખુલાસો નામદાર કોર્ટ સમક્ષ કરેલ નથી. જેથી ૪૬ થેલા ગોડાઉનમા જમા ન કરી ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે. તે અંગે જોઈએ તો આ કામે રેઈડ કરનારને સાહેદ નં. ૨થી તપાસવામા આવેલ છે. તેઓનો પુરાવો વંચાણે લેતા બોલેરો વાહનમા કુલ ૪૬ પ્લાસ્ટીકના બોરા મળેલ જેની અંદરથી ૩૬ કાપડના થેલા મળી આવેલા. જેમાં પોપીસ્ટ્રો ભરેલ હતા. તે પોપીસ્ટ્રોવાળા થેલા એનસીબી અમદાવાદના ગોડાઉન ઉપર જમા કરાવેલ છે. લસણના ૪૬ બોરાનો એકઝીકયુટીવ મેજી.ના હુકમથી નાશ કરેલ છે. જેથી બચાવપક્ષની સદર દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે સાહેદ નં. ૦૩થી સબઈન્સપેકટર, એન.સી.બી. અમદાવાદ, અતુલ શ્રીઅભેસિંહ યાદવને આંક-૪૪થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે તેઓની જુબાનીમા મુખ્યત્વે પુરાવો આપેલ છે કે, તેઓ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ સબઈન્સપેકટર તરીકે નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો

અમદાવાદ ખાતે તેઓની ફરજ ઉપર હતા, તેઓની ઓફીસની હકુમત સમગ્ર ગુજરાત રાજયમાં છે. તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ પીઠાઈ ટોલપ્લાઝા ઉપર ડોડાપોશની જપ્તી કરવામાં આવેલી તે કાર્યવાહી રાજકુમારસીંહ ઈન્ટેલીજન્સ ઓફીસરનાઓએ કરેલી અને ત્યારબાદ તે કેસમાં આગળની તપાસ અર્થે તેઓને સોંપેલી. તેઓને આ ગુનાની તપાસ કરવા માટે ઝોનલ ડાયરેકટર એસ.કે.મિશ્રાનાઓએ કરેલ હુકમ છે. ત્યારબાદ તેઓએ સ્થળ ઉપરથી હાજર ત્રણેય વ્યકતીઓ નામે મહમંદ સુફીયાન, દિપક મોદી અને સદામસ જાકીરહુસેનને પોતાના સ્વેચ્છીક નિવેદનો આપવા માટે એન.ડી.પી.એસ.ની કલમ–૬૭ મુજબ નોટીસ આપેલી જે લેખીત સ્વરુપે આપેલી. ત્યારબાદ તેઓ બધા તેમની ઓફીસમાં પહોચેલા અને પ્રથમ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાત્રીના અને ત્યારબાદ બીજા દિવસે એટલે કે તા. ૦૯/૦૪/૨૦૨૨ ના રોજ એમ બે વખત દિપકભાઈ મોદી, ત્યારબાદ સદામસજાકીર ત્યારબાદ મોહમંદસુફીયાનનું સ્વેચ્છીક નિવેદનો તેમના લખાવ્યા મુજબ તેઓએ નોંધેલા, આ તબક્કે વિ.એ.પી.પીશ્રીએ તે નિવેદનો બાબતેનો પુરાવો અંગે  સાહેદને પુછતા, બચાવપક્ષે તેમના વિ.વ.શ્રી એમ.એચ.શેખે એવો વાંધો લીધેલ છે કે આરોપીના નિવેદનમાં આક્ષેપિત મુદ્દામાલ કબજા, ખરીદી બાબતની કોઈપણ હકીકતો રેડીંગ પાર્ટીના અથવા ત.ક.અમલદાર રુબરુના કબુલાત સ્વરુપના નિવેદન હોવાથી તેને નામ.સુપ્રિમકોર્ટના તોફાનસીંહ v/s તામીલનાડુના ચુકાદા પ્રમાણે પુરાવાની કાયદાની કલમ–૨૫નો બાધ નડતો હોઈ આવી હકીકતોને પુરાવામાં નોંધી શકાય નહી. આ બાબતે વિ.એ.પી.પી.શ્રીએ એમ.આર.પટેલે રજુઆત કરેલ છે કે મોહીત અગ્રવાલના તાજેતરના ચુકાદાથી ડીસ્કલોઝર પાર્ટ પુરાવામાં નોંધી શકાય છે જેથી તે બાબતનો પુરાવો રેકોર્ડ ઉપર લાવવો જરુરી છે. બન્ને પક્ષને સાંભળયા આરોપીએ જે ડીસ્કલોઝર સાહેદ રુબરુ કર્યુ હોઈ તે બાબત રેકોર્ડ ઉપર આવવી જરુરી હોઈ બચાવપક્ષનો વાંધો આ તબકકે ગ્રાહય રાખવાપાત્ર નથી. તેઓએ દિપક મોદીને એન.ડી. પી. એસ. એકટની કલમ–૬૭ અંગે સમજ કરેલી અને તેના અધિકારો અંગે પણ સમજ કરેલી. દિપક મોદીએ તેના સ્વેચ્છીક નિવેદન દરમ્યાન તેણે પોતાના તથા પરિવારની જાણકારી આપેલી. ત્યારબાદ તેણે કહેલુ કે આ ડોડાપોશ જે મંદસૌર મધ્યપ્રદેશથી અમદાવાદ લઈને આવતો હતો. મંદસૌર પાસેના એક ગામમાથી ગોપાલ નામના વ્યકતી પાસેથી તેણે આ ડોડાપોશ ખરીદેલા હતા. ત્યારબાદ તેણે આરામ કરવા માટે સમય માંગેલો અને મોડી રાત થયેલી હોઈ તેઓને આરામ કરવા સમય આપેલો અને ત્યારબાદ બીજા દિવસે તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ દિપક મોદીનું ફરીથી નિવેદન નોંધેલુ જેમાં

તેણે કહેલુ કે તે સદામસજાકરભાઈની સાથે તા.૦૭/૦૪/૨૦૨૨ના રોજ ડોડાપોશ લેવા માટે અમદાવાદ થી મંદસૌર જવા નીકળેલો તે સિવાય તેણે જણાવેલુ કે તેણે તા. ૦૬/૦૪/૨૦૨૨ના રોજ જાકીરભાઈ પાસેથી એક ગાડીની વ્યવસ્થા કરવા કહેલુ અને તેણે જણાવેલુ કે મંદસૌરથી અમો લસણના બોરાની અંદર ડોડાપોશ સંતાડીને લઈને આવીશું ત્યારબાદ વધુમા જણાવેલુ કે ડોડાપોશ રુ.૧૭૦૦/–ના કિલોના હીસાબે ખરીદેલા હતા જે તે ઉધારમાં લાવેલા હતા. દિપક મોદીએ જણાવેલુ કે ડોડાપોશનું ગેરકાયદેસર કામ લગભગ છેલ્લા છ મહીનાથી કરતો હતો તે પહેલા લસણના બોરામાં ડોડાપોશને છુપાવીને અશોક ટ્રાવેલ્સની બસમાં મંદસૌરથી અમદાવાદ મંગાવતો હતો. ડોડાપોશને આ રીતે લસણના બોરામાં એવી રીતે સંતાડવામાં આવતુ હતુ કે કોઈને બહારથી દેખાઈ નહી. આ વખતે લગભગ દોઢ મહીનાથી કોઈ કામ ન હોવાથી આ વખતે વધુ પ્રમાણમાં તે લોકો મંદસૌરથી અમદાવાદ ડોડાપોશ લઈને આવેલા અમદાવાદમાં આ ડોડાપોશ પુનમ ઉર્ફે પુનારામને આપવાના હતા અને અગાઉ પણ પુનમ ઉર્ફે પુનારામને ડોડાપોશ આપતો હતો. પુનારામને રુ.૨૫૦૦/– કિલોના ભાવે રોકડામાં ડોડાપોશ વેચતો હતો. ગોપાલને દિપક મોદી અમદાવાદથી પેમેન્ટ કરતો હતો જેમાંથી કેટલુક પેમેન્ટ એ.ટી.એમ ની અંદર કેશ ડીપોઝીટ કરીને બેંક મારફતે કરતો હતો. દિપક મોદીએ જણાવેલુ કે આના માટે ગોપાલ અને તેની વચ્ચે વોટસએપ ઉપર વાતચીત થયેલી તેની ચેટ તેની પાસે તેના મોબાઈલમાં હોવાનું જણાવેલુ. તેઓએ દિપક મોદીનું વિગતવારનું નિવેદન તેના લખાવ્યા મુજબ નોંધેલુ. ડોડાપોશની જપ્તી અને દિપક મોદીના સ્વેચ્છીક નિવેદનના આધાર ઉપર દીપક મોદીની ડોડાપોશની ગેરકાયદેસર કસ્ટડી રાખવા બદલ તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ તેને એન.ડી.પી.એસ.એકટના ગુના હેઠળ કલાક ૨૨.૧૦ વાગે અટકમાં લીધેલો અને તે અંગે જરુરી ઍરેસ્ટ મેમો બનાવેલો અને તેમાં દિપક મોદીની સહી લીધેલી અને તેની ધરપકડ અંગેની જાણ તેને તેના મોટાભાઈને કરવાનું કહેતા તેણે પોતેજ તેના મોટાભાઈને મોબાઈલ દ્વારા ધરપકડ અંગેની જાણ કરેલી અને તે અંગેની નોંધ કરી તે નીચે દિપક મોદીની સહી લીધેલી તેમજ તેઓ પોતે પણ સહી કરેલી તેમજ દિપક મોદી પાસેથી મળી આવેલ સામાન અંગે જરુરી લીસ્ટ પણ એરેસ્ટ મેમા સાથે બનાવેલ જેમા તેની પાસેથી કુલ ૧૧ ચીજવસ્તુઓ જમા લીધેલી અને તે નીચે દિપક મોદીની સહી લીધેલી મે પોતે પણ સહી કરેલી તેની પાસેથી મળી આવેલ પૈસા તેને પરત સોંપેલા તે અંગેની નોંધ પણ કરેલી અને દિપક મોદીની સહી લીધેલી. ત્યારબાદ સદામસજાકીર હુસેનનું તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાતના અને ત્યારબાદ તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ નિવેદન નોંધેલુ અને એન.ડી.પી.એસ.એકટની કલમ–૬૭ અંગે સમજ કરેલી અને

તેના અધિકારો અંગે પણ સમજ કરેલી. સદામસજાકીર હુસેનએ તેના સ્વેચ્છીક નિવેદન દરમ્યાન તેણે પોતાના તથા પરિવારની જાણકારી આપેલી. ત્યારબાદ સદામસજાકીર હુસેનએ જણાવેલુ કે દિપક મોદીને તે લગભગ ચાર પાંચ વર્ષથી ઓળખે છે અને તે તેની પાસેથી લસણ પણ વેચાતુ લેતો હતો લગભગ ચાર પાંચ મહીના પહેલા તેને એવી જાણકારી મળેલી કે દિપક મોદી લસણની સાથે સાથે ડોડાપોશ ગેરકાયદેસર લાવે છે પૈસાની જરુરીયાત હોવાથી તે પણ દિપક મોદી સાથે તેના ગેરકાયદેસર વેપારમાં સામેલ થયેલો. સદામસજાકીરના કહેવાથી રાત્રીના તેને આરામ કરવાનો સમય આપેલો અને તા.

૦૯/૦૪/૨૦૨૨ના રોજ ફરીથી તેનું સ્વેચ્છીક નિવેદન નોંધેલુ જેમા તેણે તેઓને જણાવેલુ કે દિપક મોદી મંદસૌરથી લસણની આડમાં ટ્રાવેલ્સમાં ડોડાપોશ મંગાવતો હતો અને સપ્તાહમાં બે થી ત્રણ વાર દિપક મોદીનો સામાન આવતો હતો. તા. ૦૬/૦૪/ ૨૦૨૨ ના રોજ દિપક મોદીએ જણાવેલુ કે મંદસૌરથી આ વખતે વધુ પ્રમાણમાં ડોડાપોશ લઈને આવવાના છીએ તે માટે એક ગાડીની વ્યવસ્થા કરવા સદામસને જણાવેલુ તેવુ

તેમને સદામસે જણાવેલુ. તેથી સદામસે તેના પરીચીત મોહમંદ સુફીયાનનો સંપર્ક કરેલો અને તેને જણાવેલુ કે મંદસૌરથી લસણ લઈને આવવાનું છે મોહમંદ સુફીયાનને ડોડાપોશ અંગેની કોઈ જાણકારી આપેલી નહી. ડોડાપોશ લાવવા માટે ગાડી રુ.૧૪૦૦૦/– ના ભાડાપેટે નકકી કરેલી. ત્યારબાદ મોહમંદ સદામસે તા.૦૭/૦૪/૨૦૨૨ના રોજ મોહમંદસુફીયાનને કહેલ કે આજરોજ બપોરે મંદસૌર લસણ લેવા જવાનું છે પરંતુ મોહમંદ સુફીયાનને કોઈક જરુરી કામ હોવાથી તે લોકો સાંજે મંદસૌર જવા નીકળેલા. સદામસજાકીર હુસેને જણાવેલુ કે દિપક મોદીના ધણાબધા સગાસંબંધીઓ મધ્યપ્રદેશના મંદસૌરની આજુબાજુ રહે છે તેથી તેને ડોડાપોશની પુરી જાણકારી હતી અને પૈસાની લાલચમાં તે પોતે આ કામમાં સામેલ થયેલાનું જણાવેલુ સદામસે વધુમાં એવુ પણ જણાવેલુ કે દિપક મોદીએ મંગાવેલ ડોડાપોશને પોતાની દુકાનમાં સંતાડીને રાખતો હતો

અને વેચતો હતો. તેઓએ સદામસ જાકીરહુસેનનું વિગતવારનું નિવેદન તેના લખાવ્યા મુજબ નોંધેલુ. ડોડાપોશની જપ્તી અને સદામસ જાકીરહુસેનના સ્વેચ્છીક નિવેદનના આધાર ઉપર સદામસ જાકીરહુસેનની ડોડાપોશની ગેરકાયદેસર કસ્ટડી રાખવા બદલ તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ તેને એન.ડી.પી.એસ.એકટના ગુના હેઠળ કલાક ૨૩.૨૦ વાગે અટકમાં લીધેલો અને તે અંગે જરુરી એરેસ્ટ મેમો બનાવેલો અને તેમાં સદામસ જાકીરહુસેનની સહી લીધેલી અને તેની ધરપકડ અંગેની જાણ તેને તેના દિકરાને કરવાનું કહેતા તેણે પોતેજ તેના દિકરાને મોબાઈલ દ્રારા ધરપકડ અંગેની જાણ કરેલી અને તે

અંગેની નોંધ કરી તે નીચે સદામસ જાકીરહુસેનની સહી લીધેલી તેમજ તેઓ પોતે પણ સહી કરેલી તેમજ સદામસ જાકીરહુસેન પાસેથી મળી આવેલ સામાન અંગે જરુરી લીસ્ટ પણ એરેસ્ટ મેમા સાથે બનાવેલ જેમા તેની પાસેથી કુલ ૦૬ ચીજવસ્તુઓ જમા લીધેલી અને તે નીચે સદામસ જાકીરહુસેનની સહી લીધેલી તેઓ પોતે પણ સહી કરેલી તેની પાસેથી મળી આવેલ પૈસા તેને પરત સોંપેલા તે અંગેની નોંધ પણ કરેલી અને સદામસ જાકીરહુસેનની સહી લીધેલી. ત્યારબાદ મોહમંદ સુફીયાનનું તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાતના અને ત્યારબાદ તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ નિવેદન નોંધેલુ અને એન.ડી.પી.એસ.એકટની કલમ–૬૭ અંગે સમજ કરેલી અને તેના અધિકારો અંગે પણ સમજ કરેલી. મોહમંદ સુફીયાનએ તેના સ્વેચ્છીક નિવેદન દરમ્યાન તેણે પોતાના તથા પરિવારની જાણકારી આપેલી. મોહમંદ સુફીયાને તેઓને જણાવેલુ કે જપ્તી કરેલ ડોડાપોશની તેને કોઈ જાણકારી નથી. તે દિપક મોદીને પહેલાથી જાણતો ન હતો તે ફકત સદામસ જાકીરહુસેનને જાણતો હતો અને સદામસ જાકીરહુસેને તેને જણાવેલુ કે મંદસૌરથી લસણ લઈને અમદાવાદ આવવાનું છે. જેના માટે ગાડીનુ ભાડુ રુ.૧૪૦૦૦/– જાકીરહુસેન પાસે નકકી કરેલુ. વધુમાં મોહમંદ સુફીયાને જણાવેલુ કે મંદસૌર પહોચ્યા બાદ લગભગ ૧૫ થી ૨૦ કી.મી. દુર એક ગામમાં દિપક મોદી તેને લઈને ગયેલો તે ગામનુ નામ તેને ખબર નથી રાત્રીનો સમય હોવાથી તેને આરામ કરવાનો સમય આપેલો અને ત્યારબાદ બીજા દિવસે તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ તેનુ નિવેદન નોંધેલુ. તેઓને મોહમંદ સુફીયાને જણાવેલ કે તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ જાકીરભાઈએ તેઓને કહેલુ કે મંદસૌરથી લસણ લઈને આવવાનું છે અને એક ગાડીની સગવડ કરવા જણાવેલુ અને તેઓએ હા પાડેલી અને રુ.૧૪૦૦૦/– ભાડુ નકકી કરેલુ પરંતુ જાકીરભાઈએ તે દિવસે કોઈ ફોન કરેલો નહી. તા.૦૭/૦૪/૨૦૨૨ના રોજ જાકીરભાઈએ મોહમંદ સુફીયાનને ફોન કરી જણાવેલુ કે બપોરે નીકળવાનું છે અને મોહમંદ સુફીયાન કામમાં હોવાથી તેને સાંજે નીકળવાનું જણાવેલુ મોહમંદ સુફીયાને તેઓને જણાવેલુ કે સાંજે આશરે ૬–૭ વાગે જાકીરભાઈ અને દિપક મોદી તેને હાથીખાઈ ચારરસ્તા અમદાવાદ ખાતે ભેગા થયેલા અને મંદસૌર જવા નીકળેલા ત્યારબાદ રાત્રે આશરે ૧૧ વાગે દાહોદ પહોચી જમી મંદસૌર જવા નીકળેલા તેણે આખી રાત ગાડી ચલાવેલી અને સવારે પાંચ સાડા પાંચની વચ્ચે મંદસૌર પહોચેલા ત્યારબાદ જાકીરભાઈએ અને દિપક મોદીએ જણાવેલુ કે હજુ ૧૦ થી ૧૫ કી.મી. અંદર જવાનું છે

દિપક મોદીએ જણાવેલુ કે તેઓને રસ્તો ખબર છે અને આગળનો રસ્તો બતાવેલો અને દિપક મોદી જયાથી લસણ લાવતો હતો તે જગ્યાએ ગાડી લઈ ગયેલા અને ત્યાં જઈ એવુ કહેલુ કે ''તુ આરામ કર હું અને જાકીરભાઈ ગાડીમાં લસણ ભરી આવીએ છીએ'' મને મોહમંદ સુફીયાને એવુ જણાવેલુ કે દિપક મોદી અને જાકીરહુસૈન બન્ને ગાડી લઈને નીકળેલા અને એક કલાક પછી ગાડીમાં લસણ ભરી પરત આવેલા અને તેને સુતો હોઈ જગાડેલો અને તરત અમદાવાદ તરફ આવવા નીકળેલા.અને આગળ પીઠાઈ ટોલનાકા ઉપર પહોચતા ખબર પડેલી કે દિપક મોદી અને સદામસજાકીર હુસેન લસણની આડમાં ડોડાપોશ લઈને આવેલા. તેઓએ મોહમંદ સુફીયાનનું વિગતવારનું નિવેદન તેના લખાવ્યા મુજબ નોંધેલુ. આ બન્નેને એરેસ્ટ કરયા બાદ તેમના અટક અંગેની જાણકારી એન.ડી.પી.એસ એકટની કલમ–પ૭ મુજબ ઝોનલ ડાયરેકટર એન.સી.બી અમદાવાદ યુનીટને તા.૧૦/૦૪/૨૦૨૨ના રોજ તેઓએ લેખીત સ્વરુપે કરેલી. ત્યારબાદ દિપક મોદી અને સદામસ જાકીરહુસેનના મેડીકલ રીપોર્ટ કરવા માટે સી.એમ.ઓ. સોલા સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે મોકલેલા જેમાં બન્નેના કોવીડ અંગેના તેમજ મેડીકલ રીપોર્ટ તેઓને હોસ્પીટલે સોપેલા. ત્યારબાદ બન્ને આરોપીઓને તા.૧૦/૦૪/૨૦૨૨ના રોજ નામદાર સીવીલ જજ કઠલાલ ખાતે જરુરી યાદી કરી રીમાન્ડ માટે પ્રોડયુસ કરેલા. ત્યારાબાદ બન્ને આરોપીઓના રીમાન્ડ તેઓને તા. ૧૩/૦૪/૨૦૨૨ સુધીના કલાક ૧૬.૦૦ સુધીના આપેલા અને વોરન્ટ આપેલુ. રીમાન્ડ દરમ્યાન આરોપીઓ દિપક મોદી તથા સદામસ જાકીરહુસેનના નિવેદનો તેમના લખાવ્યા મુજબ તા.૧૦/૦૪/૨૦૨૨, તા.૧૧/૦૪/૨૦૨૨ અને તા.૧૨/૦૪/૨૦૨૨ના રોજ નોંધેલા તેઓને દિપક મોદીએ નિવેદન દરમ્યાન એવુ જણાવેલુ કે, તેની અને ગોપાલ વચ્ચેની થયેલ વોટસએપચેટ રજુ કરેલ અને દરેક વોટસએપ ચેટ ઉપર આરોપી દિપક મોદીએ તેના હસ્તાક્ષર કરેલા તે સિવાય દિપક મોદીએ ગોપાલ અને પુનારામનો ફોટો પોતાના મોબાઈલ ફોનમાં હતો તે બતાવેલો તેની પ્રિન્ટ તેઓએ કાઢેલી અને તે ફોટા પ્રિન્ટ કાઢયા બાદ દિપક મોદીની સહી લીધેલી અને આ ફોટાઓ પુનારામ અને ગોપાલના છે તેવી નોંધ તેમની પાસે કરાવી દિપક મોદીની સહીઓ લીધેલી. રીમાન્ડ દરમ્યાન આરોપી સદામસ જાકીરહુસેનનાઓએ નિવેદન દરમ્યાન તેઓને અગાઉ તા.૦૮/૦૪/૨૦૨૨ અને તા.૦૯/૦૪/૨૦૨૨ના રોજ જે હકીકતો જણાવેલી તે હકીકતો પૈકીની હકીકતો ફરીથી તેઓની સમક્ષ જાહેર કરેલી. ત્યારબાદ બન્ને આરોપીઓને હોસ્પીટલમાં મેડીકલ કરાવ્યા બાદ નામ.કઠલાલ

કોર્ટમા રીમાન્ડ પુર્ણ થતા તા.૧૨/૦૪/૨૦૨૨ના રોજ રજુ કરેલા જે યાદી સાથે રજુ કરેલા, તેઓને નામ.કઠલાલ કોર્ટ તરફથી કેદમાં પાછા મોકલ્યા અંગેનુ વોરંટ આપેલુ અને તેઓએ બન્નેને નડીઆદ જીલ્લા જેલ ખાતે જરુરી કાર્યવાહી કરી મોકલી આપેલા અને જેલ પાસેથી કેદીને જેલમાં સોંપ્યા તે બદલની પહોચ મેળવેલી. ત્યારબાદ તેઓએ બન્ને આરોપીઓના ગુનાહીત ઈતિહાસ સંબંધી અને આરોપીઓના રહેઠાણ વિસ્તારના પો.સ્ટેના આ અંગેનુ ઈન્ટીમેશન લેખીત સ્વરુપે આપેલ જે સાથે તેઓને શાહીબાગ પો.સ્ટે. અમદાવાદ શહેર તરફથી લેખીતમાં આરોપી દિપક શાંતિલાલ મોદી વિરુધ્ધ સી.આર.પી.સી કલમ-૧૦૭ મુજબ અટકાયતી પગલા લીધેલ છે અને સદામસ વિરુધ્ધ તેમના પો.સ્ટે કોઈ ગુન્હો દાખલ થયો નથી તેવી માહીતી આપેલી જે તેઓની ઓફીસમાં તા. ૨૦/૦૫/૨૦૨૨ના રોજ મળેલી અને તેઓની ઓફીસનો તે ઉપર સીકકો છે. ત્યારબાદ તા. ૨૬/૦૪/૨૦૨૨ના રોજ ડોડાપોશ જે વાહનમાં લાવવામાં આવેલો તે વાહનના માલિક રફીકભાઈ વ્હોરા રહે.અમદાવાદને નોટીસ આપેલી અને તેમાં રીસીવ કરતા તરીકે રફીકભાઈ વ્હોરાની સહી લીધેલી તેમજ આ નોટીસ ઈસ્યુ કરનાર તરીકે તેઓની પોતાની સહી કરેલી, તેઓ તા. ૨૫/૦૫/૨૦૨૨ના રોજ રફીકભાઈ વ્હોરાનું સ્વેચ્છીક નિવેદન લીધેલુ અને તેને નિવેદન લેતા પહેલા એન.ડી.પી.એસ. એકટ-૬૭ મુજબની જાણકારી આપેલી અને તેના અધિકારો અંગે સમજ કરેલી રફીકભાઈ વ્હોરાએ તેઓને જણાવેલુ કે તેણે પ્રથમ તેની અને તેના પરિવારની જાણકારી આપેલી. ત્યારબાદ તેણે જણાવેલુ કે તેના વાહન નં-જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯ મહિન્દ્રા બોલેરોમાં જે ડોડાપોશની ગેરકાયદેસર પરીવહન કરવામાં આવતુ હોઈ તે અંગે તેને કોઈ જાણકારી નથી પરંતુ આ મહીન્દ્રા બોલેરો વાહન પોતાની માલીકીનુ હોવાનુ જણાવેલુ અને બજારમાં ભાડે આપતો હોવાનું જણાવેલુ. ત્યારબાદ અશોક ટ્રાવેલ્સના માલિક કમ મેનેજરનાઓને શોપ નં-૮ એસ.બી.હાઉસ નમસ્તે સર્કલ શાહબાગ અમદાવાદના સરનામે નોટીસ ઈસ્યુ કરેલી અને તે નોટીસમાં તેમની રીસીવ કોપી કરાવી સહી લીધેલી તે રીતે અશોક ટ્રાવેલ્સ ના માલિક કમ મેનેજરને ફરીથી તા.૧૧/૦૭/૨૦૨૨ ત્યારબાદ તા.૦૭/૦૯/૨૦૨૨ના રોજ નોટીસ ઈસ્યુ કરેલી. તેમને નોટીસો આપવા છતા તેઓ કોઈ નિવેદન માટે આવેલા નહી. તેઓએ તા.૨૭/૦૬/૨૦૨૨ના રોજ ગોપાલ ગુર્જર રહે.મંદસૌર મધ્યપ્રદેશને સ્પીડપોસ્ટ મારફતે નોટીસ ઈસ્યુ કરેલી જેમાં તા.૨૭/૦૬/૨૦૨૨ના રોજની નોટીસ સંદર્ભે ગોપાલ ગુર્જરનાઓએ તા.૧૦/૦૭/૨૦૨૨ના રોજ પોતાનું એડઝોડમેન્ટ રીપોર્ટ

તેના વકીલ મારફતે મોકલેલો અને સાથે એપોઈન્ટમેન્ટ ઓફ પાવર એટર્ની વકીલ શ્રી વીપીનકુમાર પાંડેનો લેખીતમાં આપેલો. આ ગોપાલભાઈ ગુર્જરને તા. ૧૮/૦૭/૨૦૨૨ અને તા. ૦૭/૦૯/૨૦૨૨ના રોજ પણ નોટીસ ઈસ્યુ કરેલી તા. ૦૭/૦૯/૨૦૨૨ના રોજ મોકલેલ નોટીસ પોસ્ટ દ્વારા મોકલેલી જે પરત આવેલી જે તેઓએ તપાસમાં સામેલ રાખેલ. નોટીસ સાથે એડઝોડમેન્ટ લેટર તેમજ એપોઈન્ટમેન્ટ પાવર ઓફ એટર્ની લેટર તપાસના કામે મળેલ તે બતાવામાં આવે છે તેમજ ગોપાલ ગુર્જરને અમારી ઓફીસમાં નોટીસ સીલબંધ કવર સાથે પરત આવેલી અને તે કવર ઉપર તેનો ડાયરી નં–૫૬૩૫ તા.૧૫/૦૯/૨૦૨૨ની નોંધ છે. ગોપાલ ગુર્જર નિવેદન માટે આવેલા નહી જેથી તેનું નિવેદન લીધેલુ નહી. તેઓએ તા.૧૧/૦૭/૨૦૨૨ અને તા.૦૭/૦૯/૨૦૨૨ના રોજ પુનારામ બિશ્નોઈ રહે. જોધપુર, રાજસ્થાનનાઓને લેખીતમાં નોટીસ પાઠવેલી પરંતુ તે નિવેદન માટે આવેલ નહી. ત્યારબાદ તા. ૧૨/૦૮/૨૦૨૨ના રોજ નોડલ ઓફીસર વોડાફોન કંપનીનાઓને મોબાઈલ નં–૭૮૦૨૦૧૪૬૯૭ તથા નં–૯૦૯૯૯૫૫૯૧૦ તથા નં–૮૪૬૩૦૧૬૯૫૨ તથા નં–૯૬૬૯૦૪૧૦૭૯ જે મોબાઈલો દિપક મોદી તથા ગોપાલ ગુર્જર અને પુનારામ બિશ્નોઈના હતા તે અંગે સી.ડી.આર તથા ૬૫–બી ના પ્રમાણપત્ર સાથે કોલડીટેલની માંગણી તેઓએ લેખીત સ્વરુપે કરેલી. ત્યારબાદ તેઓએ લેખીતમાં ઉપરોકત ચારેય મોબાઈલ નંબરોની તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા. ૦૮/૦૪/ ૨૦૨૨ સુધીની કોલડીટેલ એવીડન્સ એકટની કલમ–૬૫બી,(૪),(સી) મુજબ પ્રમાણપત્ર સાથે આપેલી. આરોપી દિપક મોદીના સી.ડી.આર ની તપાસમાં એવી હકીકત જણાઈ આવેલી કે દિપક મોદી કન્ટીન્યુ ગોપાલ ગુર્જર તથા પુનારામ બિશ્નોઈ તથા આરોપી સદામસજાકીર હુસેનની સાથે સતત સંપર્કમાં હતો અને કોલ ડીટેલ ઉપરથી તે જણાઈ આવેલુ. તેમના કોલડીટેલ્સ સી.ડી.આરમાં હાઈલાઈટ કરીને તેઓએ તપાસમાં સામેલ રાખેલ છે. જીઓ મોબાઈલ કંપનીના નોડલ ઓફીસરશ્રીને મોબાઈલ નં–૯૩૨૮ ૮૨૫૪૭૦ વાળા મોબાઈલ નંબરની તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા.૦૮/૦૪/૨૦૨૨ સુધીની કોલડીટેલ અને સી.ડી.આર તથા ૬૫–બી ના પ્રમાણપત્રની તા. ૧૨/૦૮/ ૨૦૨૨ ના રોજ માંગણી કરેલી. તેઓને જીઓ કંપની તરફથી મો. નં. ૯૩૨૮૮૨૫૪૭૦ ની તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા.૦૮/૦૪/૨૦૨૨સુધીની કોલડીટેલ તથા ૬૫–બી નું પ્રમાણપત્ર તેમજ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ આપેલુ. આ સી.ડી.આરનો અભ્યાસ કરતા આરોપી સદામસજાકીર હુસેન સતત આરોપી દિપક મોદીના મોબાઈલ નં. ૯૦૯૯૯૫૫

૯૧૦ તથા નં–૭૮૦૨૦૧૪૬૯૭ ના સતત સંપર્કમાં હતો તેવુ જણાઈ આવેલુ જે તેઓએ હાઈલાઈટ કરીને તપાસમાં સામેલ રાખેલ છે. તેઓએ તપાસના કામે તેમની ઝોનલ યુનીટ અમદાવાદથી ગોડાઉન કીપર પાસેથી ગોડાઉન રજીસ્ટરની નકલ તપાસના કામે સામેલ રાખેલી જે આ ગુનાસંબંધીત ગોડાઉનરસીદ હતી અને રાજકુમારસીંહનાઓએ મુદ્દામાલ જમા કરાવેલો તેની ડીટેલ છે તથા લેબમાંથી જે રીમેનેન્ટ સેમ્પલ પરત આવેલા તેની પણ જમા કરાવ્યા બાદ તેઓએ કરેલી સહી છે તેમજ મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો તેની પણ નોંધ છે જે એટેસ્ટેડ નકલ કરનાર બાબુલાલ યાદવનાઓની સહી તથા તેમનો સીકકો છે જે એટેસ્ટેડ નકલ રજુ છે તે તપાસના કામે મેળવેલ તે તેજ છે. તેઓને નામ. કોર્ટના રેકર્ડમાંથી આરોપીઓ દિપક મોદી તથા સદામસજાકીર હુસેન વિરુધ્ધ કેસ નં–એન.સી.બી/એ.ઝેડ.યુ/સી.આર–૦૮/૨૨થી નામ. કોર્ટમાં લેખીતમાં આપેલી ફરીયાદ બતાવામાં આવે છે જેમાં પ્રથમ પાના ઉપર આરોપીઓના નામ,સરનામા તથા ફોટોગ્રાફ છે તથા દરેક પાના ઉપર અમારી ઓફીસનો રાઉન્ડ સીલ તથા અમારી પોતાની સહીઓ છે તથા અંતિમ ભાગે પણ મારી પોતાની સહી, રાઉન્ડસીલ અને મારા હોદ્દાનો સીકકો છે. તેઓને મુદ્દામાલ તેઓની ઓફીસના ગોડાઉન ઈન્ચાર્જ પાસેથી મેળવેલો અને તેઓએ જરુરી કાર્યવાહી કરી કોર્ટમાં જમા કરાવેલો તેઓને મુદ્દામાલ બતાવામાં આવે છે તે તેજ છે જે ઓળખી બતાવે છે. તેઓને તપાસમાં રાજકુમારસીંહ તરફથી પંચનામા, સીઝરમેમો, તથા અન્ય દસ્તાવેજી પુરાવા તપાસમાં મળેલા જે તેઓએ તેમની આંક–૭૯ની ફરીયાદ સાથેના આંક–જવાળા લીસ્ટથી રજુ કરેલા. આરોપી દિપક મોદી તથા સદામસજાકીર હુસેનને તેઓ ઓળખે છે જેમને તેઓએ આ કામે અટક કરેલા તે તેજ છે જે ઓળખી બતાવે છે.

આરોપીપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલી. જેમાં તેઓએ અમદાવાદ ઝોનલ યુનિટમાં સૌથી ઉચ્ચ હોદ્દા ઉપર ઝોનલ ડાયરેકટર કાર્ય કરે છે જે આક્ષેપિત બનાવ સમયે શ્રી એસ.કે.મિશ્રા હોવાની અને ઝોનલ ડાયરેકટરના તાબા હેઠળ શ્રી બાબુલાલ યાદવ આસી.ડાયરેકટર તરીકે ફરજ ઉપર હોવાની, આ બન્ને ગેઝેટેડ ઓફીસર હોવાની, આક્ષેપિત બનાવ સમયે અમદાવાદ ઝોનલ યુનિટમાં ઈન્ટેલીજન્સ ઓફીસર તરીકે રાજુકમારસિંહ સિવાય અન્ય ૪ ઈન્ટેલીજન્સ ઓફીસર ફરજ બજાવતા હોવાની, આ ઈન્ટેલીજન્સ ઓફીસર ગેઝેટેડ ઓફીસરમાં ન આવતા હોવાની, તેઓ કરતા

રાજકમારસિંહ સીનીયર અધિકારી હોવાની, આક્ષેપિત બનાવમાં કોઈપણ ગેઝેટેડ અધિકારીને સામેલ કરવામાં આવેલ ન હોવાની, તેઓ આક્ષેપિત રેડીંગ પાર્ટીમાં સામેલ હોવાની, પંચનામુ લખાવ્યુ ત્યારે તેઓ તે સ્થળે હાજર હોવાની, પંચનામા દરમ્યાન આરોપીઓની રાજકુમારસીંહે પુછપરછ કરેલી નહી હોવાની, તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ આંક–૪૫નું તપાસનો હુકમ તેઓને રાત્રીના સમયે બાર વાગ્યા પહેલા કયારે મળેલો તેનો ચોકકસ સમય હાલ યાદ નહી હોવાની, તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાત્રીના ૨૪.૦૦ કલાક પહેલા આ કામના ત.ક.અમલદાર તરીકે તેઓની નિમણુક થઈ ગઈ હોવાની, તેઓને આંક–૪૫નો પત્ર મળ્યો ત્યારે આ કામના આરોપીઓ પણ તેઓને સોંપી દેવામાં આવ્યા હોવાની, તે સમયે આક્ષેપિત વાહનમાં ડ્રાઈવર પણ તેઓની સાથે હોવાની, આ ત્રણેય વ્યકતીઓને તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ તેઓની દેખરેખ હેઠળ રાખવામાં આવેલ હોવાની, તેઓને કુદરતી હાજતે જવુ હોઈ તો તેઓની અથવા એન.સી.બીના જે બે સિપાઈ તેમની પાસે મુકવામાં આવેલા તેમની પરવાનગીથી કુદરતી હાજતે જતા હોવાની, તેઓને તપાસ સોંપી ત્યારે રાજકુમારસીંહ પાસેથી તપાસના અસલ કાગળો જે સીઝર સંબંધીત કાગળો હતા તે સિવાયના જે આક્ષેપિત સ્થળે તૈયાર કરેલા હતા તે તમામ કાગળો તેઓને મળેલા હોવાની, તેઓને ઓરીજનલ પંચનામું મળેલુ હોવાની, તેઓને બન્ને આરોપીઓના અસલ સીઝરમેમો પણ મળેલા હોવાની, તેઓને પ્રિઈન્ફોર્મેશનનો રીપોર્ટ કે જે રાજકુમારસીંહે તૈયાર કરેલો તે મળેલો હોવાની, તેઓને રાજકુમારસીંહે જે કાગળો આપેલા તેમાં બાતમીનો રીપોર્ટ પણ તેઓએ આપેલ હતો ત્યારબાદ તેઓએ રાજકુમારસીંહને આ અસલ કાગળો પરત આપેલા કારણ કે તેઓને એન.ડી.પી.એસ એકટની કલમ–૫૨(એ)(૨)ની કાર્યવાહી કરવાની હોવાની, તેઓએ તા. ૧૦/૦૪/૨૦૨૨ના રોજ આરોપીઓને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી કઠલાલ સમક્ષ રીમાન્ડને હેતુ માટે રજુ કરેલા હોવાની, આક્ષેપિત બનાવનું સ્થળ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કઠલાલની હકુમતમાં આવતુ હોવાથી તેઓએ આરોપીઓને રીમાન્ડ માટે ત્યાં રજુ કરેલા હોવાની, આ કામે રાજકુમારસીંહે કરેલી સીઝીંગ, સેમ્પલીંગ અને ઈન્વેન્ટરી અને સર્ટીફીકેશનની કાર્યવાહી હકુમત ધરાવતા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કરવામાં

આવેલ નહી હોવાની, રાજકુમારસીંહે કરેલી સીઝીંગ, સેમ્પલીંગ અને ઈન્વેન્ટરી અને સર્ટીફીકેશનની કાર્યવાહી રેવન્યુ ખાતાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કરવામાં આવેલી હોવાની, તેઓ યુનીયન ઓફ ઈન્ડીયા વર્સીસ મોહનલાલના ચુકાદો કે જે ૨૦૧૬ની સાલમાં આવેલો તેનાથી વાકેફ હોવાની, આ ચુકાદાને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩/૧૨/૨૦૨૨ના રોજ જી.એસ.આર.૮૯૯/ઈ થી નોટીફીકેશન બહાર પાડેલ છે જેમાં એન.ડી.પી.એસ.એકટની કલમ પ૨(એ)(૨) ની કાર્યવાહીમાં મેજીસ્ટ્રેટ એટલે જયુડીશ્યલ મેજીસ્ટ્રેટનો ઉલ્લેખ કરેલો હોવાની, તેઓએ તા. ૧૦/૦૪/૨૦૨૨ના રોજ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કઠલાલ સમક્ષ કોઈ મુદ્દામાલ રજુ કરેલ નહી હોવાની, તેઓએ મેળવેલી તમામ મોબાઈલ નંબરોની કોલડીટેલમાં કયા વ્યકતીએ કયા વ્યકતી સાથે શું વાતચીત કરેલી છે તે જાણી શકાય નહી હોવાની, આરોપી દિપક મોદી અને સદામસજાકીરહુસેન વચ્ચે શું વાતચીત થયેલ તે સી.ડી.આર ઉપરથી જાણી શકાયેલ નહી હોવાની, આરોપી દિપક મોદી તથા ગોપાલ ગુર્જર અને પુનારામ વચ્ચે શુ બાબતની વાતચીત થઈ હતી તે સી.ડી.આર ઉપરથી જાણી શકાતુ નહી હોવાની, આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલમાંથી વાતચીત અંગેનું રેકોર્ડીંગ મળી આવેલ નહી હોવાની, પોપીસ્ટ્રોમાંથી મોર્ફીન અને મેકોનીકએસીંડની માત્રા જાણી શકાય હોવાની, આંક–૭૮વાળા સી.આર.સી.એલ વડોદરાવાળા રીપોર્ટમાં પોપીસ્ટ્રોમાંથી મોર્ફીન અને મેકોનીકએસીંડની માત્રા જાણી શકાય નહી હોવાની, એન.ડી.પી.એસ.માં પોપીસ્ટ્રો એ શબ્દ જાણીતો શબ્દ હોવાની, તેઓની તપાસમાં ઈન્વેન્ટરની કાગળો પણ ફરીયાદ દાખલ કરતા પહેલા તેઓને મળેલા અને સામેલ રાખેલા હોવાની, તેઓએ આ કાગળોનો અભ્યાસ કરેલો હોવાની, ઈન્વેન્ટરીના સમયે એક સેમ્પલનું વજન ૨૫૦ ગ્રામ એમ મળી કુલ ૧૨ સેમ્પલો તૈયાર કરવામાં આવેલ હોવાની, આંક–૭૮ના સી.આર.સી. એલ. વડોદરા વાળા રીપોર્ટમાં સી.આર.સી.એલ.ને મળેલ તમામ મુદ્દામાલ સેમ્પલ એસ. એફ–૧નું ૨૩૨ ગ્રામ વજન, એસ.ઈ.–૧નું ૨૬૭ ગ્રામ, એસ.ડી–૧નું વજન ૨૩૮ ગ્રામ, એસ.સી–૧ ૨૪૯ ગ્રામ એસ.ડી–૧ ૨૫૮ ગ્રામ, એસ.એ–૧ નું વજન ૨૫૬ ગ્રામ વજન ધરાવતા  હતા તેવી નોંધ હોવાની, આંક–૭૮ના રીપોર્ટ મુજબ ૨૫૦ગ્રામ વાળા સેમ્પલો સી.આર.સી.એલ વડોદરાને પ્રાપ્ત થયેલ હોઈ તેવુ સી.આર.સી.એલ વડોદરાના

રીપોર્ટમાં લખેલ નહી હોવાની, તેઓની ફરીયાદ દાખલ કરવા આંક–૭૮ના રીપોર્ટનો પણ સહારો લીધેલ હોવાની, આ રીપોર્ટ તેઓએ ફરીયાદ દાખલ કરી ત્યારે વાંચેલ હોવાની, આંક–૭૮વાળા રીપોર્ટમાં સેમ્પલ ઉપર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કઠલાલ નામનું સીલ હોઈ તેવું જણાવેલ નહી હોવાની, આંક–૩૯ના ટેસ્ટ મેમોના રીપોર્ટમાં કોલમ નં–૭(એ) ડીસ્ક્રીપશન ઓફ સીલની સામે મામલતદાર કઠલાલ લખેલ હોવાની, સી.આર.સી.એલ વડોદરાને મામલતદાર કઠલાલ લખેલ સીલ વાળા આર્ટીકલ કુલ–૬ પૃથ્થકરણ માટે મળેલ હોવાની, આ તમામ સેમ્પલોમાં જયુડીશ્યરીના બ્રાસ સીલ લાગેલા ન હતા હોવાની, તેઓ ફરીયાદ દાખલ કરવા માટે કપડવંજ કોર્ટમાં આવ્યા હોવાની, તેઓ કોર્ટના જજ સાહેબ સમક્ષ હાજર થયેલ અને ફરીયાદ રજુ કરેલી હોવાની, તેઓએ ફરીયાદ દાખલ કરી તે સમયે જજસાહેબે ફરીયાદનું કોગ્નીઝન્સ લઈ કોઈ ઓર્ડર કરેલો કે કેમ ? તેની તેઓને ખબર નહી હોવાની, તેઓએ જાહેર સેવક તરીકે ખાનગી ફરીયાદ દાખલ કરેલી હોવાની, આરોપીઓના તેઓએ નિવેદન નોંધ્યા તે અગાઉ તેઓ પીઠાઈ ટોલનાકાથી એન.સી.બી.ની રેડીંગ પાર્ટી પાસે હોવાની, તેઓએ આરોપીઓને ગુનામાં સામેલ છે કે કેમ ? તે બાબતે પુછપરછ કરેલી આરોપીઓએ કબુલાત તથા ડીસ્કલોઝર સ્વરુપે જે હકીકત જણાવી તે નિવેદનોમાં નોંધેલી હોવાની, આરોપીઓના ડીસ્કલોઝર પ્રમાણે ખુલેલ નામવાળા વ્યકતી ગોપાલ ગુર્જર અને પુનારામ ફરીયાદ દાખલ કરી ત્યાં સુધી અને આજદિન સુધી એન.સી.બી. સમક્ષ હાજર થયેલા નહી હોવાની, તેઓએ ઉપરોકત બન્ને વ્યકતીઓ માટે નામ. કોર્ટમાંથી કોઈ વોરન્ટ મેળવેલ નથી તેમજ ભાગેડુ જાહેર કરવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહી હોવાની, તેઓએ આરોપીઓના ડીસ્કલોઝરમાં જણાવેલ આક્ષેપિત મુદ્દામાલ જયાંથા લાવ્યા તે મંદસોર પાસેના ગામની તપાસ દરમ્યાન મુલાકાત પણ લીધેલ નહી હોવાની, ગોપાલ ગુર્જર અને પુનારામ જે ગામના હતા તે તેઓની તપાસ દરમ્યાન તે ગામની મુલાકાત પણ તેઓએ લીધેલ નહી હોવાની, તેઓની તપાસ દરમ્યાન આક્ષેપિત વાહન અમદાવાદ મંદસોર નજીક આક્ષેપિતવાળા ગામે ગયુ હોઈ અને ત્યાંથી કઠલાલ પીઠાઈ ટોલનાકાથી પસાર થયુ હોઈ તે અંગેના કોઈ સી.સી.ટી.વી કુટેઝ તપાસ અર્થે મેળવેલા નહી હોવાની, પીઠાઈ ટોલનાકાથી પંચનામા બાદ મુદ્દામાલ વાહન અમદાવાદ સુધી લઈ ગયા તે અંગેનો

સી.સી.ટી.વી.ફુટેઝ તેઓએ મેળવેલો નહી હોવાની, પીઠાઈ ટોલનાકા તથા કઠલાલ પાસે તથા તમામ જાહેર સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા લગાવેલા છે અને આવા સી.સી.ટી.વી ફુટેઝ તપાસના કામે મેળવેલ નહી હોવાની, આંક–૩૨વાળી ઈન્ફોર્મેશન નોટ સીવાય શ્રી રાજકુમારસીંહ કલાક૧૩.૧૦ પહેલા બાતમીદારે જે શબ્દોમાં બાતમી આપી તે કોઈ કાગળોમાં લખી લીધી હોઈ તેવો કોઈ દસ્તાવેજી આધાર તપાસમાં મળી આવેલ નહી હોવાની, આક્ષેપિત વાહનોનું ભાડું બન્ને આરોપીઓએ વાહનના ડ્રાઈવર કે માલિકને ચુકવી આપ્યુ હોઈ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો તપાસમાં મળી આવેલ નહી હોવાની, બન્ને આરોપીઓ દ્વારા આક્ષેપિત વાહનના ડ્રાઈવરને ભાડા પૈકી કોઈ રકમ ચુકવી હોઈ કે વાહનમાં ઈંધણ પણ ભરાઈ આપ્યુ હોઈ તેવી કોઈ હકીકત બન્ને આરોપીઓની પુછપરછ દરમ્યાન ખુલેલ નહી હોવાની, આક્ષેપિત વાહન મોહમંદસુફીયાનના કબજામાં હોવાની, તેઓ આરોપીઓના નિવેદન નોંધતા હતા ત્યારે પંચનામું તથા અન્ય કાગળો તેઓની પાસે હોવાની, નિવેદનો નોંધવાનું શરુ કર્યુ તે પહેલા પંચનામાની હકીકતો વાંચી લીધી હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૨.૧) આ સાહેદ તપાસ કરનાર અમલદાર છે તેઓએ ફરજના ભાગરૂપે જે જે કાર્યવાહી કરેલી તેને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા પુરાવો આપેલ છે. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ મહત્વની હકીકત નીકળી આવેલ નથી.

(૧૨.૨) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આ ગુનાના કામે રેઈડ કરનાર કર્મચારી રાજકુમારસિંહ તપાસ કરનાર અમલદાર કરતા સીનીયર અધીકારી હતા. જેથી ત.ક.અ.ની તપાસમા શંકા ઉપસ્થિત થાય છે. તે રીતે જોઈએ તો ત.ક.અમલદારે જે તપાસ કરેલ છે તેના કારણે આરોપીને કોઈ પુર્વગ્રહ થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી માત્ર રેઈડ કરનાર કાર્યવાહી જુની. અધીકારીએ તપાસ કરેલ હોવા માત્રથી તપાસ શંકાસ્પદ બની જતી નથી.

(૧૨.૨.૧) બચાવપક્ષે તપાસ કરનાર અમલદારની તપાસમા રહેલ ખામીઓ તથા તપાસ કરનાર અમલદારે કેવી રીતે તપાસ કરવી જોઈએ તે બાબતે દલીલો કરેલ છે. પરંતુ

ઉપરોકત ચર્ચા કર્યા પ્રસ્તુત કેસમા ફરીયાદપક્ષ આરોપીઓના સભાન કબ્જામાંથી ગેરકાયદેસર પોપીસ્ટ્રોનો જથ્થો મળી આવેલ હોવાનુ નિ:શંકપણે સાબીત કરેલ છે. તે સંજોગોમા માત્ર તપાસમા સામાન્ય ખામી હોવાના કારણે ફરીયાદપક્ષનો કેસ ફેટલ બનતો નથી. વળી રેકર્ડ ઉપર એવી કોઈ હકીકત આવેલ નથી કે, આરોપીઓ સાથે તપાસ કરનાર અમલદારને કોઈ પુર્વગ્રહ હતો. આ તમામ સંજોગો જોતા બચાવપક્ષની સદર દલીલો ગ્રાહય રાખવા પાત્ર નથી.

(૧૩) હાલના કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૦૪થી ઝોનલ ડાયરેકટર એન.સી.બી. અમદાવાદ શૈલેન્દ્રકુમાર વિજયકુમાર મિશ્રાને આંક–૮૦થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તેઓ તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ ઝોનલ ડાયરેકટર તરીકે નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો અમદાવાદ ખાતે તેઓની ફરજ ઉપર હતા તેઓની ઓફીસની હકુમત સમગ્ર ગુજરાત રાજયમાં છે. હાલ તેઓ કર્ણાટક રાજયમાં ફરજ બજાવે છે. તેઓને તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાજકુમારસીંહ ઈન્ટેલીજન્સ ઓફીસર તરફથી ઈન્ફોર્મેશન નોટ પોપ્રીસ્ટ્રો બાબતની નોંધ મળેલી. જેમાં નીચે તેઓએ રાજકુમારસીંહને એન.ડી.પી.એસ.એકટ અન્વયે કાર્યવાહી કરવા લેખીતમાં રીમાર્કસ આપી જાણ કરેલી. આંક–૩૨ના નીચેના ભાગે તેઓના હસ્તાક્ષર છે અને સહી છે તથા રાજકુમારસીંહનાઓની સહીઓ છે જે ઓળખી બતાવે છે. ત્યારબાદ રાજકુમારસીંહે ઘટના સ્થળ ઉપર જઈ જરુરી પંચનામા કાર્યવાહી કરેલી અને તેઓએ કલમ–૫૭નો રીપોર્ટ રાજકુમારસીંહે કરેલો. તેઓને આંક–૩૪થી રજુ રીપોર્ટ બતાવામાં આવે છે તે તેઓને રાજકુમારસીંહ ધ્રારા આપવામાં આવેલો રીપોર્ટ છે જેમાં ઝોનલ ડાયરેકટર તરીકે તેઓની પોતાની સહી છે જે ઓળખી બતાવે છે જે તેઓને તા. ૦૯/૦૪/૨૦૨૨ના રોજ મળેલ ત્યારબાદ તેઓએ અતુલકુમાર યાદવને આ કામે તપાસ કરનાર અધિકારી તરીકે લેખીતમાં નીમણુક આપેલી. અતુલ યાદવે તેમની તપાસ દરમ્યાન ત્રણ લોકોને પકડેલા અને ત્રણેય લોકોના તેમણે કલમ–૬૭ મુજબ નિવેદનો નોંધેલા અને જરુરી કાર્યવાહી કરેલી જે પૈકી દિપક મોદી અને સદામસ જાકીરહુસેનને આ ગુનાના કામે આરોપી તરીકે રાખેલા જયારે ત્રીજા ઈસમને આરોપી તરીકે રાખેલા નહી અને આ બન્ને ઈસમોને અટક કરેલા ત્યારબાદ તેઓને અતુલ યાદવએ કલમ–૫૭ મુજબનો

લેખીત રીપોર્ટ આપેલો. ત્યારબાદ જરુરી કાર્યવાહી અતુલ યાદવે કરેલી. અતુલ યાદવે તપાસ પુર્ણ કરયા બાદ નામ.કોર્ટમાં લેખીત ફરીયાદ આપેલી.

આરોપીપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલી. જેમાં તેઓએ અમદાવાદ ઝોનલ યુનીટમાં તેઓ જયારે ફરજ બજાવતા હતા ત્યારે છએક જેટલા ઈન્ટેલીજન્સ ઓફીસર ફરજ બજાવતા હોવાની, આક્ષેપિત બાતમી મેળવનાર તરીકે રાજકુમારસીંહ હોવાની અને તેમને તેઓએ રેડ કરવા માટેની કાર્યવાહી કરવા અધિકાર આપેલ હોવાની, અતુલ યાદવ રાજકુમાર સીંહથી જુનીયર હોવાની, આંક–૩૨ વાંચતા તેઓના ધ્યાનમાં આવેલ કે આક્ષેપિત બાતમી રાજકુમારસીંહને તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ કલાક ૧૩.૦૦ વાગે મળેલી હોવાની, આંક–૩૨માં ઈન્વટેડ કોમામાં જણાવેલ હકીકતવાળી બાતમી શ્રી રાજકુમારસીંહને કલાક ૧૩.૦૦ વાગે મળેલ હોવાની, આંક–૩૨માં જણાવેલ બાતમીની હકીકત રાજકુમારસીંહે કોઈ અલગ કાગળમાં લખેલ હોઈ તેવું તેમના ધ્યાનમાં આવેલ નહી હોવાની, આંક–૩૨વાળો પત્ર તેઓને રીપોર્ટ તરીકે રાજકુમારસીંહે આપેલો હોવાની, આંક–૩૨માં શ્રી રાજકુમારસીંહે પીઠાઈ ટોલનાકાની આસપાસ સર્વેલન્સ ગોઠવવામાં આવે તો આ મુદ્દામાલ મળી શકે તેવું પણ જણાવેલ હોવાની, આંક–૩૪ વાળા રીપોર્ટમાં તેઓએ સહી અને એન્ડોર્સમેન્ટ કરેલ છે પરંતુ સમય લખેલ નહી હોવાની, ત.ક.એ સીજરના ૭૨ કલાકમાં કલમ–૫૭નો રીપોર્ટ ઉપલા અધિકારીને આપવો જરુરી હોવાની, આંક–૩૪ના રીપોર્ટમાં આક્ષેપિત જડતી વખતે પંચોની સેવા લીધેલ હોઈ તેવું જણાવેલ નહી હોવાની, તા.૦૮/૦૪/૨૦૨૨ના રોજ રાત્રીના ૨૨.૦૦વાગ્યાના અરસામાં સર્ચ અને સીજરની કાર્યવાહી પુર્ણ થયેલી ત્યારે શ્રી અતુલ યાદવ પીઠાઈ ટોલનાકા વિસ્તારમાં હોવાની, આંક–૪૫વાળો હુકમ તેઓએ અતુલ યાદવને રુબરુમાં હેન્ડઓવર કરેલ નહી હોવાની, આંક–૪૫વાળા આદેશમાં તેઓની પાસે સહી લેવા કોણ આવેલુ તે તેઓને હાલ યાદ નહી હોવાની, અમદાવાદ ઝોનલ યુનીટમાં ઈન્ટેલીજન્સ ઓફીસરના ઉપલા અધિકારી તરીકે શ્રી બાબુલાલ યાદવ આસી. ડાયરેકટર તરીકે ફરજ બજાવતા હોવાની, તેઓના નોર્મસ મુજબ આસી.ડાયરેકટર ગોડાઉનના ઇન્ચાર્જ ગણાતા હોવાની, ઈન્ટેલીજન્સ ઓફીસર દ્વારા તેમના તત્કાલીન

ઉપલી અધીકારી આસી. ડાયરેકટરને આ કામની કોઈ બાતમીની જાણ કરવામાં આવેલ હોઈ તેવુ બનેલ નહી હોવાની, આસી.ડાયરેકટર તે સમયે હાજર ન હતા તે બાબતનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નહી હોવની, અતુલ યાદવને કપડવંજ કોર્ટમાં ફરીયાદ કરવાનો અધિકાર આપેલો હોવાની, તેઓએ ફરીયાદ દાખલ કરવા અંગેનો કોઈ લેખીત હુકમ અતુલ યાદવને આપેલો નહી હોવાની, એન.ડી.પી.એસ.ના કાયદામાં એમપાવર ઓફીસર અને ઓથોરાઈઝ ઓફીસર કોને કહેવાય તેનાથી તેઓ વાકેફ હોવાની, સી. આર. રજીસ્ટરમાં ગુનાની નોંધ કયારે થાય છે તેની તેઓ નોંધ કરતા નહી હોવાથી તેઓને ખબર નહી હોવાની, તેઓને કલમ–૫૭નો રીપોર્ટ મળ્યો તે સમયે સી.આર.નંબર જાહેર થઈ ગયેલો હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૩.૧) આ સાહેદે પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે જેમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ ફળદાયી હકીકત નીકળી આવતી નથી.

(૧૪) હાલના કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૦૫થી કેમીકલ એકઝામીનર વિનોદકુમાર બલવીરસિંહ જયંતને આંક–૮૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તેઓ સેન્ટ્રલ એકસાઈઝ અને કસ્ટમ લેબોરેટરી સેન્ટ્રલ દ્ધારા ઈન્ડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ સેન્ટ્રલ રેવન્યુ કન્ટ્રોલ લેબોરેટરી ખાતે કેમીકલ એકઝામીનર ગ્રેડ–૨ તરીકે તેઓની ફરજ ઉપર હતા, તેઓ સાથે ભરતવીરસીંહ આસી.કેમીકલ એકઝામીનર હતા. તેઓને તા. ૧૨/૦૪/૨૦૨૨નારોજ કુલ–૬ સેમ્પલ એન.સી.બી.અમદાવાદ તરફથી મળેલા જે પત્ર તથા ટેસ્ટમેમો સાથે મળેલા તેઓને આંક–૩૯ થી રજુ ફોરવડીંગ પત્ર તથા ટેસ્ટમેમો બતાવામાં આવે છે જે તેઓને મળેલા તે જ છે. પત્ર તથા ટેસ્ટમેમોમાં રાજકુમારસીંહ ઈન્ટેલીજન્સ ઓફીસર એન. સી.બી.ની સહી અને સીકકો હતો તથા ટેસ્ટમેમોમાં એકઝીકયુટીવ મેજી.નો સીકકો તથા સહી તથા રાઉન્ડ સીલ હતો. તેઓને આ પત્ર તથા ટેસ્ટમેમો સાથે કુલ–૬ સેમ્પલ પેકેટ ઈન્ટેક કન્ડીશન્માં મળેલા જે માર્ક એસ.એફ–૧, એસ.ઈ.–૧, એસ.ડી–૧, એસ.સી–૧, એસ.ડી–૧ અને એસ.એ–૧ એમ કુલ ૬ સેમ્પલ પેકેટ મળેલા. સેમ્પલ તેઓની ઓફીસે મળતા ઓફીસના કવરસીંહ આસી.કેમીકલ એકઝામીનરે રીસીવ કોપી

પણ આપેલ. તેઓને આંક–૩૯ થી રજુ રીસીવ કોપી બતાવામાં આવે છે તેમાં કવરસીંહ આસી.કેમીકલ એકઝામીનરની સહી છે જે ઓળખી બતાવે છે તથા તેમાં તેઓની કચેરીને એન. સી.બી તરફથી મળેલા સેમ્પલો વિગેરેની વિગતો છે તથા કેસ નંબર વિગેરે હકીકતો જણાવેલી છે. સેમ્પલ પેકેટો ઉપર લગાવેલ સીલ તેઓએ સ્પેશીમેલ ઈમ્પ્રેશન સાથે ચેક કરેલા ચેક કરતા ટેસ્ટમેમો અને સેમ્પલ પેકેટ સાથે મેચ થયેલા આ સેમ્પલો ખોલતા ૬–સેમ્પલમાં Light brownish dried, Crushed and Broken vegetative material હતુ. ત્યારબાદ તેનો કેમીકલ ટેસ્ટ કરેલો અને ઈન્સ્ટુમેન્ટ એકઝામીનેશન કરેલ તો On the basic of Chemical & Chromatography examination it is concluded that each of the six samples under reference answers positive test for Poppy-straw. આમ ૬–સેમ્પલોની તપાસ કરતા પોપીસ્ટ્રો હોવાનું જણાઈ આવેલુ જે આધારે  ટેસ્ટ રીપોર્ટ તૈયાર કરેલો જેમાં તેઓએ સુપરવાઈઝ કરેલ કેમીકલ એકઝામીનર ગ્રેડ–૨ તરીકે તારીખ સાથે સહી કરેલી તેમજ તેઓની સાથે એનાલીસીસ કરનાર આસી. કેમીકલ એકઝામીનર ભરતવીરસીંહએ તારીખ સાથે સહી કરેલ તેઓની લેબોરેટરીનું સ્પેશીમેન સીલ મારેલુ અને રીપોર્ટ સાથે રીપોર્ટની પાછળ એન.સી.બી. અમદાવાદ તરફથી તેઓને મુદ્દામાલ સેમ્પલ સાથે જે ટેસ્ટ મેમો મોકલી આપેલ તે તે જ છે. તેઓએ સેમ્પલ ટેસ્ટ રીપોર્ટ કરયા બાદ વધેલો મુદ્દામાલ એન.સી.બી. અમદાવાદ ખાતે મોકલી આપેલો.

આરોપીપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલી. જેમાં તેઓએ તેઓને ફોરવડીંગ લેટર મળેલો જે તેઓએ વાંચેલો હોવાની, તે ફોરવડીંગ પત્ર પ્રમાણે આક્ષેપિત ડ્રગની ચોખ્ખી માત્રાની માંગણી પણ કરવામા આવેલ હોવાની, આંક –૭૮ વાળા રીપોર્ટમા આક્ષેપીત ડ્રગની ચોખ્ખી માત્રા જણાવેલ નહી હોવાની, તેઓ જ્યુડીશ્રીને સમજતા હોવાની, મુદ્દામાલ ઉપર જ્યુ. મેજી.નો બ્રાસ સીલ લગાવેલ ન હતો હોવાની, ટેસ્ટ મેમા પ્રમાણે એન.સી.બી. દ્વારા મોકલેલ ૬ સેમ્પલો પૈકી પ્રત્યેક સેમ્પલ ૨૫૦ ગ્રામ વજન નેટ હોવાની, આંક–૭૮વાળા તેઓના અહેવાલમાં ૨૫૦ ગ્રામ કરતા હોવા અને વધુ માત્રાના સેમ્પલો મળ્યા હોવાની, તેઓની લેબોરેટરીમાં વજન ચોકકસ રીતે કરવામા આવતુ હોવાની, ટેસ્ટમેમોમા જણાવેલ સેમ્પલના વજન અને પૃથ્થકરણ

કરાયેલ સેમ્પલના વજનમાં તફાવત જણાયેલ હોવાની, તેઓએ એમ.એસ.સી. કેમેસ્ટ્રી સાથે અભ્યાસ કરેલ હોવાની, એમ.એસ.સી. બોટનીકલ સાથે પણ અભ્યાસ કરી શકાય હોવાની, ઓપીયમ પોપીમાં મેકોનીક એસીડ અને મોર્ફીનની માત્રા મળી શકતી હોવાની, આંક–૭૮ના રીપોર્ટમા મોર્ફીન અને મેકોનીક એસીડ હોવાની બાબતનો કોઈ ઉલ્લેખ કરાયો નહી હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

(૧૪.૧) આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદને એકઝીકયુટીવ મેજી. સમક્ષ કબ્જે લીધેલ મુદ્દામાલના સેમ્પલો તૈયાર કરવામા આવેલા તે સેમ્પલો તેઓને પૃથ્થકરણ માટે મળેલ હોવાનુ અને તે સેમ્પલોનુ પૃથ્થકરણ કરતા તે પોપીસ્ટ્રો હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે.

(૧૪.૨) બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, કબ્જે કરેલ મુદ્દામાલ પોપીસ્ટ્રોમા મેકોનીક એસીડ અને મોર્ફીનની માત્રા શોધી શકાયેલ નથી. જેથી આક્ષેપીત મુદ્દામાલ પોપીસ્ટ્રો હોવાનુ સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેનો લાભ આરોપીને આપવા વિનંતી કરેલ છે. તે અંગે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે સી.આર.સી.એલ. ના કેમીકલ એકઝામીનર વિનોદકુમાર બલવીરસિંહ જયંતને સાહેદ નં. ૫થી તપાસવામા આવેલ છે તેઓએ તેમના મળેલ ૬ સેમ્પલોનુ પૃથ્થકરણ કરતા તે પોપીસ્ટ્રો હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને આંક–૭૮ થી ટેસ્ટમેમો રજુ કરેલ છે. માત્ર આંક–૭૮ના રીપોર્ટમા મોર્ફીન અને મેકોનીક એસીડ હોવાની બાબતનો ઉલ્લેખ ન હોવાના એક માત્ર કારણસર મુદ્દામાલ પોપીસ્ટ્રો નથી તેમ ન કહી શકાય. કેમીકલ એકઝામીનર એ એક્ષપર્ટ કહી શકાય જેથી તેમનો પુરાવો ન માનવાને કોઈ કારણ નથી. જેથી બચાવપક્ષની દલીલ ટકવાપાત્ર નથી.

(૧૪.૨.૧) વધુમા બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, એકસીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ તૈયાર હોય મુદ્દામાલ સેમ્પલનુ વજન અને સી.આર.સી.એલ.મા પૃથ્થકરણ થયેલ સેમ્પલના વજનમાં ઘણો મોટો ''વધારો અને ઓછો'' તફાવત રેકર્ડ પર આવેલ હોવાથી સેમ્પલ સાથે ચેડા થયેલાની વ્યાજબી શંકા જણાય આવેલ છે. જેનો લાભ આરોપીને મળે તે અંગે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે રેઈડ કરનાર રાજકુમારને સાહેદ નં. ૨થી તપાસવામા

આવેલ છે. તેઓએ એકસીકયુટીવ મેજી. સમક્ષ મુદ્દામાલ સેમ્પલીંગની કાર્યવાહી કરેલ છે તે મુજબ મુદ્દામાલ સેમ્પલના પૃથ્થકરણ કરવા માટે વડોદરા ખાતે આવેલ સેન્ટ્રલ એકસાઈઝ અને કસ્ટમ લેબોરેટરીને મોકલી આપવામા આવેલ છે. તે જ સેમ્પલ લેબ. ને મળેલ હોવાનુ ફરીયાદપક્ષના સાહેદ નં. પનાએ તેમની જુબાનીમાં જણાવેલ છે. સેમ્પલ સાથે ચેડા થયા હોય તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉર આવેલ નથી. માત્ર સેમ્પલીંગમાંથી વજનમાં સામાન્ય તફાવત આવેલ હોવાથી એવું કહી શકાય નહી કે સદર સેમ્પલીંગ સાથે ચેડા થયેલ છે અને જે સેમ્પલ એકઝીકયુટીવ મેજી. સમક્ષ તૈયાર કરવામા આવેલ છે તે સેમ્પલ સદર લેબોરેટરીને મળેલ નથી. વધુમાં સેમ્પલના વજનમાં વધઘટ થવા માટે કબ્જે લીધેલ જથ્થાને વાતાવરણની અસર થયેલ હોય અથવા સી.આર.સી.એલ.ના વજનકાંટામા સામાન્ય ફેરફાર હોય તો પણ વજનમા સામાન્ય વધઘટ થઈ શકે છે જેથી તેવું કહી શકાય નહી કે સેમ્પલ સાથે ચેડા થયેલ છે.

(૧૫) પ્રસ્તુત કેસમા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનુ સંયુકત મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ આરોપીઓના સભાન કબ્જામાંથી પ્રતિબંધીત માદક પદાર્થ પોપીસ્ટ્રો મળી આવેલ હોવાનુ પુરવાર કરવામા સફળ નિવડેલ છે તે સંજોગોમા પુરાવાના કાયદાની કલમ–૧૦૬ લાગુ પડે. આરોપીઓએ પોતે તે આ પોપીસ્ટ્રો તેમના કબ્જામાં કઈ રીતે આવ્યો તે બતાવવુ પડે અને આ રીતે આ કલમ મુજબ આ ખાસ હકીકત તેની જાણમા હતી જેથી તે સાબીત કરવાનો બોજો તેના ઉપર છે. જે આરોપીઓ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.

(૧૬) પ્રસ્તુત કેસમાં બોલેરો ગાડીમાંથી આરોપીઓના સભાન કબ્જામાંથી પ્રતિબંધીત માદક પદાર્થ પોપીસ્ટ્રો પ્રાપ્ત થયેલ હોવાનુ પુરવાર થયેલ છે. જેથી એન.ડી.પી.એસ. એકટની કલમ–૩૫ અને ૫૪ સાથે વાંચતા પ્રતિબંધિત મુદ્દામાલ રાખવાની આરોપીઓની ગુનાહીત માનસીક સ્થિતિનુ અનુમાન નકકી કરી શકાય છે. આવો પ્રતિબંધીત માલ રાખવાની જવાબદારી પણ આરોપીઓની છે.

(૧૭) એન.ડી.પી.એસ. એકટના કાયદામા સ્મોલ કવોન્ટીટી, કોમર્શીયલ કવોન્ટીટી કોને ગણાય તે બાબતે નોટીફીકેશન એસઓ.૧૦૫૫(ઈ) તા. ૧૯/૧૦/૨૦૦૧થી બહાર પાડવામા આવેલ છે તેમાં ટેબલના સીરીયલ નં. ૧૧૦મા એક કીલોગ્રામ પોપીસ્ટ્રોને સ્મોલ કવોન્ટીટી ગણાય. પ્રસ્તુત કેસમાં જે જથ્થો છે તે જોવામા આવે તો ૧૫૦ કિલો ગ્રામથી વધુ છે જેથી તેનો સમાવેશ કોમર્શીયલ કવોન્ટીટીમા થાય. જે ઘ્યાને લેવા આરોપીઓ પાસેથી મળી આવેલ પોપીસ્ટ્રો કોમર્શીયલ માત્રાથી ઘણો વધુ છે.

(૧૮) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓએ તા. ૦૮/૦૪/૨૦૨૨ ના રોજ કલાક ૧૬:૩૫ વાગ્યે મોજે પીઠાઈ ટોલ પ્લાઝા, નેશનલ હાઈવે નં. ૪૭, કઠલાલ, જિ. ખેડા ખાતે મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડી નં. જી.જે.૧૩.એ.ટી.૦૦૨૯મા ૩૬ બોરામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રતિબંધિત (માદક પદાર્થ) પોસ ડોડા ૧૫૦.૩૫ કિલોગ્રામનો વગર પાસ પરમીટે રાખી લઈ આવતા પકડાઈ જઈ એન.ડી.પી.એસ. એકટની કલમ–૧૫(સી) સાથે વાંચતા કલમ–૮(સી) અને કલમ–૨૯ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ નિવડેલ છે તેવું આ કોર્ટનુ માનવું છે. જેથી મુદ્દા નં. ૧નો જવાબ હકારમાં ઠરાવવામા આવે છે અને આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે એન.ડી.પી.એસ. એકટની કલમ ૧૫(સી) સાથે વાંચતા ૮(સી) તથા કલમ ૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાર ઠરાવવામાં આવે છે અને સજા અંગે આરોપીઓને સાંભળવા માટે આ ચુકાદો મુલત્વી રાખવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૧મી, માહે ડીસેમ્બર, સને ૨૦૨૪ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૧/૧૨/૨૦૨૪
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (એન.ડી.પી.એસ.)
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

**–: : સજા અંગે સાંભળ્યા : :–**

૧) આરોપીઓના વિ.વ.શ્રીઓ હાજર છે, આરોપીઓ હાજર છે. આરોપીઓને સજા અંગે સાંભળ્યા. તેઓએ એવી રજુઆત કરેલ છે કે તેઓ પરણીત છે, તેઓ ઘરમાં કમાવનાર એક વ્યકિત છે. આરોપીઓ ગરીબ વર્ગના વ્યકિત છે તો દયા રાખવા વિનંતી કરેલ છે. વધુમા તેઓએ આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતીહાસ ન હોવાનુ જણાવેલ છે.

૨) ફરીયાદપક્ષ તરફે વિ. સ્પે. પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયેલ છે આરોપીઓ પાસેથી જે મુદ્દામાલ પકડાયેલ છે તે વાણીજયક જથ્થો છે. વધુમાં તેઓએ નામદાર સુપ્રીમ કોર્ટે યુનીયન ઓફ ઈન્ડીયા વિ. રામ સમુઝ અને બીજા (૧૯૯૯(૯), એસસીસી પાન નં. ૪૨૯) આપેલ ચુકાદો રજુ કરી તેમાં જણાવેલ અવલોકનો ધ્યાને લઈ તથા આવા ગુનાઓનુ પ્રમાણ સમાજમા દીનપ્રતિદીન વધતુ જાય છે જેથી આરોપીઓને પુરેપુરી સજા કરવા વિનંતી કરેલ છે.

૩) બંને પક્ષોને સાંભળ્યા, આરોપીઓની રજુઆત, તેમની ઉમર તથા કેસના સંજોગો ધ્યાને લીધા. આરોપોઓનો કોઈ ગુનાહીત ઈતીહાસ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ તાજેતરના અખબારી અહેવાલ જોતાં ગુજરાતમા છેલ્લા દસ વર્ષમા ડ્રગ્સના દુષણે ૭૦૦થી વધુ વ્યકિતઓએ જીવન ટુંકાવ્યું છે જયારે ૩૦૦થી વધુ વ્યકિતઓના ડ્રગ્સના ઓવરડોઝથી મરણ પામેલ છે. ગૃહ વિભાગ અને અનેક તપાસ એજન્સીઓએ છેલ્લા ૪ વર્ષમા ૧૭૮૬ કેસોમા ૮૭૬૦૫ કિલો ગ્રામ માદક પદાર્થો કબ્જે કરેલ છે. છેલ્લા ૦૫ વર્ષમા ગુજરાત રાજયમાં ૭૦ હજાર કરોડનુ ડ્રગ્સ પકડાયેલ છે. આમ, ગુજરાત રાજય દિનપ્રતિદીન માદક પદાર્થોનુ હબ બનતુ જાય છે. જેથી આવા ગુનાઓને હળવાશથી લઈ શકાય નહી. આ તમામ સંજોગો ધ્યાને લેતા મુદ્દા નં. ૦૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–: : આખરી હુકમ : :–**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આ કામના આરોપી (૧) દીપક શાંતિલાલ મોદી, રહે. ૪૭૫–બી–૧, બ્રહમચારીનુ ડહેલું, અસારવા, મુ. પો. તા. જિ. અમદાવાદ, ગુજરાત તથા આરોપી નં. (૨) શદામાસ ઝાકીરહુસેન ઈસ્માઈલભાઈ,

રહે. ૨૨, હાજીસત્તારસની ચાલી, અસારવા, મુ. પો. તા. જિ. અમદાવાદને એન. ડી. પી. એસ. એકટની કલમ ૧૫(સી) સાથે વાંચતા ૮(સી) તથા કલમ ૨૯ મુજબના શિક્ષપાત્ર ગુન્હામા તકસીરવાર ઠરાવી બંને આરોપીઓને સદર ગુનાના કામે ૧૪ (ચૌદ) વર્ષની સખત કેદની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપીચા એક લાખ)નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આરોપીઓએ કાચા કામના કેદી તરીકે જેલમા વિતાવેલ સમય ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) અન્વચે આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપીઓને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

**(૪)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વચે આ ચુકાદાની એક નકલ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, ખેડાને મોકલી આપવી.

**(૫)** આ કામે કબજે લેવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

**(૬)** હુકમ મુજબ આરોપીઓનુ સજા વોરંટ ભરવા હુકમ કરવામા આવે છે.

– હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ ૨૧મી, માહે ડીસેમ્બર, સને ૨૦૨૪ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૧/૧૨/૨૦૨૪
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (એન.ડી.પી.એસ.)
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ